50th દીક્ષા જયંતિ

JAIN KRANTI
જૈન ક્રાંતિ
Vol. 9 I Issue 6 I Mumbai I MAY - 2018 I Price Rs. 25/- I Pages : 76

ગાદીના ગામ ગોંડલ નવાગઢ સ્થાનકવાસી જૈન સંઘ-ગોંડલના આંગણે

ગોંડલ સંપ્રદાયના તપસમ્રાટ ગુરુદેવ પૂજ્ય શ્રી રતિલાલજી મહારાજ સાહેબ

એવમ્ પૂજ્યવરા મુક્ત-લીલમ ગુરુણીના સુશિષ્યા વિરલપ્રજ્ઞા ગુરુણીમૈયા

પૂજ્ય શ્રી વીરમતીબાઇ મહાસતીજીનો 50th દીક્ષા સુવર્ણ જયંતિ અવસર

પ્રવ્રજ્યા પાવનોત્સવ

॥ સક્કારેમિ ॥ ॥ સમ્માણેમિ ॥

- જીવનું સંસાર પરિભ્રમણ -

समावण्णाण संसारे, णाणा-गोत्तासु जाइसु।
कम्मा णाणा-विहा कट्टु, पुढो विस्संभिया पया।।

- શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર, અધ્યયન-3

સંસારમાં પરિભ્રમણ કરતાં
દરેક સંસારી જીવે અનેક પ્રકારના કર્મો કરી,
જુદી જુદી જાતિઓમાં ઉત્પન્ન થઇ, સમસ્ત વિશ્વનો સ્પર્શ કર્યો છે,
અર્થાત્ સમગ્ર વિશ્વમાં સર્વત્ર જન્મ-મરણ કર્યા છે.

संसार में परिभ्रमण करनेवाले
प्रत्येक संसारी जीव ने अनेक प्रकार के कर्म बंद करके,
भिन्न-भिन्न जातिओं में जन्म लेकर, समस्त विश्व का स्पर्श किया है,
अर्थात् समग्र विश्व में जन्म-मरण किया है।

All souls living
a worldly life have karmic bondage, hence they take
rebirth in this world in different forms of living species.
In other words they have revolved in the cycle of
birth and death in this entire world.

- ગુરુભક્ત શ્રી દોશી પરિવાર (ચેન્નાઇ)

સંસાર વ્યર્થ છે.

જેમ ચારણી ક્યારેય પાણીથી ભરાતી નથી,

તેમ આ મનરૂપી ચારણી પણ ક્યારેય ઈચ્છાઓથી ભરાતી નથી.

આજે આપણી પાસે સાયકલ છે તો સ્કુટરની ઈચ્છા છે.

સ્કુટર આવ્યું તો સ્કુટરનો આંનદ ઓછો અને કારની ઈચ્છા વધારે છે.

કાર આવી તો મર્સીડીઝની ઈચ્છા જાગ્રૃત થઈ ગઈ

અને મર્સીડીઝ આવી તો ચાર્ટડ પ્લેનની ઈચ્છા તીવ્ર બની.

એક ઈચ્છા પૂરી થઈ ગઈ એ સાથે જ બીજી ઈચ્છા જન્મી ગઈ.

નવી ઈચ્છા પૂરી કરવાની ધૂનમાં ઈચ્છા પૂર્તિનો આંનદ પણ માણી નથી શકતાં અને

આ બધું મેળવ્યા પછી પણ આમાનું એક પણ સાથે આવવાનું નથી, બધું અશાશ્વત છે.

અર્થાત ઈચ્છા પૂર્તિ માટે કરેલો દરેક પુરૂષાર્થ વ્યર્થ!!

સંયમ અર્થ છે.

સંયમનો જન્મ ત્યારે જ થાય છે, જયારે ઈચ્છાઓનું મૃત્યુ થાય છે.

જયારે ઈચ્છાઓનું મૃત્યુ થાય છે, ત્યારે સમર્પણ ભાવનું પ્રાગ્ટય થાય છે.

સમર્પણ એ ભાવ છે, જેમાં પ્રભુ કે ગુરુની આજ્ઞા પ્રમાણેનું જીવન હોય છે.

સમ્યગ્ સંયમથી પ્રાપ્ત જ્ઞાન શાશ્વત હોય છે અને ભવોભવ સાથે આવે છે.

જ્યારે શું 'અર્થ' છે એ રીયલાઈઝ થાય છે

ત્યારે 'વ્યર્થ' આપોઆપ છૂટી જાય છે,

અને 'પરમ અર્થ'ની પ્રાપ્તિ થાય છે.

સૌજન્ય : ગુરુભક્ત શ્રી મહેતા પરિવાર

JAIN KRANTI
જૈન ક્રાંતિ
5th May 2018 YEAR: 18, ISSUE - 211

PAGES : 72 + 4 • RETAIL PRICE : ₹ 25

'જૈન ક્રાંતિ'માં આપનું જ્ઞાનદાન એટલે
દેશ-વિદેશના હજારો ભાવિકો સુધી
પ્રભુનું જ્ઞાન પહોંચાડવાનું ઉત્તમ અનુદાન !

'જૈન-ક્રાંતિ જ્ઞાન દાન' / ₹ 11,000=00 એક વર્ષના

CHQ / DD should be in favour of ARHAM YUVA GROUP

જેઓ સહકાર આપી ધન્ય બન્યા તે શુભદાતાના નામ

- શ્રી ગુણવંતરાય ઝોંસા (સાયન)
- વી.સી.કે. ફોરેક્સ (કોલકત્તા)
- શ્રી સ્વપનીલ શાહ (ઘાટકોપર)
- શ્રી પ્રદીપભાઇ પી. દોશી (પાર્લા)
- શ્રી કલ્પનાબેન ગીરીશભાઇ દેસાઇ (પાર્લા)
- ઇગલ મેન્યુફેક્ચરીંગ (મુંબઇ)
- શ્રી હીનાબેન સંજયભાઇ શાહ (વડોદરા)
- શ્રી લક્ષ્મીકાંતભાઇ જે. શાહ (કાંદિવલી)
- શ્રી માલતીબેન હર્ષદભાઇ દોશી (કાંદિવલી)
- મહાવીર ટેક્સટાઇલ (કોલકત્તા)
- શ્રી હેત-ત્વીશા સંજયભાઇ સંઘવી (ઘાટકોપર)
- શ્રી કુંદનબેન જયંતિભાઇ સંઘવી (સુરત)
- મેટલ પરફોરેશન (પ્રા.) લિમીટેડ (વડોદરા)
- શ્રી ન્યાલચંદ મોહનલાલ લાઠિયા (મૂર્તિજાપુરવાળા)
- યુનાઇટેડ મેડીસેલ્સ (પ્રા.) લિમીટેડ (વડોદરા)
- શ્રી ધર્મેશભાઇ મનસુખભાઇ કામદાર (મુલુંડ)
- શ્રી પ્રીતિબેન પ્રવિણચંદ્ર બાવીસી (કાંદિવલી)
- શ્રી સોહમ મહિલા મંડળ (પાવનધામ-કાંદિવલી)
- શ્રી શોભનાબેન હેમેન્દ્રભાઇ દોશી (ઇન્દોર)
- શ્રી દેવીબેન હસુભાઇ શાહ (સાંતાક્રુઝ)
- અનશન આરાધક શ્રી રાજેશભાઇ મોદી (ઘાટકોપર)
- શ્રી શારદાબેન ડી. દેસાઇ (આણંદ)
- શ્રી મુકેશભાઇ મેપશી છેડા
- શ્રી ભારતીબેન ભરતભાઇ પંચમીયા (ઇન્દોર)
- ધર્મવત્સલા શ્રી લલીતાબેન પોપટલાલ હેમાણી (શાહ) (**U.S.A**)
- શ્રી કાજલબેન જયંતિલાલ દલાલ (દાદર)
- ચિ. શની ગોસર અને ચિ. આકૃતિ ફુરિયા

આપશ્રીને 'જૈન ક્રાંતિ'ને અનુદાન આપવું હોય તો
સંપર્ક : +91-9324808181

: FORMER EDITOR : SHREE RASIKBHAI PAREKH

: PUBLISHER : SHREE DEEPAKBHAI BHAYANI

: EDITOR :
SHREE PRATIMABEN BADANI

: CONTACT :
PARASDHAM
VALLABH BAUG LANE, TILAK ROAD
GHATKOPAR (E) MUMBAI - 400077
PH: +91-22-25015152

: EMAIL :
publication@parasdham.org
website: www.parasdham.org

: JOIN US ON :
www.facebook.com/ParasdhamIndia
www.youtube.com/ParasdhamTV

Printed, Published, Edited and Owned by
DEEPAK K. BHAYANI

Printed at
Arihant Printing Press
Ghatkopar (E), Mumbai - 400 077
and
Published at
202, Satellite Building,
Opp. Mistry Complex, J. B. Nagar,
Andheri (East), Mumbai - 400 099

: SUBSCRIPTION :

LIFE TIME (WITHIN INDIA)	:	₹ 2500
FOR 2 YRS. (WITHIN INDIA)	:	₹ 500
LIFETIME (INTERNATIONAL)	:	₹ 20000
FOR 1 YR. (INTERNATIONAL)	:	₹ 2500

TO KNOW MORE ABOUT PUJYA GURUDEV
CONTACT ON: +91-9860905678

અતીતનું ઉજ્જવળ પાનું

અનંત અતીતકાળમાં કેટલાંક પાના એવા ઉજ્જવળ હોય છે, તેની ઉજ્જવળતાની છાપ વર્તમાન અને અનાગતકાળ પર પડયા વિના રહેતી નથી. અતીતકાળના સ્મરણે પ્રભુએ મેઘમુનિને સંયમમાં સ્થિર કર્યા. અતીતના સ્મરણે ચંડકૌશિક જેવો દ્રષ્ટિવિષ સર્પ અંતર્મુખ બની ગયો. અતીત પર કરેલા દ્રષ્ટિપાતે પરદેશી રાજા સ્વદેશી બની ગયા. આવા અનેક આત્માઓ માટે અતીતનું અનુસંધાન દીવાદાંડી સમ સન્માર્ગ દર્શક બની ગયું હતું.

ચાલો, આપણે પણ સરી જઈએ અર્ધશતાબ્દી વર્ષ પૂર્વેના જિનશાસનના અતીતમાં, જે અતીત જિનેશ્વરના જયવંતા શાસનની સુવર્ણ શૃંખલા બન્યો હતો, જે અતીતમાં સંપ્રદાયની શાન હતી. ઉપકારી ગુરુભગવંતોની ગરિમા હતી, રત્નત્રયની આરાધનાની લ્હાણ હતી. **કરેમિ ભંતે** ની કરામત હતી.

તે સમયે ગૌરવવંતા ગોંડલ ગચ્છાધિપતિ નિદ્રાવિજેતા, એકાવતારી, આચાર્ય પ્રવર પૂજ્ય શ્રી ડુંગરસિંહજી સ્વામીની પાવન પરંપરામાં ઘોર તપસ્વી પ્રગટ પ્રભાવી યુગપ્રધાન સાધકબેલડી પૂજ્ય જય-માણેક ગુરુવરના અંતેવાસી વિનીત શિષ્ય પ્રભાવક પ્રવકતા પ્રાતઃ સ્મરણીય સૌરાષ્ટ્ર કેસરી પૂ. પ્રાણગુરુદેવના પટ્ટોધર લબ્ધિધારક દીક્ષા દાનેશ્વરી તપસમ્રાટ પૂ.ગુરુદેવ શ્રી રતિલાલજી મ.સા.ના સંયમી જીવનનો સુવર્ણ કાળ હતો.

પૂજ્ય પ્રાણ ગુરુદેવના દેહવિલય પછી તેઓ પૂર્ણતઃઅંતર્મુખ બની ગયા હતા. તેઓ શ્રધ્ધામાં અવિચલ હતા. જ્ઞાનારાધના કરવા-કરાવવામાં અપ્રમત્તપણે ઓતપ્રોત હતા. નિરતિચાર ચારિત્રપાલનમાં સજાગ અને સાવધાન હતા. તેમની સંયમ જીવનની વસંત સોળે કળાએ ખીલેલી હતી. સમગ્ર સૌરાષ્ટ્રવાસીઓ પૂ.ગુરુદેવના તપ-સંયમથી પ્રભાવિત હતા. તેમના મેગ્નેટીક પાવરથી અનેક ભવ્યાત્માઓ તપ-સંયમના માર્ગે રંગાયા હતા. તેઓની વચનસિદ્ધિથી અનેક સુપાત્ર જીવોએ સમગ્ર સંસારનો ત્યાગ કરીને ગુરુના ચરણોમાં જીવન સમર્પિત કર્યું હતું. એક દશકાના તે સંયમ સુવર્ણકાળમાં તેમણે અનેકાનેક આત્માઓને સંયમદાન આપ્યા હતાં.

આજથી 50 વર્ષ પૂર્વે 5.5.1968 સૌરાષ્ટ્રના ખાંભા ગામમાં એક સાથે આઠ-આઠ બ્રહ્મચારી બહેનો અષ્ટકર્મોનો ક્ષય કરી અષ્ટસિધ્ધિ અને આત્મગુણનિધિને પ્રગટ કરવા, પરમાત્માના શાસનમાં સ્થાન પામવા, ગુરુનું શરણ સ્વીકારવા તત્પર બની ગયા હતાં. પુણ્યવાન અને સુયોગ્ય આઠ - આઠ સાધકોએ સંસારના તમામ દ્વંદ્વને તિલાંજલી આપી અદ્વંદ્વ એવી અખંડ દશાને પામવા આત્મવિજય યાત્રા માટે એક સાથે પ્રસ્થાન કર્યું.

કોણ હતા એ પરાક્રમી સત્ત્વશીલ અષ્ટ લડવૈયાઓ ? ચાલો આપણે તેનો પરિચય કરીએ...

1) પૂ. શ્રી ધીરમતીબાઇ મહાસતીજી

સમતા અને ધીરજ સાધનાની બે અનિવાર્ય શરત છે. આ શરતને પરિપૂર્ણ કરવા વેરાવળ નિવાસી ચારિત્રધર્મના ચાહક શ્રી અમૃતલાલ લાલજી શાહ તથા માતુશ્રી કાંતાબેનની કુલદીપિકા કુ. તારાબેન 26 વર્ષની વયે વૈરાગ્યભાવની પરિપકવતાથી સંયમી જીવનનો સ્વીકાર કરી સંપ્રદાય વરિષ્ઠા પૂ.શ્રી ગુલાબબાઇ મ. નું શરણ સ્વીકાર્યું. પૂ. ગુરુદેવે સંયમ જીવનની લક્ષ્યસિદ્ધિ માટેનું પ્રેરક ધીરમતી નામકરણ કર્યું.

ગુરુ ચરણોની સેવા જ મારી જીવન સાધના છે. આ સૂત્રને આત્મસાત કરીને સેવા રૂપ આભ્યંતર તપસાધનામાં લીન-તલ્લીન બની ગયા. સાધનાના

પરિપાક રૂપે યથા નામ તથા ગુણ સમતા અને ધીરતા ગુણને જીવનમૂડી બનાવી છે. પૂ. મહાસતીજી વર્તમાને ગુરુ ચરણોની ઉપાસના કરી રહ્યાં છે. તેઓ એક ગુણના સહારે અનંત ગુણોના સ્વામી બને તે જ સંયમ સુવર્ણ જયંતિની શુભકામના !

2) પૂ. શ્રી સન્મતિબાઈ મહાસતીજી

ખીલેલા ગુલાબનો સંદેશ છે કે સદાય ખુશ રહો અને બીજાને ખુશ કરો. ખાંભા ગામના નગરશેઠ શ્રી જગજીવન ઝવેરચંદ કામદારની પૌત્રી અને રત્નકુક્ષિણી માતા નિર્મળાબેન ભગવાનદાસ કામદારની આત્મજા મુમુક્ષુ કૈલાસબેન એટલે જાણે ખીલેલું ગુલાબ.

શુભ નામ કર્મના ઉદયે સ્વરૂપવાન દેહને ધારણ કર્યો. 24 વર્ષની ભરયુવાનીમાં આત્મસૌંદર્યને પ્રગટ કરવા તપસમ્રાટ પૂ.ગુરુદેવ શ્રી તથા પૂ.શ્રી મુક્ત-લીલમ ગુરુણીનું શરણ સ્વીકાર્યું. અણગારપણામાં નવો જન્મ ધારણ કર્યો. આ નવો જન્મ મન-બુધ્ધિને નિર્મળ કરવા માટે છે, તે સ્મૃતિ હર ક્ષણે રહે તે માટે પૂ.ગુરુદેવે સન્મતિ નામકરણ કર્યું.

સરળતા, કોમળતા, નિખાલસતા જેવા આત્મગુણોને ખીલવી, રત્નત્રયીની આરાધના સાથે ચાર-ચાર દાયકા પર્યંત સંયમનું પાલન કર્યું. અંત સમયે સમાધિભાવે ઉવસગ્ગહરં સ્તોત્રના શ્રવણ સાથે પ્રભુ પાર્શ્વભક્તિમાં તલ્લીન બનીને પરલોક પ્રયાણ કરી ગયા. તેઓ શીઘ્ર પરમ પદને પામે તે જ મંગલ ભાવના.

3) પૂ. શ્રી રાજેમતીબાઈ મહાસતીજી

પરમની પ્રીત એ જ પરમ પદને પામવાનો એક અને અનન્ય માર્ગ છે.

પ્રભુ નેમનાથ અને સતિ રાજેમતી નવ-નવ ભવની પ્રીતને છોડીને પરમની પ્રીત બાંધવા સર્વસ્વનો ત્યાગ કરીને ચાલી નીકળ્યાં અને અંતે પરમ પદને પામી ગયા.

આવી સમજણ સાથે સંયમ અનુમોદક પિતાશ્રી અમીચંદ ફીફાદરા તથા સંસ્કાર દાત્રી માતુશ્રી પ્રભાબેનની કુલકર્ણિકા કુ. રંજનબેને 24 વર્ષની યુવાનીમાં સંસારના સર્વ સંબંધો અને સંયોગોની પ્રીતનો સંપૂર્ણ ત્યાગ કર્યો. પરમની પ્રીત બાંધવા સંયમમાર્ગનો સ્વીકાર કર્યો. પરભાવથી પર થવા માટે સંપૂર્ણ મૂકભાવે ગુરુણીની સેવામાં મનને જોડી દીધું, તેની સાથે જ તપમાર્ગને પ્રાધાન્ય આપ્યું વર્ષો સુધી વર્ષીતપની સાધના કરતાં રાજેમતી નામને સાર્થક બનાવ્યું.

વર્તમાને તેઓ તપસાધના સાથે સંયમભાવમાં વિચરણ કરી રહ્યાં છે. તેઓ પરમની પ્રીત દ્વારા પરમ પદને પામે એ જ સંયમ સુવર્ણ જ્યંતિની મંગલ કામના.

4) પૂ. શ્રી હસુમતીબાઈ મહાસતીજી

पढमं णाणं तओ दया। શ્રી દશવૈકાલિક સૂત્ર પહેલા જ્ઞાન અને પછી દયા.

આ શાસ્ત્રવચન અનુસાર જ્ઞાનની પ્રધાનતા તીર્થંકર ભગવંતોએ બતાવી છે. પૂર્વ જન્મના જ્ઞાનારાધક આત્માએ ધારી નિવાસી ધર્મ પરાયણ મોહનલાલ માણેકચંદ ઝાટકીયા તથા જનની શ્રી કાશીબેનની કુક્ષીએ જન્મ ધારણ કર્યો. **જડ-ચેતનનો ભેદ કરવા તીક્ષ્ણ પ્રજ્ઞાને પામવા હંસા નામને ધારણ કર્યું.**

ગુરુભગવંતોના સમાગમે પ્રજ્ઞાની શુદ્ધિને માટે સંયમ માર્ગની મહત્તા સમજીને 23 વર્ષે મહાભિનિષ્ક્રમણ કર્યું. પરમાત્માના માર્ગમાં અપ્રમત્તભાવે જ્ઞાનની આરાધના કરી અને અન્ય અનેક જીવોને જ્ઞાનની આરાધનાના માર્ગે જોડયા.

48 વર્ષની સુદીર્ઘ સંયમ પર્યાયનું પાલન કરી અંતિમ સમયે આરાધના પૂર્વક તા. 25.05.2017ના દિવસે આ નશ્વર દેહનો ત્યાગ કરી દિવ્યગતિને પામી ગયા. તેઓ પુનઃ જિનશાસનને પામી આરાધનાની કડી જોડી પૂર્ણજ્ઞાનને પામે, એ જ શુભભાવના.

5) પૂ. શ્રી સુમતિબાઈ મહાસતીજી

હરિનો માર્ગ છે શૂરાનો નહીં કાયરનું કામ જો ને..

ગળથૂથીમાં જ જાણે આ ભાવોનું પાન કરનાર વૈરાગી લક્ષ્મીબેને બિલખા નિવાસી પિતાશ્રી નરભેરામ ખેતસી ગાંધી અને સંયમ સંસ્કારદાત્રી માતુશ્રી

સમજુબેનની રત્નકુક્ષીએ જન્મ ધારણ કર્યો. 23 વર્ષની વયે સત્યને સમજીને યોગમાર્ગે પ્રયાણ કર્યું. પૂ.ગુરુ-ગુરુણીના સાંનિધ્યે વૈરાગ્ય રસથી જીવનને સિંચિત કર્યું. શૂરવીરતા, પરાક્રમશીલતા જેવા ગુણો સાથે સાધના માર્ગે પરાક્રમ કર્યું.

શિષ્યા પરિવાર સાથે પ્રાયઃ ભારતભરમાં તેમજ નેપાળ સુધીના ક્ષેત્રોમાં વિચરણ કરી ગચ્છ અને ગુરુના નામને રોશન કર્યું.વર્તમાને સંયમભાવની ખુમારી સાથે વિચરણ કરતાં શાસનને શોભાવી રહ્યાં છે.

મહાસતીજી વીરતાપૂર્વક વીરના માર્ગે પ્રગતિ કરી પૂર્ણતાને પામે, એ જ સંયમ સુવર્ણ જ્યંતિની અંતરની કામના !

6) પૂ. શ્રી અનુમતિબાઇ મહાસતીજી

સરળ વ્યક્તિની શુધ્ધિ થાય છે અને શુધ્ધ હદયમાં જ ધર્મ સ્થિર થાય છે. આ શાસ્ત્રોકિત જેના જીવનમાં સફળ થઇ છે તેવા કુ.અનસુયા બેને મુંબઇ નિવાસી શ્રી મોહનલાલ લાલજી મહેતા અને જન્મદાત્રી શ્રી સવિતાબેનની કુક્ષીએ જન્મ ધારણ કર્યો. આત્માનું ઉત્થાન કરવા ધર્મસન્મુખ બની, ભદ્ર પરિણામે વૈરાગ્ય ભાવે 23 વર્ષે ભરયુવાનીમાં સર્વસ્વનો પરિત્યાગ કરી સંયમ માર્ગનો સ્વીકાર કર્યો.

સરળતા સિધ્ધિનો માર્ગ છે. આ સુક્તિને ગુરુના સમાગમે સમજીને જીવનમાં આત્મસાત કરવાનો પુરુષાર્થ કર્યો. તેમ જ કર્મક્ષય માટે તપમાર્ગે પરમ પુરુષાર્થ કર્યો. વર્ષીતપ, માસખમણ, અટ્ઠાઇ, નવાઇ આદિ વિવિધ તપસ્યાથી આત્માને તપોપૂત બનાવ્યો. વર્તમાને સંયમ ભાવને દ્રઢીભૂત કરતા પૂ. અનુમતિબાઇ મહાસતીજી જીવનને સફળ બનાવે એ જ સંયમ સુવર્ણ જયંતિની મંગલકામના !

7) પૂ. શ્રી વીરમતીબાઇ મહાસતીજી

પૂ. વીરમતીબાઇ મહાસતીજી પ્રતિકાર વિના સ્વીકાર કરવો તે જ મારા પ્રભુની સાધના હતી.

પરમાત્માના પંથે પા પા પગલી ભરવા માટે વૈરાગી તારાબેને ઇ.સ. 15-8-1945 ના સ્વાતંત્ર્યદિને શ્રદ્ધાવાન પિતાશ્રી ધીરૂભાઇ અને સંસ્કાર સંપન્ન માતુશ્રી નિર્મળાબેનની કુક્ષીએ કાલાવડની ધન્ય ધરા પર જન્મ ધારણ કર્યો.

પૂર્વજન્મના સાધનાના સંસ્કારે બાલ્યકાળથી જ જ્યારે જે પરિસ્થિતિનું નિર્માણ થાય, અનુકૂળ કે પ્રતિકૂળ જે વસ્તુઓ મળે, તેનો સહજ પણે સ્વીકાર કરવો તે તેમનો સહજ સ્વભાવ હતો.

તપસમ્રાટ પૂ. ગુરુદેવશ્રીના સાંનિધ્યે વૈરાગ્યબીજ અંકુરિત થયું અને પૂ. શ્રી મુક્ત-લીલમ ગુરુણીના સાંનિધ્યમાં જીવન સમર્પિત કર્યું. સંયમ સ્વીકાર પછી પ્રભુની સાધનાને પોતાની સાધના બનાવવા પરમ પુરુષાર્થ કર્યો. જ્ઞાન, ધ્યાન, તપ-જપ સાધનાની સાથે સ્વીકારભાવ અને સહયોગવૃત્તિ, આ બંને ગુણોને જીવનમંત્ર બનાવી આત્મસાત કરી સંયમી જીવનને સફળ બનાવ્યું. વર્તમાને યથાનામ તથા ગુણ ઉક્તિ અનુસાર ગુરુપ્રદત્ત વીરમતી નામને સાર્થક કરતાં ગુરુના ગૌરવને અને શાસનની શાનને વધારતા વિચરી રહ્યાં છે.

8) પૂ. શ્રી યશોમતીબાઇ મહાસતીજી

શ્રદ્ધા અને સમર્પણભાવ સફળતાનું સોપાન છે. આ સોપાન જ સિદ્ધદશાની પ્રાપ્તિ કરાવે છે. બગસરા નિવાસી શ્રી ગિરધરલાલ હેંમતરામ મેઘાણી તથા સતિરત્ન જનેતા અંબાબેનના સુપુત્રી વૈરાગી કુંદનબેને જન્મધારણ કરીને તપસમ્રાટ પૂ. ગુરુદેવ શ્રીના સમાગમે શ્રદ્ધાગુણને પ્રગટાવ્યો અને 22 વર્ષની યુવાવયે શાસનરત્ના ગુરુણીમૈયા પૂ. શ્રી પ્રાણકુંવરબાઇ મહાસતીજીના ચરણે જીવન સમર્પિત કર્યું. રત્નત્રયીની આરાધનામાં પૂજ્ય શ્રી યશોમતીબાઇ મહાસતીજીએ શ્રદ્ધા અને સમર્પણ ભાવરૂપ સોપાનો સર કરવાનો પુરુષાર્થ કર્યો. ગુરુવચન, ગુર્વાજ્ઞા અને ગુરુ ચરણોની સેવામાં જીવનની સફળતાને સ્વીકારી. વર્તમાને પૂ. ગુરુણીના પાવન સાંનિધ્યમાં નિરંતર તપ-જપ-ધ્યાનસાધનામાં ઓતપ્રોત બની રહ્યાં છે. પૂ. મહાસતીજી ગુરુણીની યશકીર્તિમાં વધારો કરાવી આત્મસાધનામાં દ્રઢ બને તે જ સંયમ સુવર્ણ જયંતીની મંગલકામના.

50 વર્ષ પહેલાનું સંભારણું

વિરલપ્રજ્ઞા પૂજ્ય શ્રી વીરમતીબાઇ મહાસતીજીની

દીક્ષા નિમંત્રણ પત્રિકા

આત્મ સંગ્રામનાં ભવ્ય પ્રસંગો

• માળારોપણ •

વૈશાખ સુદ ૬
૨.૫.૯૮ | ગુરુવાર
સવારે ૯:૩૦ કલાકે

• મંડપારોપણ •

વૈશાખ સુદ ૭
૩.૫.૯૮ | શુક્રવાર
સવારે ૭:૦૦ કલાકે

• વિજય તિલક •

વૈશાખ સુદ ૯
૫.૫.૯૮ | રવિવાર
સવારે ૭:૦૦ કલાકે

• પ્રવ્રજ્યાભિષેક •

વૈશાખ સુદ ૯
૫.૫.૯૮ | રવિવાર
સવારે ૧૧:૩૦ કલાકે

॥ શ્રી વિજય પ્રવાસી તારાબેન ॥

ઉમર વર્ષ - ૨૩

હે ! આત્મન્ એ કલેશ કષાયયુત-
વિષમ અતિ વ્યવહાર
ચિંતા આશા રે શોક ભયે ભર્યો.
સ્વાધીન વળી નહીં લગાર
નિર્મલ ચિદ્રુપ લય હો સદા.

બાહ્ય અભ્યંતર અન્ય સંબંધ
તે જે જે અંશે મુકાય,
તે તે અંશે રે ત્યાં ચિદ્રુપની
શુધ્ધિ કનકવત્ થાય.
નિર્મલ ચિદ્રુપ લય હો સદા

આત્મોલ્લાસ પૂર્વક જણાવવાનું જે સૌરાષ્ટ્ર કેસરી પૂ. શ્રી પ્રાણલાલજી મહારાજશ્રીનાં શિષ્યરત્ન પૂ. શ્રી રતિલાલજી મહારાજનાં આજ્ઞાનુવર્તી પૂ. શ્રી મુક્તાબાઈ સ્વામી તથા પૂ. શ્રી લીલમબાઈ સ્વામી, આદી સતીવૃંદનાં ચરણોમાં અમરાવતી નિવાસી શેઠ શ્રી ધીરજલાલ મોહનલાલ મહેતાના સુપુત્રી કુમારી શ્રી તારાબેન (વીરમતી) દીર્ઘકાલના ધાર્મિક અધ્યયન ચિંતન મનન બાદ આત્મ આરાધના માટે સં. ૨૦૨૪ ના વૈશાખ શુદ ૯ ને રવિવાર ૫.૫.૯૮ ના રોજ વીતરાગ વાટિકામાં ભાગવતી દીક્ષા અંગીકાર કરવા તત્પર બનેલ છે.

આત્મોત્થાનનાં પવિત્ર પ્રસંગે પધારવા આપ સર્વેને પ્રેમપૂર્ણ આમંત્રણ.

- નિમંત્રક -
શ્રી ધીરજલાલ મોહનલાલ મહેતાનાં
જયવીર

લી. શાસન સેવક
શ્રી સ્થા. જૈન સંઘનાં
જયવીર
ખાંભા

50th દીક્ષા જયંતિ

વિરલપ્રજ્ઞા પૂજ્ય શ્રીનું જીવન દર્શન
અલ્પ સમજના મિતાક્ષરી શબ્દોના સથવારે

અવતરણ	:	15.08.1945 - શ્રાવણ સુદ-સાતમ, કાલાવડ (શીતલા) સૌરાષ્ટ્ર
ઉપકારી જનની-જનક	:	સંસ્કાર સંપન્ના માતુશ્રી નિર્મલ-પુષ્પાબેન ધીરજલાલભાઇ મહેતા
વૈરાગ્ય નિમિત્ત	:	14 વર્ષની ઉંમરે આકોલામાં બે ભાઇઓની દીક્ષા દર્શન.
દીક્ષા ગ્રહણ	:	05.05.1968- ખાંભા- સૌરાષ્ટ્ર.
પરમ ઉપકારી પૂજ્ય ગુરુદેવ	:	ગોંડલ સંપ્રદાયના તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવ શ્રી રતિલાલજી મહારાજ સાહેબ.
પૂજ્ય ગુરુણીશ્રી	:	સૌમ્યમૂર્તિ પૂજ્યવરા પૂ. શ્રી મુક્તાબાઇ મ., અપૂર્વશ્રુત આરાધિકા પૂ. શ્રી લીલમબાઇ મ.
વર્તમાનની પાવન નિશ્રા	:	રાષ્ટ્રસંત પૂજ્ય ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબ.
ધાર્મિક અભ્યાસ	:	જૈન આગમ ગ્રંથો, દીગંબર સાહિત્ય, કર્મગ્રંથ, ન્યાયદર્શન, સંસ્કૃત, પ્રાકૃત વ્યાકરણ.
પદવી	:	પાથર્ડી બોડની **આચાર્ય** પદવી, શ્રમણી વિદ્યાપીઠની **વિદ્યાવારિધિ**ની પદવી.
શાસન સેવા	:	સૌરાષ્ટ્ર, સાંગલી, કોલ્હાપુર, મુંબઇ, મહારાષ્ટ્ર, બિહાર, કોલકત્તા, બંગાલ, ઝારખંડ, ઉત્તરભારતમાં દિલ્હી, પંજાબ, હરિયાણા, હરદ્વાર, ઉત્તરાખંડ, ઋષિકેશ, હિમાલય અને બદ્રીનાથ વગેરે ક્ષેત્રોની પદયાત્રા કરીને જિનશાસનની પ્રભાવના કરી. • ગુરુપ્રાણ આગમ બત્રીસી ગત શ્રી ઠાણાંગસૂત્રનું અનુવાદ કાર્ય. • શ્રી પ્રેમ જિનાગમ સમિતિ ગત શ્રી પ્રશ્ન વ્યાકરણનું સૂત્ર અનુવાદ કાર્ય. • રાષ્ટ્રસંત પૂજ્ય ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબ પ્રેરિત 26 નવદીક્ષિત સાધ્વીજીઓને શિક્ષા પ્રદાનની સાથે સંયમ સંસ્કાર સિંચન.
ગુણ રિધ્ધિ	:	દેવ, ગુરુ અને ધર્મ પ્રત્યે શ્રધ્ધા, સમર્પણ, સેવા, સ્વીકારભાવ, સહયોગવૃત્તિ, સ્વાવલંબન, સ્વાધ્યાયરૂચિ, નિયમિતતા, અપ્રમતતા, આત્મજાગૃતિ, મિત ભાષી, ગંભીરતા, ધીરતા.

ઝર ઝર શાંતિ ઝરે એ નિર્જરી...

- સરસ્વતી કૃપાપાત્ર શ્રી કુંજન છેડા

ઉપર ગગનને ખોળે, ધોળા ધોળા પે'લા વાદળાઓને કોઇક ટીખળ સૂઝે ને ધરાને તરબતર કરી જાય. વૈશાખી દિવસોમાં સૂર્ય નારાયણને શું ઓછું આવી જાય કે લાલધૂમ થઈને ધરા પર અગનવર્ષા કરી જાય. યુગો યુગોથી ગગનનાં ખોળે રમાતી સૂર્ય, ચંદ્ર, તારા અને વાદળાઓની આ રમતની અસરમાં આવીને કુદરત પણ સમયે-સમયે પોતાની રચેલી કલાકૃતિમાં ફેરફાર કરી જ દેતું હોય છે !

પરંતુ નથી બદલાતી એ નદી !

વરસતાં વાદળો હોય કે ચાહે તપતપતી ધૂપ હોય પરંતુ જે સ્વયંમાં જ શીતલ છે એવી એ નદી પોતાના સ્વભાવમાં રહીને નિરંતર લક્ષ્યની દિશામાં વહેતી જ રહેતી હોય છે !

કુદરત નામના એ બેજોડ કલાકારને જ્યારે, સૃષ્ટિની બેનમૂન કલાકૃતિનું સર્જન કરતાં કરતાં પરમાર્થનું તત્ત્વ ખૂટતું જણાયું ત્યારે જ નદીનો ઉદ્‌ભવ થયો !

તરસ્યાને તૃપ્તિ આપતી એ નદી...
મીઠાં જળ ઝરતી એ નિર્જરી...
શીતલતા પ્રસારતી એ સરિતા...

મંદ-મંદ ખળ-ખળ મધુરું સંગીત રેલાવતી એ કલ્લોલિની જેની ગતિ, જેનું વહેણ, જેનું લક્ષ્ય અને જેની મંજિલ માત્રને માત્ર એના નાથ એટલે કે સાગર ભણી જ હોય છે. નદીના અસ્તિત્ત્વનો ઉદ્‌ભવ સાગરના અસ્તિત્ત્વમાં સ્વયંના અસ્તિત્ત્વને વિલિન કરવા માટે જ થતો હોય છે. અસ્તિત્ત્વહીન થવાની દિશામાં વહેતાં-વહેતાં એની ક્ષણ- ક્ષણ અન્ય જીવો માટેના પરોપકાર અને પરમાર્થમાં જ વ્યતીત થતી હોય છે.

નદી તો નદી હોય છે પરંતુ આ ધરા પર કેટલાંક એવા આત્માઓ પણ જન્મ ધારણ કરતાં હોય છે જેમનું લક્ષ્ય, જેમનું ધ્યેય અને જેમની મંજિલ પણ નદીની જેમ એમના નાથ ભણી એટલે કે પરમાત્મા ભણી જ હોય છે, એમના જીવનની ક્ષણ-ક્ષણ પરોપકાર અને પરમાર્થમાં જ વ્યતીત થતી હોય છે !

નદીની જેમ, કરાવી રહ્યાં છે જે અનેક જીવોને સમાધિ ભાવની તૃપ્તિ,

ઝરી રહ્યો છે જેમાંથી શાંત ભાવનાનો રસ...
પ્રસરાવી રહ્યાં છે જે અનેરી આત્મ શીતલતા...
કરી રહ્યાં છે જે સત્ય અને જ્ઞાનનો કિલ્લોલ...

એવા એક વિરલ વિભૂતિના, એવા એક પરમાર્થી જીવના
સદ્‌ગુણી સંયમ જીવનના વહેણમાંથી એક ખોબો, એક ઘટિકાનું
આપણે પણ પાન કરી લઈએ, આત્મ તૃપ્તિની એક અનુભૂતિ કરી લઈએ !!

એક ચિનગારી સંયોગની

જીવનના કેનવાસ પર સંયોગ રૂપી પીંછી ફરેને જીવના ભવિષ્યની આકૃતિ સર્જાઇ જતી હોય છે. યોગ અને સંયોગ પર ચાલી રહ્યો છે આ સમગ્ર સંસાર ! સૃષ્ટિના દરેકેદરેક જીવો યોગ-સંયોગને આધીન બનીને જીવી રહ્યાં છે. છીપને સ્વાતિ નક્ષત્રના વર્ષા બિંદુનો સંયોગ થાય અને મોતીની આકારણી સર્જાઈ જાય ! બીજને માટીનો સંયોગ થાય અને ભવિષ્યના વટવૃક્ષની આકારણી સર્જાઇ જાય !

સંયોગો હંમેશાં આત્મઘરામાં વવાયેલાં સંસ્કારોના બીજનું સિંચન કરીને બહારમાં ફલિત કરતાં હોય છે ! અસત્ સંયોગો અસત્ સંસ્કારોને જાગૃત કરી જતાં હોય અને સત્ સંયોગો આત્મામાં પડેલાં સત્ના સંસ્કારોને ઉજાગર કરી દેતાં હોય છે.

ભવિષ્યને સંયમનો ઘાટ આપી જનારો એક સત્ સંયોગ સર્જાયો 14 વર્ષની એક નિર્દોષ બાલિકાના જીવનમાં !

શાળાનું ગૌરવ

વાત છે આજથી બરાબર 60 વર્ષ પહેલાંની વર્ષ 1958 ની !

મહારાષ્ટ્રના વિદર્ભ ક્ષેત્રનું અમરાવતી નગર... પૌરાણિક કથાના આધારે ઈન્દ્રપુરી નગરી તરીકે ઓળખાતાં અમરાવતીની મણીબાઈ શાળાના પ્રિન્સીપલ સાહેબની એ રૂમમાં 13-14 વર્ષની તારાબેન અને નીમુબેન નામની બે તેજસ્વી વિદ્યાર્થીનીઓ અને પ્રિન્સીપલ સાહેબ વચ્ચે શિક્ષણ સંબંધી ચર્ચા ચાલી રહી હતી.

આજના સમયની પુરુષ સમોવડી મહિલા જેવો એ બોલ્ડ સમય ન હતો. ઘરની દીકરીઓને આગળ જતાં ગૃહસ્થ જીવન જ સંભાળવાનું છે એવી વિચારધારાના કારણે ઉચ્ચ અભ્યાસ કે સાયન્સ જેવા ક્ષેત્રમાં મોટાભાગે વિદ્યાર્થિનીઓ કરતાં વિદ્યાર્થીઓની સંખ્યા જ વધુ રહેતી !

એવા એ સમયમાં, સાયન્સના ક્ષેત્રમાં અભ્યાસ કરીને ભવિષ્યમાં ડૉકટર બનવાની ઈચ્છા ધરાવતી અને અભ્યાસમાં હંમેશાં આગળ રહેતી, આ બે હોંશિયાર બાલિકાઓ માટે શાળાના પ્રિન્સીપલ સાહેબ પણ ગૌરવ અનુભવી રહ્યાં હતાં, પરંતુ સાયન્સના ક્ષેત્રમાં માત્ર છોકરાઓનું આધિપત્ય હોવા છતાં પણ શું તેઓ આ ક્ષેત્રમાં આગળ વધશે ? એવા પ્રિન્સીપલ સાહેબના સંશયને **કયારેક તો કોઈક છોકરીએ શરૂઆત કરવી જ પડશેને** ના જવાબ વડે સમાધાન આપી દેતાં પ્રિન્સીપલ સાહેબ પણ એમની હિમ્મત જોઈને પ્રસન્ન થઈ ગયાં !

આઠમું ધોરણ પૂર્ણ કરીને બંને વિદ્યાર્થિનીઓ વેકેશનના સમયમાં નવમાં ધોરણના અભ્યાસ માટે સજ્જ બની રહી હતી પરંતુ નિયતિ એક અલગ જ યોગ, એક અલગ જ સંયોગનું સર્જન કરી રહી હતી !

અકલ્પનીય સંયોગ

એ સમય હતો, જ્યારે અમરાવતી-આકોલા જેવા વિદર્ભના ક્ષેત્રોમાં સંત-સતીજીઓનું વિચરણ જવલ્લે જ થતું, તેથી એમના દર્શન-વંદન-વાણીનો લાભ લોકોને ભાગ્યે જ પ્રાપ્ત થતો. એવા સમયે વિદર્ભના આકોલા નગરમાં બે ભાઈઓ - જગદીશભાઈ અને હરિશભાઈની દીક્ષા જાહેર થઈ.

ગોંડલ સંપ્રદાયના સિધ્ધપુરુષ તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવશ્રી રતિલાલજી મહારાજ સાહેબના સાંનિધ્યે

થનારી આ દીક્ષામાં અમરાવતીના અનેક ભાવિકો આકોલા ગયાં. એમની સાથે-સાથે તારાબેન અને નીમુબેન પણ સહજભાવે દીક્ષા જોવા આકોલા ગયાં.

અજાણ હતી બંને બાલિકાઓ ! જાણતી ન હતી કે સહજપણે દીક્ષામાં જવાનો આ સંયોગ, એમના કલ્પિત ભવિષ્યને સહજપણે અકલ્પનીય આકાર આપવા માટે સર્જાયો છે !

એક તરફ તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રભાવશાળી વ્યક્તિત્ત્વ અને બીજી તરફ સમગ્ર સંસારનો ત્યાગ કરીને સંયમ પંથ તરફ પ્રયાણ કરી રહેલાં દીક્ષાર્થીઓના એ ભાવભીના દશ્યો !

એ લાખેલી ક્ષણ, એ સોનેરી ક્ષણ, એ ધન્ય ક્ષણ અને બંને બાલિકાઓની આત્મધરાના ઊંડાણમાં ધરબાયેલાં સંયમના સંસ્કાર જાગૃત થઈ ગયાં !

પરિણતિઓનું પરિવર્તન

દીક્ષાનો આ સંયોગ એક ચિનગારી બનીને બંનેના હૃદયમાં સંયમભાવની જ્યોત પ્રજ્વલિત કરી ગયો !

બદલાઈ ગઈ જીવનની દિશા, પરિવર્તિત થઈ ગઈ મનની પરિણતિઓ ! હવે તો **ગુરુના ચરણ અને શરણ એ જ જીવનનું લક્ષ્ય !** સંયમ એ જ જીવનનું ધ્યેય બની ગયું !

અંતે સત્નો આ સંયોગ બંને આત્માઓને સત્નું ભાન કરાવી ગયો !

દીક્ષા બાદ યોગાનુયોગ તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવશ્રી આકોલાથી વિહાર કરીને અમરાવતી પધાર્યા ! વધુ ને વધુ આત્માઓને સંયમભાવમાં જોડવાની પૂજ્ય ગુરુદેવશ્રીની કરુણા ભાવનાએ એમણે ચાર-ચાર મહિના સુધી અમરાવતીની પાઠશાળામાં બાળકોને ધાર્મિક અભ્યાસ કરાવ્યો ! જેમાં આ બંને બાલિકાઓ પણ ભણવા જતી. અભ્યાસપ્રેમી આ બાલિકાઓને હવે શાળાના અભ્યાસ કરતાં પરમાત્માના જ્ઞાનાભ્યાસમાં વધારે રસ પડવા લાગ્યો ! ભણતાં-ભણતાં અંતરમાં સંયમના ભાવ વધુને વધુ દૃઢ થતાં ગયાં.

સંયમના અમૃતરસનો આસ્વાદ એકવાર જે આત્મા કરી લે છે એને સંસારના બધાં જ રસ ફિક્કા લાગવા લાગે છે. હવે નથી સહેવાતો આ સંસાર, નથી સહેવાતાં આ ભ્રમણાના સંબંધો ! વ્યતીત થતી સંસારની એક-એક ક્ષણ અકળાવી રહી છે, મુંઝાવી રહી છે ! બેચેન છે મન, આતુર છે હૃદય કે કયારે દીક્ષા મળે ?

કયારે છૂટે આ સંસાર ?
કયારે સંયમ મળે ?
કયારે સંયમ મળે ? ? ?

તારાની આત્મનૂરી

સૂર્યને સમર્પિત એવા સૂર્યમુખીની જેમ જ, જે આત્મા એકવાર સદ્‌ગુરુના ચરણ-શરણ પ્રત્યે, પરમાત્મા પ્રત્યે અને વૈરાગ્ય પ્રત્યે સમર્પિત થઈ જાય એ આત્મા આ જગની પરવાથી બેપરવા બની જતાં હોય છે !

નિશાના સામ્રાજ્યને ચીરીને ક્ષિતિજની ગોદમાંથી સૂર્યનું આગમન થાય અને એ જ ક્ષણે પેલું નાનકડું સૂર્યમુખીનું ફૂલ એની પંખુડીઓને પ્રસારીને જાગૃત થાય ! પૂર્વથી પશ્ચિમ સુધીની દિવસ દરમ્યાન સૂર્યની ગતિ અનુસાર સૂર્યમુખી પણ એ જ દિશામાં ગતિ કરતું રહે અને અંતે સંધ્યા સમયે સૂર્ય અસ્ત થતાં જ સૂર્યમુખી પણ એની પંખુડીઓને બીડીને સંકોચાઈ જાય ! જગથી જુદેરું થઈને માત્રને માત્ર સૂર્યને સમર્પિત એવા સૂર્યમુખીની જેમ જ, જે આત્મા એકવાર સદ્‌ગુરુના ચરણ-શરણ પ્રત્યે, પરમાત્મા પ્રત્યે અને વૈરાગ્ય પ્રત્યે સમર્પિત થઈ જાય, એ આત્મા આ જગની પરવાહથી બેપરવાહ બની જતાં હોય છે ! ગુરુ પરમાત્મા પ્રત્યે સમર્પિત આત્માને સંસારના કોઈ સંબંધ, સંસારના કોઈ સુખ-સમૃધ્ધિ કે સંસારના કોઈપણ પ્રલોભન કયારેય ડગાવી શકતાં નથી.

ગુરુ,પરમાત્મા અને વૈરાગ્યના રંગે રંગાયેલી એ બે બાલિકાઓ ! જગથી જુદેરી... ન સંસારના કોઈ સુખની લાલસા કે ન કોઈ સંબંધની અપેક્ષા ! બસ, પરમાત્માના પંથે પથિક બનીને પ્રયાણ કરવાની ભાવના સાથે નવમા ધોરણનો અભ્યાસ પૂર્ણ કરીને શાળાના અભ્યાસને તિલાંજલિ આપવાનો નિર્ણય કરી લે છે !

વંદનીય નિ:સ્પૃહતા

સાયન્સમાં પ્રથમ ક્રમાંકે આવનારી શાળાની પ્રતિભાવંત વિદ્યાર્થિનીઓ અભ્યાસ અધૂરો મૂકીને જતી રહે, એ વાત શિક્ષકો અને સ્વયં પ્રિન્સીપલ સાહેબને પણ માન્ય ન હતી. એટલે ઘરે આવીને ખૂબ સમજાવે છે... ખૂબ સમજાવે છે, શું શાળાના વિદ્યાર્થીઓ તરફથી કોઈપણ પ્રકારની હેરાનગતિ છે ? શું બીજી કોઈ તકલીફ છે ? એવા અનેક પ્રશ્નો પૂછવા પર બાલિકા તરફથી જવાબ મળે છે, **એવી કોઇપણ પ્રકારની તકલીફ નથી પરંતુ આ શરીરના ઇલાજ તો ભવોભવ કર્યા છે, હવે મારે આત્માના ડૉકટર બનીને આત્મવિશુધ્ધિ કરવી છે ! જે અભ્યાસ આત્માને કોઇ પ્રકારે ઉપયોગમાં નથી આવવાનો એવા અભ્યાસમાં હવે સમયને વેડફવો નથી. હવે તો આત્મનો અભ્યાસ કરીને મારા અને અન્યના આત્માઓના ભવોભવના કર્મરોગનો ઇલાજ કરવો છે.**

માત્ર 14 વર્ષની બાલિકાના મુખેથી આવી ઊંડાણભરી સમજના વચનો સાંભળીને શિક્ષકો અને પ્રિન્સીપલ સાહેબની સાથે નિ:શબ્દ બની ગએલી એ ક્ષણોમાં સહુ કોઇ એ બાલિકાને મનોમન વંદી રહ્યાં ! સહુ કોઇ એ બાલિકા **તારાબેન**ની નિ:સ્પૃહતાને અનિમેષ નયને નીરખી રહ્યાં !

જન્મ ધારણ

બાલિકા તારાબેન ! લોકોની શ્રધ્ધા અને માન્યતા મુજબ જેમના નામની માનતા રાખવાથી શીતલાનો રોગ દૂર થઇ જાય અને દેહમાં શીતલતાનો અનુભવ થાય, એવા શીતલામાતાનું મંદિર જ્યાં સ્થાપિત થયેલું છે એવા સૌરાષ્ટ્રના કાલાવડ ગામમાં એમનો જન્મ થયો !

શીતલતા આપતી નદી અને નદીની બરાબર મધ્યમાં સ્થાપિત થયેલું શીતલામાતાનું મંદિર ! એવા એ કાલાવડ ગામમાં જાણે પ્રત્યેક આત્માને શીતલતા આપવા માટે બાલિકા તારાબેને વર્ષ 1945 ની 15 ઓગસ્ટના દિને જન્મ ધારણ કર્યો ! કુદરત પણ જાણે કે દેશની સ્વતંત્રતા સાથે અનેકોને ભવરોગથી મુકત કરાવનાર આત્માના જન્મનો શુભ સંકેત આપી રહ્યું હતું !

જીવન ઘડતર

માતા નિર્મળાબેન અને પિતા શ્રી ધીરજલાલભાઇ મહેતાના લાલન - પાલનમાં બાળપણ વ્યતીત કરી રહેલાં તારાબેન હજી તો જીવન-મૃત્યુની કંઇ સમજ પડે ન પડે એવી છ વર્ષની નાદાન ઉંમરના થયાં ત્યાં કાળ આવીને માતા નિર્મળાબેનનું અકાળે કોળિયું કરી ગયું !

ઇતિહાસ સાક્ષી છે, જીવનમાં કયાંકને કયાંક દુ:ખ, કસોટીઓ અને વેદનાઓએ અડીંગો જમાવ્યાં છતાં એવી પરિસ્થિતિની વચ્ચે પણ સ્વયંની આત્મનૂરી જેણે ઝળકાવી છે એવા આત્માઓ જ મહાનતાના પદ પર બિરાજમાન થઇ શકયાં છે ! સુખના ગર્ભમાંથી મહાનતા કદિ પણ જન્મ નથી પામતી, મહાનતાનું પ્રાગટય હંમેશાં વેદનાના વૈભવમાંથી જ થતું હોય છે !

નાની ઉંમરે માતાના અવસાનના કારણે આવી પડેલાં દુ:ખની વચ્ચે પણ તારાબેને સ્વયંની આત્મનૂરીને ઝાંખપ આવવા ન દીધી !

નિર્મળા બેનના અવસાન બાદ સગી માતા કરતાં પણ સવાયો પ્રેમ આપનારા માતા પુષ્પાબેન સાત સંતાનો - દિનેશ, ગિરીશ, નીતિન, ભરત એ ચાર દીકરા અને તારા, નીતા, લતા એ ત્રણ દીકરીઓમાં સંસ્કારોનું સિંચન કરવા લાગ્યાં. દાદા મોહનભાઇ, દાદી કપૂર બેન, દલપતકાકા - લલિતાકાકી, ફૂલચંદ કાકા - તરૂણા કાકી, ગુણવંતકાકા- વિનોદ કાકી, રસિક કાકા તથા જયાફૈબાથી યુકત એવા આ સંયુકત કુટુંબમાં તારાબેનનું ઘડતર થવા લાગ્યું. સંયુકત એવા મહેતા પરિવારમાં બાલિકા તારાબેન સ્વયંનું જીવન ઘડતર તો કરી જ રહયાં હતાં પરંતુ સાથે સાથે છ ભાઇ બહેનો ઉપરાંત કાકા-કાકીની પાંચ દીકરીઓ અને ત્રણ દીકરા મળીને આઠ પીતરાઇ ભાઇ-બહેનોની પણ એક મોટી બહેન તરીકે પૂર્ણપણે સાર-સંભાળ રાખતાં !

માત્ર નવ-દસ વર્ષના મોટી બહેન તારાબેન પાસે ચૌદ ચૌદ નાના ભાઇ-બહેન તૈયાર થવા માટે, નાની નાની જરૂરિયાત પૂરી કરવા માટે કે નાની-મોટી ફરિયાદ કરવા માટે આવતાં, પહેલાં હું, પહેલાં તું, કરીને પડાપડી કરતાં અને તારાબેન એ દરેકને પ્રેમપૂર્વક સંભાળી પણ લેતાં એટલું જ નહીં પરંતુ જરૂર પડયે કઠોર અનુશાસન કરીને ઠપકો પણ આપી દેતાં ! એની સાથે બધાં ભાઇ બહેનોને ધર્મ પમાડવા માટે પોતાની સાથે ફરજિયાત પાઠશાળામાં ભણવા પણ લઇ જતાં.

પ્રેમ અને અનુશાસનના સંસ્કારનો બાળપણમાં વાવેલો એ છોડ આજે પણ વટવૃક્ષ બનીને અનેકોની સાર-સંભાળ લઇ રહ્યું છે !

નિ:શંક શ્રધ્ધા

વિશા શ્રીમાળી જૈન-મૂર્તિપૂજક જ્ઞાતિનો તારાબેનનો મહેતા પરિવાર સમય જતાં વ્યાપાર અર્થે કાલાવડથી અમરાવતી નગરમાં આવીને વસવાટ કરે છે. જાણે કે, એક આત્માને સંયમ પંથે પ્રયાણ કરાવવા માટેના સંયોગનું સર્જન કરવા કુદરત સ્વયં પરિવારના સ્થળાંતરની સંયોજના કરે છે !

કહેવાય છે કે, એક આત્માના સંયમભાવ બીજા અનેક આત્મા માટે પણ સંયમની પ્રેરણા બની જતાં હોય

છે. તારાબેનના વૈરાગ્યભાવની સાથે સાથે નાની બહેન નીતાબેનને પણ સંયમ પ્રાપ્તિના ભાવ જાગૃત થઇ જાય છે પરંતુ માતા પુષ્પાબેન અને કાકા લાડકી દીકરી નીતાબેનને દીક્ષાની અનુમતિ આપવાનો સાફ ઇન્કાર કરી દે છે. પરિવારની બંને દીકરીઓને દીક્ષા પંથે જવાની અનુમતિ ન આપીને માત્ર એક જ દીકરીને અનુમતિ આપવી એવા નિર્ણય સાથે તારાબેનને સંયમની અનુમતિ પ્રાપ્ત થઇ.

આ બાજુ તારાબેનના દૃઢ વૈરાગ્યભાવને જાણીને તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવશ્રી તારાબેનને દીક્ષા જીવનની શિક્ષા લેવા અર્થે પૂજ્ય શ્રી લીલમબાઇ મહાસતીજી પાસે જવાની આજ્ઞા કરી.

શ્રધ્ધા અને સમર્પણતાને
કોઇ સીમાડાના બંધન નથી હોતાં !

14 વર્ષની મૂર્તિપૂજક પરિવારની એક બાલિકા જીવનમાં કદિ કોઇ મહાસતીજીના દર્શન પણ ન કરનાર એ બાલિકા પ્રથમવાર સ્થાનકવાસી સંપ્રદાયના એક સંતના દર્શન કરે, એમના પ્રત્યે શ્રધ્ધા અને સમર્પણભાવ જાગે, સંપૂર્ણ જીવન એ સંતના ચરણ - શરણમાં અર્પણ કરી દેવાની ભાવના કરે અને એ સંત ગુરુ સ્વરૂપે એ બાલિકાને એક અજાણ્યા મહાસતીજી પાસે અભ્યાસ અર્થે જવાની આજ્ઞા કરે ત્યારે ન કોઇ વિકલ્પ કે ન કોઇ વિચાર, ન કોઇ આનાકાની કે ન કોઇ અણગમો ! માત્ર ને માત્ર સ્વીકારભાવ અને ગરુઆજ્ઞા પાલનના ભાવ સાથે એ બાલિકા પહોંચી જાય છે એ અજાણ્યાં મહાસતીજીની નિશ્રામાં ! પિતા ધીરૂભાઈ પણ ગુરુ શ્રદ્ધાએ અજાણ્યા ક્ષેત્રમાં, અજાણ્યા મહાસતીજી પાસે પોતાની લાડકીને મૂકવા જાય છે.

સમય ચાહે ચોથા આરાનો હોય કે પાંચમા આરાનો, પરંતુ શ્રધ્ધા અને સમર્પણ ભાવનાના અતૂટ બંધને બંધાયેલી ગુરુ-શિષ્યની યુગો યુગોની પરંપરા આજે પણ આવા આત્માઓ થકી ઉજાગર બની રહી છે.

જ્ઞાનાભ્યાસ

બાલ્યાવસ્થાથી જ ધર્મના રંગે રંગાયેલાં.. કંદમૂળ ત્યાગ અને હોટેલ ત્યાગ જેવા ત્યાગના સંસ્કારોથી સંસ્કારિત થયેલાં વૈરાગી તારાબેન સહજપણે જ પૂજ્ય મહાસતીજીની નિશ્રામાં વૈરાગ્ય સભર વાતાવરણમાં ગુંથાઈ ગયાં !

બાળપણથી જ અભ્યાસ પ્રત્યે અત્યંત રૂચિ અને જિજ્ઞાસાવૃત્તિ ધરાવતાં તારાબેને વાચાળ વૃત્તિને ત્યાગીને ઓછા શબ્દ પ્રયોગે વધારે કાર્ય કરીને પોતાની વિચક્ષણ બુધ્ધિ પ્રતિભા અને વિનય-વિવેકના દર્શન કરાવ્યાં.

પૂજ્ય ગુરુદેવશ્રીની આજ્ઞા પ્રત્યે સ્વીકારભાવ રાખીને સ્વયંને જે મહાસતીજીની નિશ્રામાં સોંપવામાં આવ્યાં છે એમના સિવાય અન્ય કશે જવું નહીં અને વ્યર્થ કશું બોલવું નહીં એવા નિર્ણય સાથે **પાર્થર્ડી બોર્ડ** સંસ્થામાં આચાર્ય સુધીનો અભ્યાસ કર્યો. એની સાથે સંસ્કૃત, પ્રાકૃત, ન્યાયશાસ્ત્ર, જૈન આગમ, કર્મગ્રંથ અને તત્ત્વાર્થ સૂત્ર જેવા ગહન વિષયોમાં નિપુણતા પ્રાપ્ત કરી.

નિ:સ્વાર્થ સેવા

સંપૂર્ણ એકાગ્રતા સાથે અભ્યાસ કરતાં-કરતાં છ વર્ષની વૈરાગી અવસ્થા દરમ્યાન ગુરુણીમૈયા પૂજ્ય શ્રી લીલમબાઈ મહાસતીજીનું સ્વાસ્થ્ય નાદુરસ્ત થતાં તારાબેને અગ્લાન ભાવે એમની અવિરત્ સેવા કરીને સ્વયંની નિ:સ્વાર્થ સેવા ભાવનાના પણ દર્શન કરાવ્યાં.

કોઈના કહ્યાં પછી કે ચીંધ્યા પછી જે થાય તે માત્ર કાર્ય હોય પરંતુ કોઈના કહ્યાં કે ચીંધ્યા વિના પણ અંદરના સંસ્કારોને કારણે કોઈની સાર-સંભાળ કે શુશ્રુષા લેવાય તે વાસ્તવિકતામાં સેવા હોય છે.

અડધી રાત્રે ગુરુણીશ્રી પથારીમાં હજી તો બેઠાં થાય કે તુરંત જ તારાબેન સફાળા જાગીને એમની સેવામાં લાગી જતાં. ગુરુણીશ્રીને કદી **તારાબેન** નામની હાંક પણ ન પાડવી પડે એવી શ્વાન સરીખી જાગૃત અવસ્થા સાથે તારાબેન ગુરુણીશ્રીની દવા, ઉકાળા, ઘસારો વિગેરે જાતે જ તૈયાર કરીને આપતા, એટલું જ નહીં પરંતુ વૈધરાજ સાથે પણ ગુરુણીશ્રીની દવા સંબંધી ચર્ચા કરીને વધારેમાં વધારે એમને શાતા પમાડવાનો પ્રયત્ન કરતાં.

એવા એ સેવાભાવી તારાબેન એવા એ પ્રેમાળ તારાબેન, એવા એ આજ્ઞાંકિત તારાબેન ! બહારથી તો કદાચ દુનિયાની દૃષ્ટિએ હજુ પણ ભાવિના દીક્ષાર્થી હતાં પરંતુ એમની રગરગમાંથી એમના માંહ્યલામાંથી માત્ર ને માત્ર એક જ નાદ અને એક જ ભાવ ઝરી રહ્યો હતો, સંયમ અને બસ સંયમ ! ! !

બાગ અને બાગબાન

ખિલખિલાટ કરતો મઘમઘતો સુંદર બાગ સહુના દિલને **બાગ બાગ** કરી દેતો હોય છે. વાતાવરણમાં એક અનેરી ખુશનુમા પ્રસરાવી દેતો હોય છે ! ખીલવું અને મઘમઘવું તે બાગનો સ્વયંનો સ્વભાવ અને સ્વયંનો પુરુષાર્થ હોય છે પરંતુ એના સૌંદર્યનું જતન, એની માવજત અને એનો ઉછેર કરવામાં જેની પાયાની મહેનત અને જહેમત લાગેલી હોય છે તે **બાગબાન** એટલે કે માળી હોય છે !

એક માળી પોતાના બાગની યોગ્ય જાળવણી કરીને એને સમયસર ખાતર-પાણીનું પોષણ તો આપતો જ હોય છે પરંતુ બાગના સુયોગ્ય વિકાસ માટે જે માળી સમયે સમયે, વધારાના ઝાડી-ઝાંખરા કે અયોગ્ય રીતે વિકસિત થયેલી ડાળીઓની કાપકૂપ પણ કરી જાણે છે તે જ વાસ્તવિકતામાં સુયોગ્ય માળી હોય છે.

આ સંસારમાં માતા-પિતા, શિક્ષક અને ગુરુ એ બાળકના જીવનરૂપી બાગને ખીલવતાં બાગબાન હોય છે ! માત્ર પ્રેમનું પોષણ આપે તે નહીં પરંતુ બાળકની નાનામાં નાની અયોગ્યતાની કાપકૂપ પણ જે કરી શકે છે તેવા સુયોગ્ય માળી જ બાળકના જીવનનું સુંદર ઘડતર કરી શકતાં હોય છે !

સંયમનું પ્રમાણપત્ર

વૈરાગી તારાબેન ! એક એવા સદ્‌ભાગી આત્મા, જેમને તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવશ્રી જેવા મહાન સિધ્ધપુરુષ સ્વરૂપ જીવન ઘડવૈયાનો યોગ પ્રાપ્ત થયો. ગુરુને ક્ષણે-ક્ષણે ખમ્મા-ખમ્મા કરીને એમના યોગોની ક્ષેમકુશળતા રાખવી તે દરેક શિષ્યનો ધર્મ હોય છે પરંતુ શિષ્યના આત્મકંચનને નિખારવા માટે ક્ષણે-ક્ષણે શિષ્યની અગ્નિપરિક્ષા કરવી એ સદ્‌ગુરુનો શિષ્ય પ્રત્યેનો ધર્મ હોય છે. આળ-પંપાળ કરીને માત્ર શિષ્યના દેહની કાળજી કરે એ કદી સદ્‌ગુરુ ન બની શકે. પૂજ્ય મુક્ત-લીલમ ગુરુણીશ્રીઓની નિશ્રામાં વૈરાગી અવસ્થાના છ-સાત વર્ષ દરમ્યાન તારાબેન પણ પરોક્ષ રીતે ગુરુ દ્વારા લેવાઇ રહેલી એક પછી એક અગ્નિ પરીક્ષામાં સ્વયંના આત્મકંચનને સંયમયોગ્ય નિખાર આપી રહ્યા હતા. તારાબેનના અંતરની સંયમગ્રહણ માટેની અદ્‌મ્ય ઝંખના, પ્રભુ પંથને પામવાની તીવ્ર તડપ, ગુરુ-ગુરુણીશ્રી પ્રત્યેનો એમનો સમર્પણભાવ, અનકૂળ કે પ્રતિકૂળ એવી કોઇપણ પરિસ્થિતિ પ્રત્યેનો એમનો સ્વીકારભાવ અને સાથે સાથે સંસાર પ્રત્યેનો તદ્‌ન નિર્વેદભાવ, તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવશ્રીની પારગામી દૃષ્ટિથી છૂપો ન રહી શકયો.

અંતે એક દિવસ, તપસમ્રાટ જેવા મહાપુરુષ તરફથી વૈરાગી તારાબેનને **સંયમ ગ્રહણ યોગ્ય આત્મા,** સ્વરૂપનું **સો ટચના સોના** નું પ્રમાણપત્ર મળી જ ગયું. ગુરુ તરફથી તારાબેનને દીક્ષાની અનુમતિ પ્રાપ્ત થઇ ગઇ.

આ જગતના મોટાભાગના લોકો, દુનિયાના લોકો મારા માટે શું વિચારશે ? શું ધારશે ? મારા માટે શું કહેશે ? ના ભ્રમણાના પ્રમાણપત્રની પરવાહમાં પોતાના જીવનનો અમૂલ્ય સમય અને અમૂલ્ય તક વેડફી દેતાં હોય છે પરંતુ સુજ્ઞ આત્માઓ, સમયે-સમયે બદલાતાં રહેતાં દુનિયાના પાયા વિહોણા પ્રમાણ પત્રની પરવાહ કર્યા વિના માત્ર પરમાત્માનું પ્રમાણ પત્ર મેળવવા સ્વયંના જીવનને સદ્‌ગુણોથી ખીલવી દેતાં હોય છે.

દુનિયાના લોકો દ્વારા અપાતાં અભિપ્રાય કે પ્રમાણ પત્રનું કદી કોઇ મૂલ્ય હોતું જ નથી જે વારંવાર પરિસ્થિતિ પ્રમાણે બદલાતાં રહેતાં હોય છે પરંતુ એકવાર ગુરુ-પરમાત્મા દ્વારા યોગ્યતાનું પ્રમાણ પત્ર મેળવનારી વ્યક્તિને આ જગત કદી અયોગ્ય ઠેરવી શકતું નથી.

યાચક ભાવે વારંવાર વારંવાર ગુરુ પાસે દીક્ષાની યાચના કરી રહેલાં તારાબેનની યોગ્યતાના આધારે ગુરુ તરફથી દીક્ષાની અનુમતિ પ્રાપ્ત થતાં જ તારાબેનનો મન-મયુર આનંદનો થનગનાટ કરવા લાગ્યું.

કોઇપણ પાત્રવાન વ્યક્તિને ગુરુ દીક્ષાની માત્ર પ્રેરણા આપે પરંતુ દીક્ષાની આજ્ઞા તો તેની યાચના પામ્યાં બાદ જ આપતાં હોય છે, ગુરુ ચરણમાં શિષ્ય દ્વારા અર્પણ કરવામાં આવતો વારંવારની યાચના સ્વરૂપ **અનુનય** તે ગુરુ તરફથી દીક્ષિત અને શિક્ષિત થવા માટેની પરમ કૃપા પ્રાપ્તિનું કારણ બનતો હોય છે.

અંતરાયનું તિમિર

તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવશ્રીની આજ્ઞા મળતાં જ પિતા શ્રી ધીરૂભાઇ મહેતા પાસેથી પણ દીક્ષાની આજ્ઞા મેળવવા તારાબેન અમરાવતી આવે છે. ઘરના વાતાવરણમાં, સંસારના પાપમય વાતાવરણમાં, સ્વજનોની લાગણીની વચ્ચે પણ તારાબેનનો સંયમભાવ અણીશુધ્ધ બની રહે અને ઓછામાં ઓછો પાપબંધ થાય એવી હિતદૃષ્ટિથી તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવશ્રીનું ફરમાન થાય છે, ઘરમાં રોકાણ દરમ્યાન અગ્નિ પ્રજવલિત કરવો નહીં, ઇલેકટ્રીસીટીનો વપરાશ કરવો નહીં, કાચા પાણીનો સ્પર્શ કરવો નહીં અને વડીલો તરફથી દીક્ષાની આજ્ઞા પ્રાપ્ત થાય નહીં ત્યાં સુધી સાકર અને લીલોતરીનો ઉપયોગ કરવો નહીં.

ગુરુની આજ્ઞાને શિરોમાન્ય કરીને તારાબેન ઘરે પહોંચે છે એમ માનીને કે, હવે તો સંયમ ગ્રહણના સ્વપ્ન સાકારની ક્ષણો બસ આજે આવી કે કાલે આવી ! પરંતુ અંતરાય રૂપી તિમિરના સામ્રાજ્યનો સમયગાળો જ્યાં સુધી પૂર્ણ નથી થતો ત્યાં સુધી યોગ રૂપી જ્યોતિ પ્રકાશમાન થવાને શકય નથી બનતી. ગુરુ પાસે યોગ્યતા પૂરવાર કરનાર તારાબેન પિતાશ્રી પાસે આજ્ઞા માંગીને વહેલામાં વહેલી તકે સંયમ ગ્રહણની ભાવના વ્યક્ત કરે છે પરંતુ તારાબેનના પિતા શ્રી ધીરૂભાઇ મહેતા, એક અનુભવી, નિષ્ઠાવાન અને ધીર-ગંભીર દીર્ઘદ્રષ્ટા પુરુષ હતાં. તેઓ જાણતાં હતાં કે, **ઉતાવળે આંબા કદી પાકે નહીં** એટલા માટે જ, તેઓ દીકરીની પૂર્ણ પરિપકવતા અને યોગ્યતાની ચકાસણી કર્યા વિના દીક્ષાની અનુમતિ આપવા માટે રજામંદ ન થયાં.

પિતાનું સંસ્કરણ

શાસ્ત્રો અને ગ્રંથોમાં કોઇપણ મહાપુરુષ કે મહાન આત્માની ગૌરવ ગાથામાં જન્મદાત્રી માતાના પ્રદાનને મહત્ત્વપૂર્ણ અને ગૌરવપૂર્વક આલેખિત કરવામાં આવ્યાં છે, પરંતુ પિતાના સ્થાનનો ઉલ્લેખ બહુ ઓછો જોવા મળતો હોય છે. સંયમી આત્માની માતાને તો **રત્નકુક્ષિણી માતા** નું બિરૂદ પ્રાપ્ત થઇ જતું હોય છે પરંતુ પિતાને એવા કોઇ પદથી વિભૂષિત કરવામાં આવ્યાં હોય એનો ઇતિહાસમાં કયાંય ઉલ્લેખ થયો નથી કેમકે, એક સ્ત્રી હૃદય પોતાના સંતાન પ્રત્યેના પ્રેમની અભિવ્યકિત શબ્દો દ્વારા, આંસુઓ દ્વારા કે વ્યવહાર દ્વારા ખૂબ સહજતાથી વ્યકત કરી શકતું હોય છે માટે જ, સમાજની સહાનુભૂતિ પણ સહજતાથી પ્રાપ્ત થઇ જતી હોય છે. જ્યારે એક પિતૃ હૃદય પોતાના સંતાન પ્રત્યેની અંતરની સંવેદનાને કદાચ શબ્દોની કે આંસુઓની વાચા ન આપી શકતું હોય પરંતુ સંતાન માટેનો વાત્સલ્યનો દરિયો તો એમાં પણ સતત ઘૂઘવાટ કરતો જ રહેતો હોય છે.

શ્રી ધીરૂભાઇ મહેતા પણ એક એવા પિતા હતાં જેમણે પોતાના સંતાનોને ન માત્ર વાત્સલ્ય આપ્યું હતું પરંતુ સાથે સાથે માનવજીવનના નૈતિક મૂલ્યો અને ધર્મના સંસ્કારો સાથે નિષ્ઠા રૂપી ગળથૂથીનું પણ સેવન કરાવ્યું હતું. માટે જ, જ્યારે તારાબેનને તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવશ્રી તરફથી પૂજ્ય મુક્ત-લીલમ ગુરુણીશ્રી પાસે એટલે કે, અજાણ્યાં મહાસતીજી પાસે જવાની આજ્ઞા થઇ ત્યારે પિતા શ્રી ધીરૂભાઇએ સ્વયં મૂર્તિપૂજક પરિવારના હોવા છતાં સ્થાનકવાસી સંપ્રદાયના ગુરુ વચન પર શ્રધ્ધા કરીને તારાબેનને અભ્યાસ અર્થે જવાની સંમતિ તો આપી, એની સાથે-સાથે તારાબેનના હાથમાં એક નિયમ ડાયરી પણ

આપી દીધી. **ગુરુથી પ્રભાવિત થઇને વગર વિચાર્યે કોઇ પચ્ચક્‌ખાણ લેવા નહીં, સમજણપૂર્વક સ્વયંની ક્ષમતા પારખીને આગળ વધવું, માતા-પિતાને અજાણ રાખીને કોઇ કાર્ય કરવું નહીં. એક હાથમાં ડાયરી આપીને બીજા હાથેથી પિતાશ્રીએ એક વચન પણ લીધું. ગુરુ મહારાજ જે મહાસતીજીની નિશ્રામાં તમને સોંપી રહ્યાં છે એ મહાસતીજીની નિશ્રા સિવાય અન્ય કશે જવું નહીં,** મનને અન્યત્ર કશે ભટકવા દેવું નહીં. સંસ્કારો અને સંસ્કૃતિનું આવું જતન કરનારા હતાં પહેલાંના સમયના વડીલો તો સામે પક્ષે સંતાનો પણ વડીલોની એવી આમન્યા જાળવનારા હતાં કે બા-બાપુજીના મુખમાંથી કોઇ શબ્દ સરે તો વળતો જવાબ માત્ર **હા જી** સ્વરૂપે પ્રગટ થતો.

યોગોનું સ્થિરિકરણ

વચનબધ્ધ થયેલાં તારાબેન પણ પૂજ્ય ગુરુણીશ્રીની નિશ્રામાં પૂર્ણપણે નિષ્ઠાવાન બનીને રહ્યાં. તે સમયે તારાબેન સાથે પૂજ્ય મહાસતીજી પાસે અન્ય આઠ-દસ બહેનો પણ વૈરાગી તરીકે સંયમ જીવનની શિક્ષા લઇ રહ્યાં હતાં. ઘણીવાર એ વૈરાગી બહેનોના ખૂબ આગ્રહ કરવા છતાં તારાબેન એમની સાથે કદી કયાંય પણ બહાર જતાં નહીં.

હંમેશાં એવું બનતું હોય કે ગુલાબનો છોડ જે માટીમાં વાવેલો હોય એ માટીમાં પણ ધીમે-ધીમે ગુલાબની સુગંધ પ્રસરાઇ જતી હોય છે, જેવી સંગત એવી રંગત ચડી જ જતી હોય છે. પ્રભુ કહે છે, જેના શરણે જઇએ તેના જેવા થઇએ. માટે જ, કોઇપણ વ્યક્તિના જીવનમાં જ્યારે સદ્‌ગુરુનો યોગ થાય છે ત્યારે ગુરુના ગુણોની મહેક, ગુરુના ગુણોની અસર શિષ્યના જીવનમાં પણ જાણે - અજાણે પ્રસરાઇ જતી હોય છે. ગુરુના શાંત-પ્રશાંત યોગો શિષ્યના ચંચલ યોગોને પણ મંદ અને શાંત કરી જ દેતાં હોય છે.

સંયમ જીવન એ શાંત, સ્થિર અને મૌન બની જવાની સાધના હોય છે. વૈરાગી અવસ્થામાં જ તારાબેન માત્ર શાંત અને મૌન જ નહીં પરંતુ મનની તમામ ચંચલતાઓને ત્યાગીને પિતાને આપેલાં વચન, ગુરુની આજ્ઞા અને ગુરુણીશ્રીના ચરણમાં સ્વયંના યોગોને સ્થિર કરવાની સાધના કરી રહ્યા હતા.

એ દરમ્યાન, પૂર્વ ભારત ક્ષેત્રમાં સ્થિત સુવિખ્યાત તીર્થધામ **શ્રી સમ્મેત શિખરજી** ની પાવન ભૂમિમાં પૂજ્ય શ્રી જગજીવનજી મહારાજ સાહેબની સંથારાની આરાધના ચાલી રહી હતી ત્યારે, તારાબેનની સાથે રહેતાં દરેક વૈરાગી બહેનોને પૂજ્ય મહારાજ સાહેબના દર્શન-વંદનનો લાભ લેવા માટે તેડાવ્યાં હોવા છતાં સ્વયંની ઇચ્છા-અનિચ્છાનો ત્યાગ કરીને પિતાશ્રીને આપેલાં વચન પ્રત્યે તારાબેન કટીબધ્ધ રહ્યાં. સાથે રહેતાં બધાં જ વૈરાગી બહેનો સમ્મેત શિખરજી ગયાં પરંતુ તારાબેન તો જ્યાં સુધી પોતાને દીક્ષાની આજ્ઞા ન મળે ત્યાં સુધી બીજે કયાયં ન જવાના દૃઢ સંકલ્પ સાથે શાંત ભાવે ઘરે રહીને આરાધના સેવા કરતાં રહ્યાં.

પિતાની ખાનદાની

જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપના ધર્મ સ્તંભ રૂપી પાયા પર સંયમની સાધના નિર્ભર બનતી હોય છે. વૈરાગી અવસ્થામાં જ બ્રહ્મમુહૂર્તના સમયે રાત્રિના 3 વાગે ઉઠીને પ્રમાદ ત્યાગ તેમજ પોતાનો સામાન પોતે ઉંચકી શકે એટલી જ ઉપધિ રાખીને પરિગ્રહ ત્યાગ જેવા ગુણો સાથે જ્ઞાન, દર્શન અને ચારિત્રની સાધનામાં આગળ વધી રહેલાં તારાબેને એકાંતર ઉપવાસના વર્ષીતપ સાથે સ્વયંની પૂર્ણ પાત્રતાના દર્શન કરાવી દીધાં હતાં. દીકરીની આવી યોગ્યતા હોવા છતાં નાની સરખી અયોગ્યતા રૂપી ડાળી પણ એના સંયમ બાગનું સૌદંર્ય હણી ન લે એ માટે પિતા શ્રી ધીરૂભાઇ બાગબાન બનીને એ અયોગ્ય ડાળીને કાપી નાંખવાની રાહ જોઇ રહ્યાં હતાં. એવા સમયે એક દિવસ, નાનકડી કોઇક ભૂલ કરનાર નાના ભાઇ પર તારાબેન ક્ષણિક ગુસ્સો કરી બેઠાં અને આ દૃશ્ય અનાયાસે પિતા શ્રી ધીરૂભાઇની દ્રષ્ટિમાં આવી ગયું !

હવે શું થાય ? સંતાનોના મોટામાં મોટા દુર્ગુણ પ્રત્યે પણ દુર્લક્ષ કરીને પોતાની મસ્તીમાં જીવી રહેલાં મોટા ભાગના આજના વડિલો જાણે - અજાણે એક અસ્વસ્થ સમાજનું નિર્માણ કરી રહ્યાં છે ત્યારે પહેલાંના વડિલો

પોતાના સંતાનોને ગુણોથી સમૃધ્ધ બનાવવાની ખાનદાની ધરાવતાં હતાં.

પિતા શ્રી ધીરૂભાઇ જાણતાં હતાં કે, સંસારમાં પોષાયેલી અંદરની પ્રકૃતિ સંયમ જીવનમાં પણ વારંવાર ડોકિયા કરતી રહેશે, તારાબેન આજે સંસારમાં ગુસ્સો કરશે, સામેવાળાએ ચાહે ગમે તે અપરાધ કર્યો હોય પરંતુ તારાબેને સ્વયં પર સંયમ ન રાખ્યો. સંયમ એ માત્ર બાહ્ય આકર્ષણનો નહીં પરંતુ આંતરિક ચેતનાની જાગૃતિનો વિષય હોય છે. સ્વયંની વૃત્તિઓ પર લગામ રાખવી તે જ સંયમ હોય છે અને જ્યાં સુધી આ વૃત્તિઓ હશે ત્યાં સુધી સંયમની આજ્ઞા આપવી યોગ્ય નથી. ત્યારે, રણમાં પાણીની ભ્રમણા કરાવતાં મૃગજળની જેમ તારાબેનની ઝટ સંયમ સંયમ પામી લેવાની આશ એક મૃગજળ બનીને રહી ગઇ.

સંયમની રજામંદી

પરંતુ, કોઇક શાયરે કહયું છે ને,

मंझिलें बड़ी मुश्किल होतीं हैं,
हासिल कहाँ नसीब से होतीं हैं,
मगर तूफां भी वहाँ हार जाया करते हैं,
जहाँ कश्तियाँ बडी ज़िदी होतीं हैं !

પિતા શ્રી ધીરૂભાઇની ખાનદાની સામે તારાબેન પણ રગરગમાં સંયમની અનોખી ખમીરી અને ખુમારી ધરાવતાં હતાં.

જીદ પૂર્વક કરેલી કોઇપણ ક્રિયા કદી ફળદાયી નથી બનતી, પછી ચાહે એ ત્યાગમાર્ગ માટેની જીદ પણ કેમ ન હોય ! માતા - પિતા પાસે જીદ કરવાની આદત ગુરુ પાસે પણ જીદ કરવા પ્રેરિત કરી જતી હોય છે. એવી પિતાશ્રીની માન્યતા અને **આજે જે અહીં કરો છો તે આવતીકાલે સંયમમાં કરશો** એવો સ્વભાવ ન ચલાવી લેનારા પિતાશ્રી પાસે ફરીને ત્રણ-ચાર મહિના બાદ તારાબેને સ્વયંની પાત્રતાનો ઓર વિકાસ કરીને પિતાશ્રીને સંયમની અનુમતિ આપવા માટે આખરે એક દિવસ, રજામંદ કરી જ લીધાં ! સંયમ યોગની જ્યોતિ પ્રકાશમાન થઇ ગઇ, ચીરાઇ ગયાં અંતરાયના તિમિર !

પિતાશ્રી તરફથી દીક્ષાની અનુમતિ મળી ગઈ, પરંતુ કોમળ એવું એક માતૃહૃદય પોતાના સંતાનના વિયોગની વાત કેમ કરીને ખમી શકે ? શાસ્ત્રોમાં પણ આ વાત આલેખિત થયેલી છે કે મૃગાપુત્ર, ગજસુકુમાર અને અઇમુત્તાકુમાર જેવા કેટલાંય પાત્રોએ જ્યારે પોતાની માતા સમક્ષ સંયમ પંથે જવાની ભાવના વ્યકત કરી તે સમયે સંતાન પ્રત્યેના મોહ અને વિયોગના આઘાતના કારણે એમની માતા બેશુધ્ધ બનીને ઢળી પડયા હતાં.

કાળના અનંત ચક્ર ચાહે પરિવર્તિત કેમ ન થઇ જાય, પરંતુ માતૃહૃદયમાં ધરબાયેલી સંવેદનાની ધરી તો સદાકાળ એમની એમ જ રહેતી હોય છે.

તારાબેનને પિતાશ્રી તરફથી દીક્ષાની અનુમતિ મળવાની વાત સાંભળતાં જ માતા પુષ્પાબેન પુત્રી વિયોગના આઘાતને ઝીરવી ન શકયાં અને બેશુધ્ધ બનીને ઢળી પડયાં.

મા ના હૃદયથી ઉદ્‌ભવતી એ વેદનાની સંગે, પિતૃ હૃદયના આજ્ઞા અર્પણના એ સંતોષની સાક્ષીએ, ધીરે ધીરે... હળવે હળવે સંધ્યા ઢળી રહી હતી, આવનારી ધન્ય પળોની પ્રતીક્ષાની એ લાલિમા સાથે, ગગન પણ તારાઓનો શણગાર સજવાને સજ્જ બની રહ્યો હતો.

ભાવિની એ દિવ્ય ક્ષણોની તિતિક્ષા સાથે, શ્વાસે શ્વાસે એક તલસાટ અનુભવી રહ્યું હતું એ હૃદય પણ, દીક્ષાની એ પરમ ભિક્ષા પામવાને કાજે કે

હે સંયમ !
હવે સમાઇ જાઉં તારા આગોશમાં,
ત્યાગ... ત્યાગ... અને ત્યાગના એ *ઘોષમાં,*
સિધ્ધિ અને મુક્તિના એ *પ્રતિઘોષમાં !*

મળેલાં સમય અને પદાર્થનો એક પણ ટુકડો કેમ કરીને વેડફાય ? હોસ્પિટલમાં બેઠાં બેઠાં વસ્ત્રને સાંધીને સમયના ટુકડાનો સદ્‌ઉપયોગ કરે અને થર્મોકોલના ટુકડા જોડી, પગ માટેનો આધાર બનાવી વ્યર્થ પદાર્થનો પણ ઉપયોગ કરે ! પ્રાપ્તિનું મૂલ્ય સમજનારા એવા પૂ. શ્રી વીરમતીજી !

આમ્રવૃક્ષની ઓથે...

જેમની સાધનાને
પચાસ વર્ષ વ્યતીત થવા છતાં
આજે પણ મૂક દૃષ્ટિથી નિહાળીને
વારંવાર વંદી રહ્યું છે ખાંભા ગામની
આંબાવાડીનું આમ્રફળથી લચલચતું
એ સદ્‌ભાગી આમ્રવૃક્ષ !!

સત્ય...

અસીમ છે આકાશની જેમ !

સૂક્ષ્મ છે અણુની જેમ !

અનાદિ અનંતકાળથી સત્ય... સત્ય જ છે !

સત્ય જ જ્ઞાન છે અને સત્ય તે જ પરમાત્મા છે !

સંયમ રૂપી મંદિરના ગર્ભગૃહમાં બિરાજમાન થઈને બેઠાં છે, સત્ય રૂપી પરમાત્મા !

એવા સત્યની, જ્ઞાનની, પરમાત્માની પ્રાપ્તિનો પુરુષાર્થ જેમને કરવો છે તેવા આત્માઓ સર્વ સુખ-સમૃધ્ધિને સલામ ભરીને, સર્વ સંબંધોને વિરામ આપીને, આ પાપમય સંસારનો પૂર્ણ વિરામ કરીને પ્રભુ આજ્ઞામાં જીવનની ક્ષણ ક્ષણ વ્યતીત કરવા એક નવો જન્મ ધારણ કરે છે, જેને કહેવાય છે, દીક્ષા !

તારાબેનના નવા જન્મ ધારણ કરવાની ઘડીઓ બસ, નજીક ને નજીક આવી રહી હતી.

ધન્ય તે ધરા

કહેવાય છે કે જે ભૂમિના પરમ સદ્‌ભાગ્ય હોય એ ભૂમિ પર જ દીક્ષા જેવા મહા મંગલકારી મહોત્સવની ઉજવણી થતી હોય છે, કેમકે મહોત્સવમાં પધારનારા સેંકડો-હજારો ભાવિકોમાંથી કોઈક ભાવિના સંત, આચાર્ય કે તીર્થંકરનો આત્મા પણ હોઈ શકે, જેની પાવન સ્પર્શનાઓ તે ભૂમિને પ્રાપ્ત થતી હોય છે !

સંતો અને મહંતોની ભૂમિ એવી સૌરાષ્ટ્રની પાવન ધરા પર વિશાળ વિસ્તારમાં પથરાયેલો ગિર પ્રદેશ ! વનના રાજા સિંહોની ગર્જનાથી ગુંજતો અને દેશી દુધાળી ગાયોથી સમૃધ્ધ એવા ગિર પ્રદેશનું નાનકડું રળિયામણું ગામ - ખાંભા, જ્યાંના નગરશેઠ શ્રી જગજીવનભાઈ ઝવેરચંદ શેઠના દીકરી કૈલાશબેન અને શ્રેષ્ઠિવર્ય શ્રી અમીચંદભાઈ જગજીવન ફીફાદરાના દીકરી રંજનબેન પણ સંસારને અલવિદા કરીને દીક્ષા લેવા માટે થનગની રહ્યાં હતાં.

ગામની બે-બે દીકરીઓ પરમાત્માના પંથે પ્રયાણ કરી રહી હોય ત્યારે દીક્ષા એ ગામમાં જ થાય એવી ભાવના હૃદયમાં સહજપણે ઉઠતી હોય છે. આવી જ ભાવના સાથે નગરશેઠ શ્રી જગજીવનભાઇ સમગ્ર દીક્ષા મહોત્સવની જવાબદારી લેવાના મંગલ ભાવો સાથે તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવશ્રીને મહોત્સવ ખાંભામાં ઉજવવાની આગ્રહભરી વિનંતિ કરે છે. નગરશેઠના અંતરની ઉમદા ભાવના તેમજ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવોને લક્ષ્યમાં રાખીને ખાંભાની ભૂમિ પર દીક્ષા મહોત્સવ ઉજવવાનું નકકી થાય છે.

અહો ! પુણ્યવંતી એ ખાંભાની ધરા... પુણ્યવંતા એ

ધરાના ભાવિકો, જે સાક્ષી બનવાના હતાં એ દિવ્ય ક્ષણના, જ્યારે પરમાત્માના દરબારમાં એક,બે કે ત્રણ આત્મા નહીં પરંતુ એક સાથે આઠ-આઠ આત્માઓ પ્રવેશ પામવા માટે કલ્યાણના દાન પામવાના હતાં !

વેરાવળ નિવાસી શ્રી તારાબેન અમૃતલાલભાઈ શાહ.
ખાંભા નિવાસી શ્રી કૈલાશબેન ભગવાનદાસભાઇ કામદાર.
ખાંભા નિવાસી શ્રી રંજનબેન અમીચંદભાઇ ફિફાદરા.
ધારી નિવાસી શ્રી હંસાબેન મોહનલાલભાઇ ઝાટકીયા.
બિલખા નિવાસી શ્રી લક્ષ્મીબેન નરભેરામભાઇ ગાંધી.
મુંબઇ નિવાસી શ્રી અનસુયાબેન મોહનલાલભાઇ મહેતા.
અમરાવતી નિવાસી શ્રી તારાબેન ધીરજલાલભાઇ મહેતા.
બગસરા નિવાસી શ્રી કુંદનબેન ગીરધરલાલભાઇ મેઘાણી.

દીક્ષા મહોત્સવની લહેર

સત્યની શોધનો પ્રારંભ કરવા જઇ રહેલાં આઠ આત્માઓનો દીક્ષા મહોત્સવ જાણે ખાંભાના એક-એક ઘરનો ખુદનો મહોત્સવ હોય એવા ઉત્સાહની એક અનોખી લહેર પ્રસરાવી ગયો. દેશ-દેશાવરના, ગામે-ગામના, અનેક-અનેક ક્ષેત્રના હજારો-લાખો લોકોની જીભે એ ખોબા જેવડું ખાંભા ગામ ચડી ગયું. જૈન સમાજના ખૂણે ખૂણે ખાંભાના દીક્ષા મહોત્સવની ચર્ચા થવા લાગી.

ચારે તરફથી હજારો લોકો જે સવારી મળે તેમાં સવાર થઇને ખાંભા તરફ આવવા લાગ્યાં. એ સમયે ગામડાના લોકો માટે મુંબઇ શહેરની પણ વિદેશ જેવી ગણના થતી ! એવા મુંબઇ શહેરથી ગુજરાત-સૌરાષ્ટ્ર તરફ આવનારી બધી જ ટ્રેનો ખાંભા માટે ફુલ થઇ ગઇ. ધારી જેવા ગામડાઓમાંથી દસ દસ ટ્રકો ભરીને ભાવિકો પધાર્યા તો બીજી બાજુ મુંબઇથી એક આખી સ્ટીમર માત્ર ને માત્ર ખાંભા માટે ફુલ થઇને આવી, તો અમેરિકા જેવા વિદેશના ક્ષેત્રોમાંથી પણ અનેક ભાવિકો પધાર્યા.

આજથી બે-પાંચ-પંદર વર્ષ પહેલાં નહીં પરંતુ પચાસ વર્ષ પહેલાનાં એ સમયમાં ગણત્રીના માત્ર 50 જેટલાં સંઘ સભ્યોવાળા એ ખાંભા ગામમાં હજારો ભાવિકો આ દીક્ષા મહોત્સવમાં પધાર્યા ! એક એક ઘરમાં 100 થી પણ વધારે મહેમાનોની પરોણાગતની સાથે, ગામની શાળાઓ અને ધર્મશાળાઓ જેવા સ્થાનોમાં પણ મહેમાનોને ઉતારા આપવામાં આવ્યાં.

આઠ-આઠ દિવસ સુધી ચાલેલાં દીક્ષા મહોત્સવમાં, દરરોજની લાંબી-લાંબી શોભાયાત્રાઓ, હજારો ભાવિકોના ત્રણ-ત્રણ ટંકના સંઘજમણ અને દરરોજની સાંજીના ગીતગુંજનથી ખાંભા ગામના કણ - કણમાં સંયમનો જયનાદ ગુંજી રહ્યો.

એક દિવ્યાત્મા

સહુના હૃદયમાં એક ભાવ, એક અહોભાવ, એક પૂજ્યભાવ જાગૃત થઇ રહ્યો હતો કે આઠ-આઠ આત્માઓ સંયમના માર્ગે પ્રયાણ કરી રહ્યાં છે. અને આ બધી જ ભવ્યતા પાછળ હજારો ભાવિકોના હૃદયમાં ઉછળતાં એ ઉત્સાહભાવની પાછળ એક મુખ્ય તત્ત્વ અસર કરી રહ્યું હતું, એક દિવ્ય તત્ત્વના પુણ્યનો પ્રભાવ એવો પ્રસરી રહ્યો હતો કે લોકો એક અદ્‌મ્ય આકર્ષણથી ખેંચાઇ-ખેંચાઇને આવતાં હતાં.

એ દિવ્યાત્મા... એ પુણ્યાત્મા...

એ પરમ પ્રભાવક આત્મા એટલે,

અવધૂતયોગી લબ્ધિધારી સિધ્ધપુરુષ એવા સમ્રાટોના સમ્રાટ તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવ શ્રી રતિલાલજી મહારાજ સાહેબ !

જેમનું સ્મરણ માત્ર, હજારો-લાખો જીવો માટે આધિ-વ્યાધિ- ઉપાધિનું મારણ બની જતું, જેમના દર્શન દિદાર હજારો ભાવિકોના હૃદયમાં દિવ્યતાની એક સ્પર્શના બની જતાં, જેમની એક દૃષ્ટિ માત્ર અનેકના જીવનની સૃષ્ટિનું પરિવર્તન બની જતી, જેમના ચરણ અને જેમનું શરણ સાક્ષાત પરમાત્માના સમવસરણની અનુભૂતિ બની જતી, જેમના પગલ-પગલે પુણ્યના પદ્મ અને જેમના વચને સિધ્ધિના સોપાન સર્જાઇ જતાં,એવા એ તપોનિધિ પૂજ્ય ગુરુદેવ તારણહારા બનીને, ખેવનહારા બનીને,આઠ આત્માઓની જીવનનૈયા પાર ઉતારવા જઇ રહ્યાં હતાં ત્યારે સહુ કોઇ એ કરુણાકરની વરસતી કરુણા વર્ષામાં ભીંજવાને તત્પર બની રહ્યાં હતાં !

પૂજ્ય ગુરુદેવશ્રીએ આની પહેલાં એક સાથે છ આત્માઓને દીક્ષાના દાન આપ્યાં હતાં અને હવે એક સાથે આઠ આત્માઓનું કલ્યાણ કરવાના હતાં ત્યારે સહુના

હૃદયમાં તપસમ્રાટ જેવા સમર્થ ગુરુના શરણમાં આવનારા એ આઠ સદ્‌ભાગી આત્માઓના દર્શન કરવાના ભાવ ઉછળી રહ્યાં હતાં.

સિધ્ધિઓનો પ્રભાવ

ગામડા ગામમાં હજારો મહેમાનોની આગતા-સ્વાગતા, આઠ-આઠ દિવસ સુધી સવાર, બપોર, સાંજ એમના ભોજન-પાણીની વ્યવસ્થા અને આટલાં મોટા પાયા પર દીક્ષા મહોત્સવનું કાર્ય પાર પાડવું તે ખાવાના ખેલ નથી હોતાં, પરંતુ સિધ્ધપુરુષોની સાધનાના તરંગો એવા પ્રસરતાં હોય, એમના આત્મામાંથી ક્ષણે-ક્ષણે નીકળતાં પાવનતાના આંદોલનો એવા વિસ્તરતાં હોય કે અશક્ય કાર્ય પણ ક્ષણમાં શક્ય બની જતું હોય છે, કઠીન કાર્ય પણ તદ્‌ન સહજપણે પાર પડી જતું હોય છે અને એવું જ કંઇક બન્યું દીક્ષા મહોત્સવ સમયે.

ઘેઘૂર આમ્રવૃક્ષોથી ઘેરાયેલી નગરશેઠ શ્રી જગજીવનભાઇની આંબાવાડી, જ્યાં દીક્ષા મહોત્સવ આયોજિત કરવામાં આવ્યો હતો, એ વાડીના કૂવામાં પાણી તો બહુ ઊંડું-ઊંડું હતું અને ઉપરથી વૈશાખ મહિનાનો દઝાડી દેતો તાપ હતો.

હવે કરવું શું ?

દીક્ષામાં પધારનારા હજારો મહેમાનોને પીવા માટેનું પાણી પૂરું પાડવું શી રીતે ? ગામના અગ્રણી શ્રાવકો મુંઝવણમાં મૂકાઇ ગયાં અને એ જ મુંઝવણ લઇને ગયાં તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવશ્રી પાસે !

ગુરુ એ જ હોય, જે મુંઝવણને પણ
મિજલસમાં પરિવર્તિત કરી દે !

ગુરુ હંમેશાં પારગામી હોય, એ દીર્ઘદ્રષ્ટા હોય. કોઇપણ નિર્ણય લેતાં પહેલાં, કોઇપણ આજ્ઞા આપતાં પહેલાં એ પોતાની પારગામી દ્રષ્ટિથી દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવોને પારખી લેતાં હોય છે. તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવશ્રીએ પણ ક્ષેત્રની યોગ્યતા પારખ્યાં પછી જ ખાંભા ગામમાં દીક્ષા મહોત્સવ ઉજવવાની આજ્ઞા આપી હતી, એટલે બધું સુપેરે પાર પડવાનું જ હતું. મુંઝવણ લઇને આવનાર શ્રાવકોને પૂજ્ય ગુરુદેવશ્રીએ માત્ર એટલું જ કહ્યું, **ચિંતા ના કરો**. એમ કહીને, પૂજ્ય ગુરુદેવશ્રી આંબાવાડીમાં સ્થિત કૂવા પાસે પધાર્યા અને કૂવામાં ક્ષણ બે ક્ષણ માટે એક દ્રષ્ટિ કરી ન કરી કે આખો કૂવો મીઠાં-મધુરા પાણીથી છલકાઇ ગયો. આ હોય છે મહાપુરુષોની દ્રષ્ટિમાંથી પ્રસારિત થતાં દિવ્ય તરંગોના પ્રભાવ. જે રણમાં પણ ગુલાબ ખીલવી દે અને પાણીમાં પણ પથ્થર તરાવી દે !

હજારો-હજારો વર્ષો પહેલાં શા માટે રામના નામે પથ્થર પણ તરી ગયાં હતાં ? શા માટે અહિલ્યા જેવી સ્ત્રી રામનો સ્પર્શ પામીને રૂપવતી નવયૌવનાનું સ્વરૂપ પામી ગઇ ? શા માટે શ્રીકૃષ્ણ સભામાં પ્રત્યક્ષ ઉપસ્થિત ન હોવા છતાં દ્રૌપદીના ચીર પૂરાઇ ગયાં ? શા માટે ? શા માટે ?

કહેવાય છે કે જેમ જેમ આત્માની મલિનતાઓ દૂર થતી જાય, જેમ-જેમ આત્મા શુધ્ધ થતો જાય, તેમ-તેમ, સિધ્ધિઓને સામે ચાલીને એ શુધ્ધ આત્મા પ્રત્યે શરણાધીન થવું જ પડતું હોય છે, આ હોય છે સિધ્ધપુરુષોની સિધ્ધિઓના પ્રભાવ !

શાસ્ત્રોમાં કથિત છે કે મહાપુરુષોની પ્રત્યક્ષ ઉપસ્થિતિ સમયે પ્રસરેલાં એમના દિવ્ય પરમાણુઓ એમની અનુપસ્થિતિમાં પણ હજારો-હજારો વર્ષો સુધી એ જ ક્ષેત્રમાં ગમન કરતાં રહેતાં હોય છે. માટે જ તો, દીક્ષા મહોત્સવને પચાસ-પચાસ વર્ષના વ્હાણા વ્યતીત થવા છતાં ખાંભા ગામની એ આંબાવાડી, આંબાવાડીમાં સ્થિત એ જ કૂવો અને કૂવામાંથી ઝરતું એ જ મીઠું મધુરું પાણી આજે પણ આખા ગામને પાણી પૂરું પાડીને સહુને તૃપ્ત કરી રહ્યું છે, પરિતૃપ્ત કરી રહ્યું છે અને જે આમ્ર વૃક્ષ નીચે દીક્ષા આપવામાં આવી તે વૃક્ષમાં આજે પણ અન્ય વૃક્ષો કરતાં મોટા ફળ આવી રહ્યાં છે.

લબ્ધિના સ્વામી

દીક્ષા મહોત્સવ દરમ્યાન અધધ ભાવિકોની પધરામણી થઇ. જેટલાં ભાવિકોની ગણત્રી કરીને ભોજન બનાવ્યું હોય એના કરતાં બમણી સંખ્યામાં ભાવિકો પધારે. એવી પરિસ્થિતિમાં ભોજન કઇ રીતે પૂરું પાડવું ? ત્યારે પણ તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવશ્રી સહજતાથી કહી દે, **ચિંતા ના કરો.** એમ કહીને પોતાની પાસે રહેલી પછેડી આપતાં કહે, **ભોજનના થાળ પર આ પછેડી**

ઢાંકી દો. પીરસતાં સમયે પછેડી ઉપાડયા વિના અંદરથી પીરસજો અને એક આશ્ચર્ય સર્જાઇ જાય ! ચાહે ગમે એટલાં ભાવિકો ભોજન કરી જાય પરંતુ ભોજન ખૂંટયુ ખૂટે જ નહીં, ખૂટે જ નહીં, અખૂટ બની જાય, અંતે ભોજનના થાળ આખાને આખા ભર્યા ભર્યા રહી જાય. એના કારણે દીક્ષા પછી એટલું બધું ભોજન વધી પડયું કે ચાર-પાંચ દિવસ સુધી ખાંભાની આસપાસના ગામડાઓમાં સેવકોએ વધેલી મીઠાઇઓ વહેંચવા જવું પડયું ! આ હોય છે મહાપુરુષની લબ્ધિઓના પ્રભાવ ! શાસ્ત્રોમાં અનેક પ્રકારની લબ્ધિઓનું વર્ણન કરવામાં આવ્યું છે. આત્મામાંથી સતત વહેતાં શુભ ભાવો અને શુધ્ધ પરિણતિઓના કારણે જે વિશિષ્ટ શક્તિઓનું પ્રાગટય થતું હોય છે એને **લબ્ધિ** કહેવામાં આવે છે. ભગવાન મહાવીરના શિષ્ય ગુરુ ગૌતમ સ્વામી લબ્ધિનિધાન એટલે કે અનંત પ્રકારની વિશિષ્ટ શક્તિઓના ધારક હતાં. એક અંગુષ્ટ હલાવે અને સુવર્ણનો વરસાદ વરસી જાય ! માત્ર એક વ્યક્તિની ક્ષુધા તૃપ્ત થાય એટલાં નાનકડાં ક્ષીરના પાત્ર પર દૃષ્ટિ કરે અને સાથેના 500 તાપસોનું ક્ષીરપાન થઇ જાય એટલી અખૂટ-અક્ષીણ ક્ષીરથી પાત્ર છલકાઇ જાય, જેને **અક્ષીણ મહાનસ લબ્ધિ** કહેવાય છે. આવી લબ્ધિઓ ગૌતમ સ્વામીને શરણાધીન હતી.

તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવશ્રી પણ એક એવું મહાન વ્યક્તિત્વ હતાં જેમના ચરણમાં અનેક પ્રકારની સિધ્ધિઓ અને લબ્ધિઓ આળોટી રહી હતી. તેઓને અક્ષીણ મહાનસ લબ્ધિના થયેલાં આંશિક પ્રાગટયના કારણે જે પદાર્થ પર તે દૃષ્ટિ કરતાં તે પદાર્થ અક્ષીણ એટલે કે અખૂટ બની જતો.

આવી સિધ્ધિઓના સ્વામી હતાં તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવશ્રી, જેમણે પોતાના સંયમી જીવનકાળમાં એક સાથે 6, 8, 9 દીક્ષાઓના દાન આપી કુલ 145 આત્માઓને કલ્યાણ દાન આપ્યાં હતાં.

'ગુરુ' ગુરુ હોય

દીક્ષા દાનેશ્વરી એવા તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવશ્રી જેમના શિષ્ય હતાં, તે હતા ગોંડલ સંપ્રદાયના પરમ પ્રતાપી પુરુષ સૌરાષ્ટ્ર કેસરી ગુરુ પ્રાણ ! વર્ષો પહેલાં એમનો દીક્ષામહોત્સવ પ્રગટ પ્રભાવી પૂજ્ય શ્રી જય-માણેક ગુરુદેવોના સાંનિધ્યે સૌરાષ્ટ્રના બગસરા ગામમાં આયોજિત કરવામાં આવ્યો હતો. એ સમયે દીક્ષા મહોત્સવમાં પધારનારા ભાવિકોને મીઠું પાણી પીવડાવવા માટે કૂવામાં જ સાકરની ગુણીઓની ગુણી ઠાલવવામાં આવતી હતી. જેના કારણે એ કૂવાનું પાણી પીનારને જાણે શીતલ-મધુરું શરબત પી રહ્યાં હોય એવી અનુભૂતિ થતી હતી.

ગુરુ એ ગુરુ જ હોય છે. જાણવા જઇએ તો જાણી શકાય નહીં. લાખ પ્રયત્ન કરીને સમજવા જઇએ તો સમજી શકાય નહીં અને માપવા જઇએ તો કદી માપી શકાય નહીં. કેમકે ગુરુ આકાશની જેમ અસીમ હોય છે, ગુરુ વિરાટ હોય છે, જેમના વ્યક્તિત્વને આપણા જેવા વામન મનુષ્યો બે ઇંચની આંખ વડે માપી તો ન શકીએ. પરંતુ અંતરથી એમની પલ-પલ વરસતી કૃપા અને કરુણાને માણી જરૂર શકીએ.

આવા કૃપાવંત અને કરુણાના સાગર જેવા પરમ પ્રતાપી મહાન ગુરુવર્યોની પરંપરાથી ઉજાગર થઇ રહેલાં પરમ પુણ્યવંતા ગોંડલ ગચ્છમાં વૈરાગી તારાબેન મહેતા, દીક્ષાર્થી તારાબેન સ્વયંના આત્માને ઉજાગર કરવા સમ્મિલિત થઇ રહ્યાં હતાં વર્ષ 1968 ની 5 મી મે ના એ ધન્ય દિવસે !

અણગારે જાયા

આગમ ગ્રંથોમાં વર્ણન આવે છે, તીર્થંકરો સમગ્ર સંસારનો ત્યાગ કરીને નગરના ઉદ્યાનમાં, કોઇ વૃક્ષની છાયામાં, હજારો નગરજનોની ઉપસ્થિતિમાં પંચ મુષ્ટિ લોચ કરીને દીક્ષિત થતાં. ઇતિહાસની એ દિવ્ય ક્ષણોના પુનરાવર્તન સ્વરૂપ, ખાંભા ગામની નગરશેઠની એ નંદનવન સમી આંબાવાડી, હજારોનો ભાવભીનો વિશાળ માનવ મહેરામણ, લીલીછમ આંબાવાડીના એ ઘેઘૂર આમ્રવૃક્ષની છાયામાં... વિશાળ ક્ષેત્રમાં પથરાયેલાં એ હર્યાભર્યા ઘટાદાર છત્રની ઓથે, સહવર્તી સાત દીક્ષાર્થી બહેનો સાથે, દીક્ષાર્થી તારાબેન આત્મભાવોની ઉચ્ચતમ દશામાં, સદા-સર્વદા માટે સંસારથી અનાલંબ થઇને,

સ્વજન-પરિવારના બંધનોથી અબંધ બનીને, તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવશ્રીના બ્રહ્મસ્વરે પ્રગટતાં દીક્ષામંત્રને ગ્રહણ કરીને, સંયમ ધર્મમાં સ્વયંને સમાવી દેવા માટે અણગારપણામાં એક નવો જન્મ ધારણ કરે છે, **સાધ્વી પૂજ્ય શ્રી વીરમતીબાઇ મહાસતીજી, પૂ. શ્રી ધીરમતીબાઇ મહાસતીજી, પૂ. શ્રી સન્મતિબાઈ મહાસતીજી, પૂ. શ્રી રાજેમતીબાઈ મહાસતીજી, પૂ. શ્રી હસુમતીબાઈ મહાસતીજી, પૂ. શ્રી સુમતિબાઈ મહાસતીજી, પૂ. શ્રી અનુમતિબાઇ મહાસતીજી, પૂ. શ્રી યશોમતીબાઇ મહાસતીજી સ્વરૂપે !**

સાગરને પામવાના તલસાટમાં ખળખળ કિલ્લોલ કરીને વહેતી જતી નદીની જેમ, સત્ય રૂપી પરમાત્માને પામવાના તલસાટમાં... સાધનામાં મધુર કિલ્લોલ સાથે વહેવાનો પ્રારંભ કરે છે એ નદી, એ કલ્લોલિની... એ સાધ્વીજી ! જેમના વહેણને, જેમની સાધનાને પચાસ વર્ષ વ્યતીત થવા છતાં આજે પણ મૂક દૃષ્ટિથી નિહાળીને વારંવાર વંદી રહ્યું છે ખાંભા ગામની આંબાવાડીનું આમ્રફળથી લચલચતું એ સદ્‌ભાગી આમ્રવૃક્ષ !

‘ સ્વયંની સમીપે... સ્વયંના સંગે... સ્વયંની મસ્તી... એ જ સંયમ ! ’

સંયમ સાધનાની લહેરે લહેરે...

બંધન અને મુક્તિ

સંસારના સમગ્ર સુખ અને દુ:ખ આ બે શબ્દોમાં સમાયેલાં છે ! મુક્તિ ત્યાં સુખ છે અને જ્યાં-જ્યાં બંધન છે ત્યાં-ત્યાં દુ:ખ છે. સ્વયં થકી જ બાંધેલાં બંધનોમાં બંધાઈને અંતે જીવને દુ:ખી દુ:ખી થવું પડતું હોય છે.

એક નાનકડો એવો કરોળિયાનો જીવ ! ક્યાંક અવકાશ મળી જાય કે તુરંત જ જાળું બાંધવાનું શરુ કરી દેતું હોય છે અને છેવટે સ્વયંના જ બાંધેલાં જાળામાં ફસાઈને એક દિવસ મૃત્યુ પામી જતું હોય છે. ભમરો સામે ચાલીને ફૂલની પંખુડીઓના બંધનમાં બીડાઈને મૃત્યુને શરણ થઈ જતું હોય છે.

બંધન હોય છે સુખશીલતાનું, અનુકૂળતાઓનું, આવા તો અનેક પ્રકારના બંધન જીવને અનંતકાળથી સંસારચક્રમાં ભમાવી રહ્યાં છે, જેમાંથી મુક્ત બનવું કદાચ હજી પણ સહજ બની શકે છે પરંતુ એક ગાઢ બંધન એવું હોય છે જેને તોડવું અત્યંત કઠિન હોય છે એ હોય છે, રાગનું બંધન, મોહનું બંધન, સંબંધો અને લાગણીનું બંધન ! જો એ તૂટી જાય તો જીવ નજીકના ભવિષ્યમાં જ મોક્ષગામી બની જાય.

જન્મે- જન્મે, દરેક નવા જન્મે નવા-નવા સંબંધો અને એ સંબંધોમાં લાગણીની લાળનું જાળું બાંધતાં બાંધતાં એમાંને એમાં ગૂંચવાઈને અંતે વ્યર્થમાં જ ભવ પૂરો થઈ જતો હોય છે ! ફરીને નવો જન્મ, ફરીને નવા સંબંધ અને ફરીને એનું એ જ રાગ અને લાગણીની લાળનું જાળું ! આ ચક્ર આમ ને આમ અનંતકાળથી ચાલ્યું આવે છે જે જીવને મુક્ત થવા નથી દેતું.

પરમાત્મા કહે છે, લાગણી એ નાગણી સમાન હોય છે. ઉપરથી તો ચળકતી અને લીસી દેખાય છે પરંતુ ક્યા સમયે ઝેરીલો ડંખ મારીને પીડા આપી જાય એ નક્કી હોતું નથી.



સંયમ જીવન એ આવી લાગણીઓથી મુક્ત બનવાનું, બંધન મુક્તિનું જીવન હોય છે. સર્વ પ્રકારના સંયોગો, સર્વ સંબંધો અને રાગના બંધનોથી અલિપ્ત બનીને જીવવું તે જ સંયમ હોય છે કેમકે બંધનના ઉચ્છશ્વાસે જ અંતે મુક્તિ સુખનું શ્વસન પ્રાપ્ત થતું હોય છે !

વીરના અંશ વીરમતીજી

સંસારના સર્વ બંધનોને તોડીને મુક્તિની દિશા તરફ પગલીઓ ભરી રહેલાં નવદીક્ષિત સાધ્વીજી પૂજ્ય શ્રી વીરમતીબાઈ મહાસતીજી દીક્ષિત થયાં બાદ ધારી ગામમાં ગુરુ મુખેથી વડીદીક્ષા અંગિકાર કરીને ધીમે-ધીમે સંયમ સાધનાની નિસરણી ચઢવાનો પ્રયત્ન કરી રહ્યાં હતાં. દીક્ષા જીવનના પ્રારંભે જ કુદરત પણ જાણે સંયમજીવનના આ નવજાત શિશુની સહનશીલતાની કસોટી કરી રહ્યું હોય એમ પૂજ્ય મહાસતીજીના હાથની ક્રમશ: દસે દસ આંગળીઓમાં પસ થઈ ગયું, જેના કારણે કોઈપણ કાર્ય સહજતાથી થઈ ન શકે. એટલી બધી વેદના હતી કે મસ્તક પર વસ્ત્ર બાંધવા જાય તો પણ કારમી પીડા થતી. આવી પરિસ્થિતિમાં પણ આ નવદીક્ષિત મહાસતીજી કોઈ વડીલ મહાસતીજી કે કોઈ નાના મહાસતીજીને કશું ચીંધ્યા વિના દર્દ સહીને પણ પોતાનું બધું જ કાર્ય પોતાની જાતે જ કરી લેતાં. પરના આશ્રિત થઈને નહીં પણ સ્વાશ્રયે જીવવું એ તેમનો ગુણ હતો. કેમકે એ વીર હતાં, એ મહાવીરના અંશ હતાં, એ સાધ્વી વીરમતી હતાં ! વીર હોય તે કદી કાયર ન બની શકે. ગુરુ મહારાજે એમના

ગુણોને પારખીને જ નામકરણ કર્યું હોવાનું એમણે નવદીક્ષિત અવસ્થામાં જ પૂરવાર કરી દીધું હતું.

દુ:ખમાં પણ જાગૃતિ

સંયમની સાધનામાં એક પછી એક દિવસ વ્યતીત થઈ રહ્યાં હતાં. પરંતુ **પગલે-પગલે કસોટી તેનું નામ જ સંયમ છે. હર દિન પરીક્ષા તેનું નામ જ દીક્ષા છે.** એ દરેક કસોટી અને એ દરેક પરીક્ષામાં જે જાગૃત રહે છે તેવા આત્માઓ જ અંતે વિજયને પ્રાપ્ત કરતાં હોય છે.

દીક્ષા લીધાંને હજી માંડ ત્રણ મહિના વ્યતીત થયાં હશે, એવામાં એક દિવસ પૂજ્ય ગુરુણીમૈયાએ પૂજ્ય શ્રી વીરમતીબાઈ મહાસતીજીને સહજતાથી પૂછયું, વીરમતીજી ! આ સમયે જો તમારા સંસારી સ્વજનો પર કોઈ દુ:ખ આવી પડે તો તમે શું કરો ?

નવદીક્ષિત સાધ્વીજી જવાબ આપે છે, કર્મની સામે આપણે શું કરી શકવાના હતાં ? સહુ સહુના કર્મ પ્રમાણે થયાં કરશે.

ફરીને ગુરુણીશ્રી પૂછે છે, માનો કે તમારા સગા બેન-નીનાબેનને વૈધવ્યનું દુ:ખ આવી પડે તો ? સામેથી જવાબ મળે છે, આયુષ્ય પૂરું થાય તો ક્ષણમાં સંબંધ પણ પૂરા થઈ જતાં હોય છે. સંબંધો તો અશાશ્વત હોય છે.

તદ્ન સહજતાથી જવાબ આપીને નવદીક્ષિત મહાસતીજી તો પોતાના કાર્યમાં વ્યસ્ત થઈ ગયાં, પરંતુ ગુરુણીશ્રી વિચારમાં પડી ગયાં કે વીરમતીબાઈ મહાસતીજીને કેમ કરીને સમાચાર આપવા કે એમના બનેવી નીનાબેનના પતિનું હાર્ટ એટક આવવાથી અવસાન થયું છે, હજી તો દીક્ષાના ત્રણ મહિના પહેલાં એટલે કે, ૪ મી ફેબ્રુઆરીના દિવસે તો નીનાબેનના લગ્ન થયાં છે અને માત્ર છ મહિનામાં જ ગર્ભવતી એવા નીનાબેનને વૈધવ્ય પ્રાપ્ત થયાંની વાત કેમ કરીને સહન કરશે વીરમતીજી ?

આ જ વિચારોમાં સાંજની ગૌચરી-આહાર-પાણી આદિ પૂર્ણ થયાં બાદ ગુરુણીશ્રી કચવાતા મને નવદીક્ષિત સાધ્વીજીને દુ:ખદ ઘટનાની વાત કરે છે.

બંને બહેનોને તો દીક્ષાની આજ્ઞા નહીં આપું. પહેલાં નીના ના લગ્ન અને પછી જ બેબીની દીક્ષા એવા માતુશ્રીના આગ્રહને વશબની લગ્નગ્રંથીથી જોડાઇ રહેલી બેન નીના અને ''લગ્નનો લ્હાવો લઈને પછી તું દીક્ષા લેજે.'' એવા નીનાબેનના લાગણીભીના આગ્રહથી સંસારી અવસ્થામાં વૈરાગી તારાબેન લગ્નમાં પણ ઉપસ્થિત રહ્યાં હતાં. એવી એ નાની બહેનના વૈધવ્યના દુ:ખદ સમાચાર સાંભળ્યાં પછી ક્ષણ માટે પણ મનના પરિણામોને વિચલિત કર્યા વિના તદ્ન જાગૃત અવસ્થામાં પૂજ્ય શ્રી વીરમતીબાઈ મહાસતીજીના મુખમાંથી શબ્દો સરે છે કે **પરિવાજનોએ જો નીનાબેનને પણ દીક્ષાની અનુમતિ આપી દીધી હોત તો એમની ભવિતવ્યતા કંઈક જુદી હોત પરંતુ શું થાય, નીનાબેનનો એવો અંતરાય કર્મનો ઉદય હશે !**

કેળવાયેલી અલિપ્ત દશાના ઊંડાણમાંથી જ આવા શબ્દોનું પ્રાગટય શક્ય બનતું હોય છે. બાકી એક વખત તો સહુને આંચકો આપી જાય એવી આ ઘટના હતી.

કરૂણાંતિકા

દુ:ખદ ઘટનાનો આ તો માત્ર એક અંશ હતો. દુ:ખનો પહાડ તો હજી તૂટવાનો બાકી હતો. સમય થતાં, ૪ ફેબ્રુઆરીના દિવસે એટલે કે, બરાબર એક વર્ષની લગ્નતિથિના દિવસે જ નીનાબેને એક સુંદર બાળકીને જન્મ આપ્યો. પતિના અવસાન બાદ હવે દીકરી જ જીવન જીવવા માટેનું કારણ બનવાની હતી પરંતુ નિયતિ એક ક્રૂર રમત રમવા જઈ રહી હતી.

દીકરીનો જન્મ થતાં જ નીનાબેનના શરીરમાં કંઈક અલગ જ પ્રકારની વેદના થવા લાગી, જે સામાન્ય ન હતી. નીનાબેન ક્ષણમાં જ સમજી ગયાં કે એમનો જીવનદીપક બુઝાવાની તૈયારી કરી રહ્યો છે. આ બાજુ ડૉકટરોએ પણ કહી દીધું કે નીનાબેન પાસે માત્ર થોડો સમય જ બાકી રહી ગયો છે ! સાધ્વી બેનની જેમ જ એમનો આત્મા પણ વૈરાગ્યને પામેલો હતો. અશાશ્વત અને ક્ષણભંગુર જીવનની વાસ્તવિકતા તેમજ કર્મના ગણિતને સમજનાર હતો. માટે જ 'મારા પછી મારી દીકરીનું શું થશે ?' એવી લગીરે ચિંતા કર્યા વિના, દરેક સંબંધો અને નવજાત દીકરી પરથી પોતાની મોહલીલા સંકેલીને શાંત ચિત્તે સમાધિભાવે મૃત્યુની વાસ્તવિકતાને સ્વીકારવા લાગ્યાં.

આ બાજુ પિતા શ્રી ધીરૂભાઈએ પણ દીકરીનો અંતિમ

સમય જાણી ક્ષણના પણ વિલંબ વિના નીનાબેનને સંથારાની આરાધના કરાવવા માટે પ્રશ્ન પૂછતાં, નીનાબેને શાંતિથી જવાબ આપ્યો, **મને કોઈ પ્રત્યે મોહ નથી. મને સંથારાની આરાધના કરાવો, મને અંતિમ આરાધના કરાવો.**

જ્ઞાની પુરુષો કહે છે, અંત સમયે આસપાસમાં જો રાગી જીવો, રાગી સ્વજનો હોય તો મૃત્યુ પામતી વ્યક્તિને પણ રાગમાં પાડીને, એની સામે આંસુ વહાવીને એના મૃત્યુને બગાડવાનું કારણ બનતાં હોય છે.

જીવનના છેલ્લાં શ્વાસ ગણી રહેલી દીકરી પાસે આંસુ સારીને એનું મૃત્યુ બગાડનારા રાગી જીવ ન હતાં પિતા શ્રી ધીરૂભાઈ. એ તો એક જાગૃત અને અનુભવી વ્યક્તિ હતાં. એમણે નીનાબેનને સંથારાની સાધના કરાવી. દીકરીના જન્મ બાદ માત્ર એક જ કલાકની અંદર નીનાબેને સંપૂર્ણ જાગૃત અવસ્થામાં સંથારાની આરાધના સાથે પોતાના જીવનદીપકને બુઝાવી દીધો.

કેવી કરૂણાંતિકા ! ! !

એક વર્ષ પહેલાં પતિ સાથે મંગલ ફેરા ફરતી ક્ષણોમાં નીનાબેનને કલ્પના પણ નહીં હોય કે બરાબર એક વર્ષ પછી આ જ દિવસે મારા મૃત્યુ સાથેના ફેરા લેવાતાં હશે !

ખુલી આંખના સંબંધ

પરમાત્મા કહે છે, અપ્રાજ્ઞ હોય છે આ સંસારના જીવો ! બેખબર અને બેપરવાહ બનીને જીવી રહેલાં આ જીવોને ખબર નથી હોતી કે આવનારી ક્ષણનો, આવનારાં દિવસનો કે આવનારા સમયનો કોઈ જ ભરોસો નથી. કઈ ક્ષણે, ક્યા સમયે કાળ આવી જશે અને આંખના એક પલકારમાં જ વર્તમાનની સ્થિતિ-પરિસ્થિતિ અને આખી દુનિયા બદલાઈ જશે. માટે જ તો પરમાત્માએ કરુણા વહાવીને એકવાર નહીં, બે વાર નહીં, પચાસ કે સો વાર નહીં પરંતુ વારંવાર વારંવાર પોતાના શ્રીમુખેથી કહ્યું છે,

समयं गोयम् मा पमायए,

समयं गोयम् मा पमायए, समयं गोयम् मा पमायए

હે આત્મન્ ! તું ક્ષણ માત્રનો પણ પ્રમાદ કરીશ નહીં ! પરંતુ આપણે સહુ પામર જીવો ભ્રમના સુખની લાલસામાં, સ્વજનોના મોહ બંધનમાં, સંબંધોના તાણાવાણામાં ગૂંચવાઈ-ગૂંચવાઈને આ અમૂલ્ય જીવનના સમયને કોડીના ભાવે વ્યર્થમાં ખોઈ રહ્યાં છીએ. માત્ર ખુલી આંખ સુધીના **જે સંબંધોના આધાર પર જીવનનું આયોજન કરી રહ્યાં છીએ, એ સંબંધો તો આંખ મિંચાતાં જ પૂરા થઈ જવાના છે. મૃત્યુ આવશે એક દિવસ, આંખ મિંચાઈ જશે અને કહેવાતાં એ સબંધો માત્ર તસવીર બનીને ભીંત પર મૂકાઈ જશે.**

દરિયામાં જેમ અસંખ્ય લહેરો સર્જાતી હોય, જૂની લહેરો આવીને વિસરાલ થતી જાય અને નવી નવી લહેરો સર્જાતી જાય. એમ, અનંત ભવો રૂપી દરિયામાં, સબંધોની અસંખ્ય લહેરો સર્જાતી જાય. ભવ પૂરો થતાં જ જૂના સંબંધો વિસરાલ થતાં જાય અને ફરીને નવા ભવે, નવા સંબંધો સર્જાતાં જાય. ભૂતકાળના અસંખ્ય સબંધમાંના એકપણ સબંધ આજે યાદ પણ નથી કે હયાત પણ નથી અને વર્તમાન ભવનો એક પણ સંબંધ ભવિષ્યમાં યાદ રહેવાનો નથી કે હયાત રહેવાનો નથી, તેમ છતાં, રે જીવ ! સંબંધોની માયા મૂકાતી નથી !

યોગ-સંયોગ, યોગાનુયોગે ૪ ફેબ્રુઆરીનો દિવસ પૂજ્ય શ્રી વીરમતીબાઈ સ્વામી માટે કંઈક જુદો છે ! એ જ દિવસે સગીબેન નીનાબેનના લગ્ન લેવાયાં, એક વર્ષ પછી એ જ દિવસે નીનાબેને બાળકીને જન્મ આપ્યો અને એ જ દિવસે નીનાબેનની વિદાય થઈ ગઈ. આ ઘટનાના વર્ષો બાદ એ જ ૪ ફેબ્રુઆરીના દિવસે પૂજ્ય મહાસતીજીના તારણહારા ગુરુદેવ, તપસમ્રાટ પૂજ્ય શ્રી રતિલાલજી મહારાજ સાહેબ કાળધર્મ પામી ગયાં. યોગ-સંયોગની વાત છે.

નિયતિની ક્રુરતા

નીનાબેન ચાલ્યાં ગયાં. નાનકડી ફૂલ જેવી બાળકી મા-બાપ વિનાની એકલી-અટુલી રહી ગઈ ! કોણ એને સાચવે ? કોણ સંભાળે ? કોણ લાડ લડાવે ? પરંતુ કહેવાય છે ને કે પૂર્વભવમાં ક્યાંક ને ક્યાંક કોઈક જીવને કરેલી મદદ, કરેલું કોઈક સત્કાર્ય, કોઈકના માટેનો સદ્ભાવ અને કોઈક જીવની કરેલી નિ:સ્વાર્થ સેવા ક્યારેક ને ક્યારેક જરૂરના સમયે ફળ આપી જ જતી હોય છે. એ બાળકીએ પણ પૂર્વ ભવમાં જરૂર કોઈક સત્કાર્ય કર્યું હશે, જેના ફળ સ્વરૂપે સગી માતા ન હોવા છતાં મા

સમાન એક પરમાર્થી જીવ દ્વારા એનું લાલન-પાલન થવા લાગ્યું, એ પરમાર્થી જીવ એટલે પૂજ્ય શ્રી વીરમતીબાઈ મહાસતીજીના સંસારી જીવનના સખી શ્રી નીમુબેન ! એ જ નીમુબેન, જેઓને તારાબેનની સાથે જ આકોલામાં બે ભાઈઓની દીક્ષા વખતે વૈરાગ્યના ભાવ જાગ્યાં હતાં પરંતુ યોગ અને સંયોગવશાત્ એમની દીક્ષા તારાબેનની સાથે ન થઈ શકી.

નીમુબેન એ બાળકીના દેહની દેખભાળ તો કરી જ રહ્યાં હતાં પરંતુ સાથે સાથે એને નમસ્કાર મંત્ર અને ધર્મ વચનોનું શ્રવણ કરાવીને એના આત્માને પણ પોષી રહ્યાં હતાં, પણ આ બાજુ પે'લી નિયતિ હજી ધરાઈ ન હોતી ક્રૂરતાની રમત રમતાં રમતાં ! બાળકીને જન્મ લીધાંને હજી તો દોઢ મહિનો થયો ન થયો ત્યાં કાળ આવીને એ ફૂલને પણ ચૂંટી ગયું ! પહેલાં પિતા પછી માતા અને ત્યારબાદ આ બાળકી ! માત્ર 14-15 મહિનાના સમયગાળામાં તો ત્રણ-ત્રણ જીવોના જીવનનો અંત આવી ગયો !

સંયમની મહેક

પાષાણને પણ પીગળાવી દે એવી આ ઘટનાના સમાચાર પોતાના મુખેથી પૂજ્ય મહાસતીજીને આપવા કોણ તૈયાર થાય ? એ સમયે સોશિયલ નેટવર્કની વાત તો દૂર રહી પરંતુ ટેલીફોન કે તારની પણ કોઈ વ્યવસ્થા ન હતી. એટલે ગોંડલમાં બિરાજમાન પૂજ્ય શ્રી વીરમતીબાઈ મહાસતીજીને રૂબરૂ જઈને જ સમાચાર આપવા પડે તેમ હતાં. યેનકેન પ્રકારે અચકાતાં અચકાતાં પૂજ્ય મહાસતીજીને સમાચાર આપવામાં આવ્યાં.

આવા હૃદયદ્રાવક સમાચાર સાંભળ્યાં પછી પણ પૂજ્ય મહાસતીજીની આંખમાં આંસુનું એક બિંદુ પણ નહીં. માત્ર ને માત્ર મૃત વ્યક્તિઓ પ્રત્યેની કરુણા ભાવના અને અંતરનો એક અફસોસ કે નીનાબેનને દીક્ષાના ભાવ હોવા છતાં સ્વજનોએ મોહબંધનના કારણે એમને દીક્ષાની અનુમતિ ન આપી. આ ભવના ક્ષણિક સંબંધો માટે થઈને એમના અનંત ભવનું કલ્યાણ થતાં થતાં રહી ગયું !

માત્ર નવ-દસ મહિનાના દીક્ષા પર્યાયી સાધ્વી એવા પૂજ્ય શ્રી વીરમતીબાઈ મહાસતીજીની આંતરિક સમજ અને વૈરાગય ભાવ એવા ઘુંટાયેલાં હતાં કે ભલભલા મહારથીઓને પણ હચમચાવી જાય એવી આ કરુણ ઘટનાને તેઓ સમાધિભાવે પચાવી ગયાં.

સંયમનો અર્ક હોય છે, **સમાધિભાવ અને અલિપ્તભાવ.** બાહ્ય ક્રિયાઓ દ્વારા સંયમની પાલના કરવી બહુ સહજ હોય છે પરંતુ સમય આવે ત્યારે, સંયોગો એવા કોઈ પ્રતિકૂળ સર્જાઈ જાય ત્યારે, કેવો સમાધિભાવ અને કેવી અલિપ્ત દશા જળવાઈ રહે છે એના આધાર પર આંતરિક સંયમના અત્તરની મહેક પ્રસરતી હોય છે.

પૂજ્ય શ્રી વીરમતીબાઈ મહાસતીજીએ ન માત્ર બાહ્ય સંયમની પાલના દ્વારા પરંતુ અંતરની નિર્લેપતા દર્શાવીને માત્ર નવ મહિનાના સંયમ રૂપી અત્તરથી સ્વયંના આત્માને મહેકાવી દીધો.

સંયમ જીવનમાં ત્યાગ અને ગુણોની બહુ લાંબી નિસરણી ચઢયાં પછી પણ અંતરમાં અંશ માત્ર પણ કોઈકના પ્રત્યે લાગણી રહી જાય તો એ લાગણી લપસણી બનીને સાધનાની વિકાસયાત્રાને તળીયે લાવીને મૂકી દેતી હોય છે ! માટે જ તો પરમાત્માએ કહ્યું છે કે પળેપળની સાવધાની તે જ સંયમ હોય છે !

નવદીક્ષિત અવસ્થામાં પણ પૂજ્ય શ્રી વીરમતીબાઈ મહાસતીજી એક સાવધાન સાધક હતાં, એક જાગૃત સાધક હતાં ! તેઓ જાણતાં હતાં કે, **નીનાબેન નામની સંબંધની એક ઓર લહેર, ભૂતકાળની અનંત લહેરોની જેમ વિસરાલ થઈ ગઈ છે. એ સંબંધની ક્ષણિક લહેરના બંધનમાં મારે મારી મુક્તિના સાધનાધનને ખોવું નથી** અને એટલે જ, સહજભાવે તેઓ ગળી ગયાં આ અસહ્ય દર્દને ! શાંતભાવે પચાવી ગયાં એ અકલ્પનીય ઘટનાને !

હૃદયમાં સહુ જીવો પ્રત્યે પ્રેમ, મૈત્રી અને સદ્‌ભાવ ધરાવતાં હોવા છતાં નવદીક્ષિત સાધ્વી પૂજ્ય શ્રી વીરમતીબાઈ મહાસતીજી લાગણી નામની એ નાગણીને મૂકી આવ્યાં હતાં. દૂર... સુદૂર... સંસારની કોર ! અને સ્વયં નીકળી પડયાં હતાં સંયમ સાધનાની લહેરે લહેરે પ્રાર્થનીય ભાવો સાથે...

હે પ્રભુ ! મારે જાવું પે'લે પાર !!!

સાધનાની ઉડાન... સેવાની સંગે સંગે

સુંદર આકારમાં સમાઇને, સ્વયંના અસ્તિત્ત્વને શોભાયમાન જેને બનાવવું હોય એવી નિરાકાર ભીની માટી એકવાર કુંભકારના હાથમાં સોંપાઇ જાય, પછી કુંભકાર એને ખૂંદી-ખૂંદીને, એને તપાવીને કે એને ટપારી-ટપારીને ચાહે જે ઢાંચામાં ઢળી દે, એ ઢાંચામાં માટી ઢળાઇ જતી હોય છે. એવી શ્રધ્ધા સાથે કે અંતે તે એક વ્યવસ્થિત આકારમાં પરિવર્તિત થઇ જવાની છે !

આકાર વિનાનો પથ્થર એકવાર શિલ્પકારના હાથમાં સોંપાઇ જાય, પછી તે શિલ્પકાર એને ઘસી ઘસીને, ટાંકણા મારી-મારીને, સોયા ભોંકી-ભોંકીને ચાહે એને કોઇ પણ સ્વરૂપ આપી દે, એ સ્વરૂપને તે સ્વીકારી લેતો હોય છે એવી શ્રધ્ધા સાથે કે અંતે તે એક નયનરમ્ય પ્રતિમા બનીને પૂજાઇ જવાનો છે.

જેના પ્રમાણનું કોઇ ચોક્કસ માપદંડ ન હોય એ હોય છે શ્રધ્ધા ! જીવતેજીવ સ્વયંના અસ્તિત્વનું મૃત્યુ કરી દેવું, **સ્વયંને શૂન્ય શૂન્ય અને શૂન્યતાની પરિધિમાં સમાવી દેવું તે હોય છે સમર્પણતા !** સંયમજીવન એ માત્ર શ્રધ્ધા અને સમર્પણતાના શ્વાસ પર ધબકતું જીવન હોય છે. કેમકે, શ્રધ્ધા એ જ સિધ્ધત્ત્વનું સોપાન છે અને શૂન્યતા તે જ સ્વયંને પૂર્ણ બનવાનું કારણ હોય છે.

ગુરુ-પરમાત્મા પ્રત્યેની શ્રધ્ધા અને સમર્પણતાના આવા જ દૃઢતમ ભાવો સાથે પૂજ્ય શ્રી વીરમતીબાઇ મહાસતીજી સ્વયંના સમગ્ર અસ્તિત્ત્વને સંયમના ઢાંચામાં ઢાળીને શુધ્ધ આત્મ સ્વરૂપની પ્રાપ્તિ તરફ આગળ વધી રહ્યાં હતાં.

ગુરુ આજ્ઞા તહત્તિ

પૂજ્ય મહાસતીજીના દીક્ષા જીવનને હજી દોઢ જ મહિનો વ્યતીત થયો હશે ત્યાં તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવશ્રી તરફથી આજ્ઞા થઇ કે વયોવૃધ્ધ એવા પૂજ્ય શ્રી રામકુંવરબાઇ મહાસતીજીની વૈયાવચ્ચ માટે તમારે જૂનાગઢ જવાનું છે. માત્ર 45 દિવસનું સંયમજીવન. હજુ તો એ જીવનમાં ગોઠવાય ન ગોઠવાય ત્યાં જૂનાગઢ જવાની ગુરુ આજ્ઞા પર મનમાં એક પણ સંકલ્પ કે વિકલ્પ કર્યા વિના તદ્દન સ્વીકારભાવે નવદીક્ષિત પૂજ્ય શ્રી વીરમતીબાઇ મહાસતીજી રત્નાધિક એવા પૂજ્ય શ્રી સુમનબાઇ મહાસતીજી સાથે વિહાર કરીને જૂનાગઢ પહોંચ્યાં. ત્યાં શકય એટલી વૈયાવચ્ચ કરીને વયોવૃધ્ધ મહાસતીજીને શાતા પમાડવાનો પ્રયત્ન કર્યો. એ જ વર્ષે પૂજ્ય શ્રી મણીબાઇ મહાસતીજીના નાદુરસ્ત સ્વાસ્થ્યની વૈયાવચ્ચ માટે પણ ગુરુ આજ્ઞાથી પૂજ્ય શ્રી વીરમતીબાઇ સ્વામીને જ મોકલવામાં આવ્યાં હતાં.

ગુરુ ક્યારેય કોઇને એમને એમ આજ્ઞા આપતાં નથી. શિષ્યની યોગ્યતા પારખ્યાં પછી જ ગુરુના મુખમાંથી આજ્ઞાના શબ્દો સરતાં હોય છે. વૈરાગી અવસ્થામાં જ પૂજ્ય શ્રી લીલમબાઇ મહાસતીજીની સેવા-વૈયાવચ્ચ કરીને તારાબેને સ્વયંના અંતરની સેવાભાવનાના ઉમદા દર્શન કરાવી દીધાં હતાં. એમની એ વૈયાવચ્ચની કુશળતા જોઇને જ ગુરુએ નવદીક્ષિત અવસ્થામાં જ એમને વૈયાવચ્ચની આજ્ઞા આપી હતી.

સંયમનું સૌંદર્ય સેવા

સંયમજીવન હંમેશાં જ્ઞાન, ધ્યાન, સ્વાધ્યાય અને સેવાથી ખીલતું રહેતું હોય છે. જ્ઞાન ભણવું, ધ્યાન કરવું, કલાકો સુધી સ્વાધ્યાય કરવો એ બહુ સહજ હોય છે, પરંતુ સંયમની સાથે સેવાની સાધના કરવી ક્યારેય સહજ હોતી નથી . પ્રભુએ સ્વાધ્યાયને સાધુનો શ્વાસ કહ્યો છે, પરંતુ સેવા એ સાધુ જીવનની જીવાદોરી હોય છે. સેવા વિનાની સાધના ક્યારેય ફળદાયી બનતી નથી. માત્ર જપ-તપ-સ્વાધ્યાય રૂપી સાધનાના ફૂલ ખીલવવા તે અલગ વાત હોય છે અને સાથો સાથ એમાં સેવા રૂપી પરિમલનો પમરાટ કરવો એ સંયમનું વાસ્તવિક સૌંદર્ય હોય છે. પરમાત્માએ **સેવા**ને પરમ કલ્યાણનું કારણ કહ્યું છે. **સેવા હંમેશાં સદ્‌ભાગ્યને ખીલવતી હોય છે. સિધ્ધિઓના તાળા હંમેશા સેવાની ચાવીથી જ ઉઘડતાં હોય છે.** જેમ-જેમ નિ:સ્વાર્થ ભાવે સેવા થતી જાય એમ એમ આત્મામાંથી જ્ઞાનનું પ્રાગટય થતું જાય છે, તેમ તેમ કોઇ પ્રયત્ન વિના પણ અંદરમાંથી જ્ઞાનનો ઉઘાડ થતો જાય છે, કેમકે સેવા કરનાર વ્યક્તિએ શૂન્ય બનવું પડતું હોય છે. જે સ્વયંની ઇચ્છાને મારીને, જે સ્વયંના અહંકારભાવને શૂન્ય કરીને નિ:સ્વાર્થ ભાવે પરમાર્થ લક્ષે સેવા કરે છે એ વાસ્તવિકતામાં સેવા હોય છે. સેવામાં શૂન્ય બનતી જતી વ્યક્તિ કશું વાંચ્યાં, લખ્યાં કે ગોખ્યાં વિના પણ જ્ઞાનથી પૂર્ણ બની જતી હોય છે ! શાસ્ત્રોમાં એવા અનેક દૃષ્ટાંતો આલેખિત થયેલાં છે. માત્ર ને માત્ર સેવા-વૈયાવચ્ચ કરીને કેટલાંય આત્માઓએ જ્ઞાનનું પ્રાગટય કરતાં-કરતાં આત્મ કલ્યાણ સાધી લીધું છે. એવી આ ઉચ્ચતમ સેવા રૂપી સાધના અનંત જીવે કોઇક એક જ સદ્‌ભાગી આત્માને પ્રાપ્ત થતી હોય છે, જેમાંના એક હતાં પૂજ્ય શ્રી વીરમતીબાઇ મહાસતીજી. જાણે સેવાનો ભેખ ધરીને જ આ અવની પર અવતર્યા ન હોય !

ગુરુણીશ્રીની અશાતા

વયોવૃધ્ધ મહાસતીજીની સેવાનો લાભ લેતાં લેતાં ચાતુર્માસના દિવસો આવ્યાં. પ્રથમ ચાતુર્માસ સૌરાષ્ટ્રના વિસાવદર ગામમાં વ્યતીત થયું. પૂજ્ય ગુરુદેવનો અને પૂજ્ય મહાસતીજીનો પુણ્ય પ્રભાવ એવો કે ચાતુર્માસ દરમ્યાન ગામમાં જેટલાં સંઘ સભ્યોના ઘર હતાં એના કરતાં બમણી સંખ્યામાં અઠ્ઠાઇ તપની આરાધના અને જ્ઞાન-ધ્યાનની સાધનાઓ થઇ. ચાતુર્માસ પૂર્ણ થતાં પૂજ્ય ગુરુદેવશ્રીની આજ્ઞાથી મહાસતીજીઓને ઘાટકોપર-મુંબઇ સ્થિત શ્રમણી વિદ્યાપીઠમાં અભ્યાસ અર્થે જવાનું હતું, એટલે મુંબઇ તરફના વિહારનો પ્રારંભ કર્યો. વિહાર કરતાં-કરતાં વચ્ચે લીંબડી ક્ષેત્ર આવે. આખો રેતાળ પ્રદેશ. એવા એ રણ પ્રદેશના વિસ્તારને પસાર કરતાં કરતાં વસ્તડી ગામથી થોડેક દૂર ચાલતાં-ચાલતાં પૂજ્ય શ્રી લીલમબાઇ મહાસતીજીને અચાનક ચક્કર આવતાં તેઓ પડી ગયાં. કેટલાંય પ્રયત્ન કરવા છતાં પૂજ્ય મહાસતીજીના પગ ઉપડે જ નહીં, કોઇ રીતે ચાલી જ ન શકે. ક્ષેત્ર પણ એવું હતું કે 3-4 કિ.મિ.ના વિસ્તાર સુધી એક પણ ઘર ન મળે. આવી પરિસ્થિતિમાં શું કરવું ? યેનકેન પ્રકારે તે વિસ્તારની બે બહેનોએ બંને હાથે પૂજ્ય મહાસતીજીને ઉંચકયાં અને એમની સહાયથી સહુ વસ્તડી પહોંચ્યાં. ત્યાં સાત દિવસના રોકાણ દરમ્યાન પૂજ્ય મહાસતીજીનું સ્વાસ્થ્ય વધારે ને વધારે બગડતું ગયું. ગામડું ગામ, ન કોઇ બીજી વ્યવસ્થા મળે, ન કોઇ ઉપચાર થાય. ત્યારે એમની આ પરિસ્થિતિ જોઇને ત્યાંના શ્રાવકોએ પૂજ્ય મહાસતીજીને ચૂડા ગામમાં લઇ જવાની વિનંતિ કરી.

ચૂડા ગામમાં જાણકાર એવા નાડીવૈદ્યની દેખરેખમાં પૂજ્ય મહાસતીજીની સારવાર કરવામાં આવી. એ સારવાર અર્થે 7 મહિના સુધી ત્યાં જ રોકાવું પડયું. પરંતુ તે સમય દરમ્યાન એકવાર, એવી ગંભીર પરિસ્થિતિ સર્જાઇ ગઇ કે, પૂજ્ય મહાસતીજીની નાડી જ ન મળે,

નાડીના ધબકાર જ ન સંભળાય! પૂજ્ય મહાસતીજી જીવન- મરણ વચ્ચે ઝોલા ખાવા લાગ્યાં. સહુના હૃદય એક ધબકાર ચૂકી ગયાં. હવે શું થશેની ચિંતા સાથે પૂજ્ય મહાસતીજીના જીવનની દોરને લંબાવવાના પ્રયત્નમાં સહુ લાગી ગયાં, પરંતુ સમયસરની યોગ્ય સારવાર અને કાળજી લેવાના કારણે ધીમે ધીમે પરિસ્થિતિ થાળે પડતી ગઇ. પૂજ્ય મહાસતીજીનું સ્વાસ્થ્ય હળવે-હળવે સુધરવા લાગ્યું. એ દરમ્યાન ચાતુર્માસ આડે થોડાંક દિવસો જ બાકી રહ્યાં હતાં અને એટલાં ટૂંક સમયમાં વિહાર કરીને મુંબઇ પહોંચવું પણ શકય ન હતું. અંતે ચાતુર્માસ ચૂડા ગામમાં જ વ્યતીત થયું અને ચાતુર્માસ પરિપૂર્ણ થયાં બાદ સહુ વિહાર કરીને મુંબઇ-ઘાટકોપર પહોંચ્યાં.

સેવાનો પુણ્યલાભ

ગુરુણીશ્રીની આવી પરિસ્થિતિના સમયે પૂજ્ય શ્રી વીરમતીબાઇ મહાસતીજીએ ખડે પગે અગ્લાન ભાવે એમની અનન્ય સેવા- વૈયાવચ્ચ કરી. લગીર પણ કંટાળ્યાં વિના પૂજ્ય શ્રી વીરમતીબાઇ મહાસતીજી દ્વારા કરવામાં આવતી સેવા પૂજ્ય શ્રી લીલમબાઇ મહાસતીજીને પણ શાતાકારી લાગતી હોય એમ કોઇપણ સમયે કોઇ વસ્તુની જરૂર પડે, કોઇ આવશ્યકતા હોય તો એમના મુખમાંથી એક જ નામનો સાદ પડતો, વીરમતીજી!

પૂજ્ય શ્રી વીરમતીબાઇ મહાસતીજી જ્યારે વૈરાગી અવસ્થામાં હતાં ત્યારે પણ એટલે કે, દીક્ષા પહેલાં પણ મુંબઇના કાંદિવલીમાં પૂજ્ય શ્રી લીલમબાઇ મહાસતીજીના સ્વાસ્થ્યની ખરાબ પરિસ્થિતિ સર્જાઇ હતી. એ સમયે તેઓ રાજવૈદ્યની સારવાર લઇ રહ્યાં હતાં. ચૌદ-ચૌદ વર્ષ સુધી પૂજ્ય મહાસતીજીને બહારનો ઉપદ્રવ હોવાના કારણે વારંવાર એમનું સ્વાથ્ય કથળતું. ક્યારેક એટલાં મોટા-મોટા ઓડકાર આવે કે સામેના ત્રણ-ત્રણ મકાન સુધી અવાજ સંભળાય. ક્યારેક પેટમાં કાંઇક કપાતું હોય એવી કારમી વેદના થાય. ગુરુણીશ્રીની દરેક વેદનાના સમયે પૂજ્ય શ્રી વીરમતીબાઇ મહાસતીજી વ્હાલથી એમની વૈયાવચ્ચ કરવા માટે તૈયાર જ હોય. વૈરાગી અવસ્થામાં પણ વિહાર ચર્યા વગેરે સમયે હાથ પકડવા માટે ગુરુણીશ્રીના મુખમાંથી એક જ નામનો સાદ પડતો, તારાબેન!

અંતરમાં જો શાતા પમાડવાની સદ્‌ભાવના હોય તો જ કાયા દ્વારા આવી સેવા શકય બનતી હોય છે.

પૂજ્ય ગુરુણીશ્રીને જ્યારે-જ્યારે જરૂર પડી ત્યારે ત્યારે પૂજ્ય શ્રી વીરમતીબાઇ મહાસતીજી સેવાની ઢાલ બનીને ખડે પગે ઉભા રહ્યા. દીક્ષા જીવનના વર્ષો પછી જ્યારે પૂજ્ય શ્રી વીરમતીબાઇ મહાસતીજીનું ચાતુર્માસ ઘાટકોપર હતું, એવા સમયે મલાડમાં ચાતુર્માસ અર્થે બિરાજમાન પૂજ્ય ગુરુણીશ્રીને આવશ્યકતા જણાતાં પર્યુષણ પર્વ દરમ્યાન પૂજ્ય શ્રી વીરમતીબાઇ મહાસતીજીને ઘાટકોપર થી મલાડ ત્વરિત તેડાવ્યાં હતાં. ત્યારે એ જ ચિર પરિચિત પ્રસન્નતા સાથે તેઓ વિહાર કરીને પૂજ્ય ગુરુણીશ્રીની સેવામાં મલાડ પહોંચી ગયાં હતાં.

સેવા તો પૂજ્ય શ્રી વીરમતીબાઇ મહાસતીજીનો મૂળભૂત ગુણધર્મ હતો જ પણ એની સાથે સાથે શાસન પ્રભાવના દ્વારા પ્રભુની સેવા કરવામાં પણ તેઓ કદી ઉણા ન ઉતરતાં. ગુરુણીશ્રીના માટુંગા ચાતુર્માસ દરમ્યાન એમની આજ્ઞા થતાં સાયનમાં પ્રવચન આપવા માટે વિહાર કરીને જતાં તો મુલુંડના ચાતુર્માસ દરમ્યાન ગુરુઆજ્ઞાને શિરોમાન્ય કરીને ભાંડુપમાં પ્રવચન આપવા માટે જતાં. ઘણું બધું કરવાના ભાવ તો અનેકના અંતરમાં ઉદ્‌ભવતાં હોય પરંતુ સાથે સાથે શારીરિક, માનસિક અને બૌધ્ધિક સક્ષમતા પણ હોય એવો પુણ્યોદય દરેકના ભાગ્યમાં નથી હોતો. પૂજ્ય શ્રી વીરમતીબાઇ મહાસતીજી પુણ્યનું મોટું ભાથુ સાથે લઇને આવ્યાં હતાં. દરેક પ્રકારની એમની સક્ષમતાના કારણે વારંવાર વારંવાર ગુરુ-ગુરુણીશ્રીની વિવિધ પ્રકારની આજ્ઞા પાલનનો એમને લાભ મળી રહેતો.

ત્રિવેણીગુણ સંગમ

જેમ જેમ સમય વ્યતીત થઇ રહ્યો હતો, એક પછી એક ચાતુર્માસ વ્યતીત થઇ રહ્યાં હતાં, એમ એમ પૂજ્ય શ્રી વીરમતીબાઇ મહાસતીજી સાધના, આરાધના કરતાં કરતાં સ્વયંની સંયમિત આત્મદશાને ઉત્કૃષ્ટ કક્ષા તરફ આગળ ને આગળ દોરી જઇ રહ્યાં હતાં! બહારથી સાધુ જીવનની ક્રિયાઓ કરતાં કરતાં સેવાધર્મ બજાવતાં બજાવતાં પણ તેઓ અંતરથી ન્યારા બનીને સ્વયંના

આત્મા સાથે રમણ કરી રહ્યાં હતાં. એમની અંતરંગ દશાની એ ઉત્કૃષ્ટ સાધનાના દર્શન થયાં પૂજ્ય ગુરુણીશ્રીના માટુંગા ચાતુર્માસમાં, એ સમયે આખી આખી રાત્રિ તેઓ નિદ્રાનો ત્યાગ કરીને સ્વયંના આત્મા સાથે અનુસંધાન સાધતાં. દિવસ આખો કાર્યની વ્યસ્તતામાં વ્યતીત થતો હોય અને રાત્રિ આખી એક મટકું પણ ન માર્યું હોય તેમ છતાં બીજા દિવસે સવારે સહજભાવે સ્વસ્થ ચિત્તે પોતાની સંયમ ચર્યામાં જોડાઇ જતાં.

ધીમે ધીમે એ સુજ્ઞ બની રહ્યાં હતાં, પ્રાજ્ઞ બની રહ્યાં હતાં, એ સમયજ્ઞ બની રહ્યાં હતાં. પરમાત્મા કહે છે, સાધુ હંમેશાં સુજ્ઞ હોય. થોડાં શબ્દોમાં, થોડીક ક્ષણોમાં, થોડીક પરિસ્થિતિઓમાં પણ ઘણું બધું સમજી લે, ઘણું પામી લે, ઘણું બધું ગ્રહણ કરી લે! સાધુ હંમેશાં પ્રાજ્ઞ હોય. કોઇપણ પરિસ્થિતિ અને કોઇપણ સંયોગ સર્જાવા પર પોતાની બુધ્ધિ પ્રતિભા વડે ગમે તેવી સમસ્યાનો ઉકેલ લાવી દે! સાધુ હંમેશાં સમયજ્ઞ હોય. કયા સમયે શું કરવું યોગ્ય અને શું કરવું અયોગ્ય એવો વિવેક રાખીને સમય પ્રમાણે વર્તે તેવો સમયજ્ઞ હોય સાધુ! સુજ્ઞતા, પ્રાજ્ઞતા અને સમયજ્ઞતાના ત્રિવેણી ગુણ સંગમ ધરાવતાં સાધ્વી પૂજ્ય શ્રી વીરમતીબાઇ મહાસતીજી સ્વયંનો આત્મવિકાસ તો કરી જ રહ્યાં હતાં પરંતુ અન્ય અનેક આત્માઓ માટે પણ એક પ્રેરણાસ્ત્રોત બની રહ્યાં હતાં.

અગ્લાન સેવા

એ દરમ્યાન વર્ષ 1994 માં વડિયા ગામમાં બિરાજિત પૂજ્ય શ્રી રાજુલબાઇ મહાસતીજીનું સ્વાસ્થ્ય કથળ્યું. એમને હાર્ટમાં બ્લોકેજ જણાતાં ડૉક્ટરોએ તાત્કાલિક મુંબઇ જઇને બાયપાસ સર્જરી કરાવવાનું સૂચન કર્યું. પૂજ્ય મહાસતીજીને વડિયાથી મુંબઇની જસલોક હૉસ્પિટલમાં લાવવામાં આવ્યાં. એ સમયે તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવશ્રીએ પૂજ્ય શ્રી વીરમતીબાઇ મહાસતીજીને આજ્ઞા કરી કે પૂજ્ય શ્રી રાજુલબાઇ મહાસતીજીની સેવામાં તમારે જવાનું છે, ત્યારે પણ કોઇપણ પ્રકારના વિકલ્પ વિના એમના મુખમાંથી શબ્દો સરે છે... **જી ગુરુદેવ! હૉસ્પિટલમાં 22 માં માળે પૂજ્ય મહાસતીજીની સારવાર ચાલી રહી હતી. છતાં પણ લીફ્ટનો ઉપયોગ કર્યા વિના 22 માળ ચઢ-ઉતર કરીને પૂજ્ય શ્રી વીરમતીબાઇ મહાસતીજી વડીલ મહાસતીજીની સેવા બજાવતાં.** ન કદી કંટાળાના ભાવ, ન કદી થાકની પરવાહ કે ન કોઇપણ પ્રકારના પ્રમાદનું સેવન! માત્ર અગ્લાન ભાવે ગુરુની આજ્ઞાનું પાલન કરી રહ્યાં હતાં.

અંતે જ્યારે પૂજ્ય મહાસતીજીને બાયપાસ સર્જરી માટે ઑપરેશન થિયેટરમાં લઇ જવામાં આવતાં હતાં એ સમયે સમયજ્ઞ એવા પૂજ્ય શ્રી વીરમતીબાઇ મહાસતીજીએ સમયને પારખી તુંરત જ વડીલ મહાસતીજીને સાગારી સંથારાની આરાધના કરાવી, દરેક પ્રકારની નિર્યામણા કરાવી અને નમસ્કાર મંત્રના પહેલાં પદનું શ્રવણ કરાવ્યું... બીજું પદ વડીલ મહાસતીજીના મુખમાંથી સંભળાયું કે એ જ ક્ષણે લીફ્ટના દરવાજા બંધ થઇ ગયાં. કલાકો સુધી ચાલેલું ઑપરેશન સાંજના સમયે પુરું થયું, પરંતુ પૂજ્ય મહાસતીજી રાત સુધી ભાનમાં ન આવ્યાં, એટલે ડૉક્ટર આખી રાત હૉસ્પિટલમાં જ રોકાઇ ગયાં, ઑપરેશનમાં કાંઇક ભૂલ થઇ ગઇ છે, એવો અણસાર સહુને આવી ગયો છતાં રાહ જોવા સિવાય એ સમયે બીજું કરી પણ શું શકાય? છેવટે પરોઢિયે પાંચ વાગે પૂજ્ય રાજુલ મહાસતીજી કાળધર્મ પામી ગયાં.

કાળ આવીને પોતાનો ધર્મ બજાવી ગયો અને આ બાજુ પૂજ્ય શ્રી વીરમતીબાઇ મહાસતીજીએ પોતાનો સેવાધર્મ બજાવી લીધો. આવી જ એક બીજી પરિસ્થિતિ સર્જાઇ. પૂજ્ય શ્રી ઉષાબાઇ મહાસતીજીના પેટમાં ખૂબ જ પસ ભરાઇ ગયું. એમના હાર્ટમાં પણ સ્ટેન્ડ ફીટ કરવામાં આવ્યું હતું. પરંતુ પસના કારણે પરિસ્થિતિ ખૂબ જ ગંભીર બની ગઇ હતી. એવા સમયે ગુરુણીશ્રી શ્રી લીલમબાઇ મહાસતીજીની આજ્ઞા થઇ કે, વીરમતીજી જો સેવામાં રહે તો મારે ચિંતા નહીં. ત્યારે પણ સ્વીકારભાવ સાથે તેઓ પહોંચી ગયાં સેવામાં! પરિસ્થિતિની ગંભીરતા સમજીને તેઓશ્રીએ સંથારાની આરાધના કરાવી, ધર્મશ્રવણ કરાવ્યું. છેવટે આઇ.સી.યુ.માં પૂજ્ય શ્રી ઉષાબાઇ મહાસતીજી કાળધર્મ પામી ગયાં.

ગળથૂથીના સંસ્કાર

એક નદી કદી પણ પોતાના તટ પર આવેલી તૃષાતુર વ્યક્તિનો ચહેરો જોતી નથી ! કોઇ ખોબા જેવડાં જળથી તૃપ્ત થઇ જાય, કોઇ ઘડો ભરીને જળ લઇ જાય, કોઇ પાત્ર ભરીને જળ લઇ જાય ! નદીનું કામ છે તૃષાતુરને તૃપ્ત કરવાનું ચાહે મોટી વ્યક્તિ હોય કે નાની વ્યક્તિ મનુષ્ય હોય કે ચાહે કોઇ પ્રાણી હોય ! નદી તો પોતાની મસ્તીમાં પરમાર્થ કરતી બસ વહેતી રહેતી હોય છે. નદીની જેમ પૂજ્ય શ્રી વીરમતીબાઇ મહાસતીજી પણ પોતાનાથી પૂ. ઉષાબાઇ મ. જેવા મોટાં મહાસતીજી હોય કે પૂ. મનીષાબાઇ મ., પૂ. રાજુલબાઇ મ. જેવા નાના સતીજી હોય દરેકની એક માત્ર શાતા પમાડવાના ભાવ સાથે સેવા કરતાં. પોતાના ગુરુ કે ગુરુણીની સેવા કરવા તો સહુ કોઇ તૈયાર જ હોય પરંતુ સ્વયંના સાધના અને સ્વાધ્યાયમાંથી સમય ફાળવીને, શરીરનો ભોગ આપીને, પરસેવો પાડીને પોતાનાથી નાના સાધ્વીજીઓની કે વડિલ સાધ્વીજીઓની સેવા કરવી એવા ઉતમ સંસ્કાર તો તેઓ સંયમની ગળથૂથીમાં જ તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવ તથા ગુરુણી પાસેથી પામી ગયાં હતાં.

તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવશ્રીએ દીક્ષા લઇને પોતાના ગુરુ પૂજ્ય શ્રી પ્રાણલાલજી મહારાજ સાહેબની વર્ષો સુધી કરેલી અનન્ય સેવા સાથે સહવર્તી સાધુઓની પણ લાંબા સમય સુધી અગ્લાન ભાવે સેવા કરી હતી.

પૂજ્ય શ્રી વીરમતીબાઇ મહાસતીજી પાસે આવનારા નાના કે મોટા, મનુષ્ય કે પ્રાણી કોઇપણ જીવ એમની નિ:સ્વાર્થ સેવાને પામીને જતાં. નાગપુરના વર્ષ 1981ના ચાતુર્માસમાં પૂ. બિંદુબાઇ મ.ને માથાનો સખત દુ:ખાવો. તેમની માથાની નસને પકડીને પૂ. વીરમતીબાઇ મ. આખી રાત બેસી રહેતાં અને નાના સતીજીને શાતા આપવા પ્રયત્ન કરતાં હતાં. તેમની આવી સેવા પામી પૂ. બિંદુબાઇ મ. એ તેમની નિશ્રાનો સ્વીકાર કર્યો.

માળા વરી ગઇ

કહેવાય છે કે નિ:સ્વાર્થ સેવા હંમેશાં ત્વરિત ફળ આપનારી હોય છે. એની સાબિતી આપતી એક ઘટના ઘટી ગઇ1981 માં. પૂજ્ય શ્રી વીરમતીબાઇ મહાસતીજી નાગપુરમાં ચાતુર્માસ અર્થે બિરાજમાન હતાં. એ ચાતુર્માસ દરમ્યાન નાગપુરમાં દિગંબર પંથના એક સાધ્વીજીની સંથારાની આરાધના ચાલી રહી હતી. એટલે અન્ય મહાસતીજીઓની સાથે પૂજ્ય શ્રી વીરમતીબાઇ મહાસતીજી પણ એમના દર્શન-વંદન અર્થે ગયાં. સંથારાના આરાધક એ મહાસતીજી પૂર્ણ જાગૃત અવસ્થામાં સાધના કરી રહ્યાં હતાં, ત્યાં બેસીને સહુએ એમને ધર્મ આરાધના કરાવી, પ્રભુની સ્તવના વિગેરેનું શ્રવણ કરાવ્યું, એ પછી ઉપસ્થિત સહુના આશ્ચર્ય વચ્ચે એ આરાધક મહાસતીજીએ પોતાના હાથમાં પહેરેલી માળા કાઢીને પૂજ્ય શ્રી વીરમતીબાઇ મહાસતીજીને અર્પણ કરી દીધી ! સહુને આશ્ચર્ય થયું કે બધાં જ પરિગ્રહનો ત્યાગ કરી દેનારા આ સાધ્વીજી પાસે તે માળા એમના અંતિમ પરિગ્રહરૂપ હતી, જે તેઓ કોઇને આપતાં ન હતાં અને આજે એક અન્ય પંથી અજાણ્યાં સાધ્વીજીને આપી દીધી. પરંતુ પૂજ્ય શ્રી વીરમતીબાઇ મહાસતીજીએ પણ વિવેક દૃષ્ટિ રાખી. આરાધક મહાસતીજીના સહવર્તી સાધ્વીજીઓનું દિલ દુભાઇ ન જાય કે માળા અમને ન આપીને એક અજાણ્યાં સાધ્વીજીને આપી દીધી, એટલે તે માળા કેમ કરીને સ્વીકારી શકાય ? પરંતુ તે જ સમયે એમના ગુરુ મહારાજે કહ્યું કે **નકકી કોઇક પૂર્વના ઋણાનુબંધ હશે માટે તે માળા તમને અર્પણ કરી રહ્યાં છે, એટલે તમે પ્રેમપૂર્વક આ માળાનો સ્વીકાર કરો,** ત્યારે પૂજ્ય શ્રી વીરમતીબાઇ મહાસતીજીએ વિનયપૂર્વક એ માળાનો સ્વીકાર કરી લીધો. યોગાનુયોગ તે આરાધક મહાસતીજીનું નામ પણ શ્રી વીરમતીજી આર્યા હતું ! આને શું કહેવાય ? ઋણાનુબંધ કે પછી બીજું કાંઇ ? પ્રભુ કહે છે, **સેવા કરનારને સિધ્ધિઓ સામે ચાલીને વરી જતી હોય છે.** માટે જ તો, એક દિગંબર મહાસતીજીની સાધના શક્તિથી સમૃધ્ધ થયેલી માળા સામે ચાલીને સાધ્વીજીને વરી ગઇ !

બીજ બન્યું વટવૃક્ષ

એવા આ સેવાભાવી મહાસતીજી વર્ષોના વર્ષો સુધી પૂજ્ય ગુરુણી મહાસતીજીઓના ચરણ-શરણમાં શૂન્ય ભાવે, નમ્ર ભાવે, વિનય ભાવે વિકલ્પ વિહિન બનીને

સંયમની સાધના કરતાં જ રહ્યાં, કરતાં જ રહ્યાં. પૂ. વીરમતીબાઇ સ્વામીએ પોતાની નેશ્રાવર્તી આરતીબાઇ મ.ની જ્ઞાન આરાધનાની પણ સેવા કરી, પૂર્ણ રૂપે સહયોગ આપી તેમને પી.એચ.ડીનો અભ્યાસ કરાવી ડોકટરેટની પદવી પ્રાપ્ત કરાવી.

ખૂબ જ નાનપણથી પૂ. વીરમતીબાઇ મ.ના પરિચયમાં આવનારા અને વૈરાગી તારાબેનને મોટી બહેન રૂપે સ્વીકારીને જ્ઞાન, ધ્યાન, તપ, ત્યાગ અને વૈરાગ્ય ભાવમાં વૃદ્ધિ કરનારા એવા ભાદ્રબેને વર્ષ 1992 માં પૂ. વીરમતીબાઇ મ. પાસે દીક્ષા ગ્રહણ કરી તેઓશ્રીના શિષ્યા બન્યા અને પૂ. વીરમતીબાઇ મ. એ નેશ્રા પ્રદાન કરી. ત્યારે તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવશ્રીની દીર્ઘ દૃષ્ટિએ નિહાળ્યું કે, વર્ષો પહેલાં વાવેલું બીજ આજે વટવૃક્ષ બની ગયું છે ! પૂજ્ય શ્રી વીરમતીબાઇ મહાસતીજી આટલાં વર્ષ ગુરુણીશ્રીઓના સાંનિધ્યમાં રહીને પૂર્ણપણે પરિપકવ બની ગયાં છે અને નેશ્રાવતી સાધ્વીજીઓ પણ તૈયાર છે.હવે સમય થઇ ગયો છે, સમાજને આ વટવૃક્ષની છાયાનો લાભ આપવાનો !

આંતરિક ગુણોને ખીલવીને ગુરુ-ગુરુણીની પ્રસન્નતા પ્રાપ્ત કરી લેનારા પૂજ્ય શ્રી વીરમતીબાઇ મહાસતીજીને તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવશ્રી ખોબલે ખોબલે આર્શીવચન આપી, એમના રજોહરણ પર સાધના શક્તિના પરમાણુઓ પ્રવાહિત કરતાં-કરતાં એમને સ્વતંત્ર ચાતુર્માસ કરીને શાસન પ્રભાવના કરવાની આજ્ઞા કરી અને ત્યારે નીકળી પડે છે એ વીરના અંશ એ સાધ્વી વીરમતીજી !

વેરાવળનું ચાતુર્માસ કરવા
અનેક જીવોને વીરનો બોધ પમાડવા...
વીરની જેમ... મહાવીરની જેમ...
સાધનાની એક ઊંચી ઉડાન ભરવા !!!



ભવ્ય જીવ બોધન ભણી વીરમતીજી ગયાં સુજાણ

દીપક કોડિયા પર
અનંતી કરુણા વરસાવતાં કહે,
તું પણ પ્રજવલિત થા... તું પણ પ્રકાશમાન થા

પ્રજવલિત જ્યોત સાથે ઝળહળતાં એક દીપક પાસે, એક કોડિયું આવે. દીપક એ કોડિયા પર અનંતી કરુણા વરસાવતાં કહે, તું પણ પ્રજવલિત થા... તું પણ પ્રકાશમાન થા. જે મારી પાસે છે, એ બધું જ તારી પાસે પણ છે. જે ક્ષમતા મારી પાસે છે, એવી જ ક્ષમતા તારી અંદરમાં પણ સમાયેલી છે. જરૂર છે, માત્ર ઉદ્યોત કરવાની! જરૂર છે, માત્ર તારી જ્યોતિને પ્રજવલિત કરવાની! ક્યાં સુધી તું સ્વયંના અસ્તિત્ત્વને અંધારિયું બનાવીને રાખીશ? એકવાર, બસ એકવાર નમી જા, વળી જા, ઝૂકી જા, શરણાગત બની જા! મારી જ્યોતમાંથી તારી જ્યોત પ્રજવલિત કરવાનો આ જ સમય છે! એકવાર આ સમય જો વ્યતીત થઈ જશે, તો ફરીને પાછો નહીં આવે અને તું એમને એમ કોઈ ખૂણામાં રહી જઈશ, માટે જ કહું છું, **संबुज्जह... संबुज्जह... किं ना बुज्जह,संबुज्जह!** તું સમજી જા! સ્વયંને ઉદ્યોત કર, તું જ્યોતિર્મય બની જા, જ્યોતિર્મય બની જા!

દીપકની કરુણા દેખી, અંતે એક દિવસ એ કોડિયું બોધ પામી જાય છે! એનો સમય સચવાઈ જાય છે! એ પણ પ્રજવલિત થઈ જાય છે. એક જ્યોતમાંથી બીજી જ્યોત પ્રજવલિત થઈ જાય છે. કોડિયું ઝગમગ ઝગમગતું બની જાય છે.

સુવર્ણ ઈતિહાસની ક્ષણ

1989નું વર્ષ. મુંબઈના વસઈ માણેકપુરનો એ ઉપાશ્રય, પૂજ્ય શ્રી વીરમતીબાઈ મહાસતીજી ગુરુણીમૈયા પૂજ્ય શ્રી મુક્તાબાઈ મહાસતીજી સાથે વસઈના ભાવિકોને ચાતુર્માસિક સાધના-આરાધનાઓ કરાવી રહ્યાં હતાં. જેના અંતર્ગત માત્ર યુવાન ભાઈઓ માટેની ત્રણ સામાયિકની એક શિબિર રાખવામાં આવી હતી. બેનો માટે ન હતી એ શિબિર. મોટાભાગે માત્ર ભાઈઓ માટે જ શિબિર રાખવામાં આવે એવું બહુ ઓછું બલ્કે નહીંવત્ બનતું હોય છે.

નાનપણમાં ધર્મના રંગે રંગાયેલાં પરંતુ કોઈ ગેરસમજના કારણે ધર્મથી વિમુખ થઈ ગયેલાં, વસઈમાં રહેતાં એક 18 વર્ષના નવયુવાનને આ શિબિરના સમાચાર સાંભળીને આશ્ચર્ય થયું કે, એવા તે કોણ આ મહાસતીજી છે જેમણે માત્ર ભાઈઓ માટે શિબિરનું આયોજન કર્યું છે? લાવ, એકવાર ઉપાશ્રયમાં જઈને જાણું કે આ મહાસતીજી કોણ છે? એવા વિચાર સાથે એ યુવાનના પગ ઉપાશ્રય તરફ મંડાયા. કોડિયું પ્રજવલિત દીપક પાસે જવા માટે પગલું ભરે છે.

સામાન્ય માનવીની દૃષ્ટિમાં તો એક યુવાન ઉપાશ્રયમાં શિબિર માટેની પૂછતાછ કરવા જાય છે પરંતુ, નિયતિ જાણતી હતી કે એ ઘડીએ ઉપાશ્રય તરફ મંડાયેલાં એ પગલાં, કોઈ સામાન્ય ક્ષણ ન હતી પરંતુ ભવિષ્યના એક સુવર્ણ ઈતિહાસના સર્જન માટેની એ પુણ્યવંતી ક્ષણ હતી.

18 વર્ષનો એ યુવાન ઉપાશ્રયમાં જઈને પૂજ્ય શ્રી વીરમતીબાઈ મહાસતીજીને પ્રશ્ન પૂછે છે કે એવું તે તમે આ શિબિરમાં શું કરાવવાના છો? પૂજ્ય મહાસતીજી જવાબ આપે છે, તમે આવતીકાલે શિબિરમાં આવજો અને જોઇ લેજો કે અમે શું કરાવીએ છીએ, શા માટે તમે માત્ર ભાઈઓ માટે જ આ શિબિર રાખી છે? આવા તો અનેક અનેક પ્રશ્નો એ યુવાને કર્યા. સુજ્ઞ એવા પૂજ્ય શ્રી

વીરમતીબાઈ મહાસતીજી તુરંત પારખી ગયાં કે આ યુવાન જ્ઞાનપિપાસુ છે, એની અંદરમાં ધર્મને પામવાની અત્યંત જિજ્ઞાસા છે.

બીજા દિવસે એ યુવાન શિબિરમાં આવે છે. પૂજ્ય મહાસતીજી જે ભણાવે છે, જે બોધ આપે છે એમાં એને રસ પડવા લાગે છે, જેના કારણે ધર્મથી વિચલિત થયેલો એ યુવાન ધીમે-ધીમે ફરીથી ધર્મમાં સ્થિર થવા લાગે છે. ધાર્મિક અભ્યાસ કરવા લાગે છે. દબાઈ ગયેલાં એના ધર્મના સંસ્કારો ફરીને જાગૃત થવા લાગે છે.

ચાતુર્માસના એ દિવસો વ્યતીત થઈ રહ્યાં હતાં. એ દરમ્યાન એક દિવસ અચાનક, વહેલી સવારના એ યુવાન પૂજ્ય મહાસતીજી પાસે આવીને પોતાને રાત્રિના સમયે સ્વપ્નમાં મળેલાં દિવ્ય સંકેતની વાત કરીને દીક્ષા અંગિકાર કરવાના ભાવ વ્યક્ત કરે છે. અને પૂજ્ય મહાસતીજીની પ્રેરણા અને માર્ગદર્શન પામી વર્ષ 1991માં રાજકોટ મુકામે તે વીસ વર્ષનો યુવાન... મહાવીર નામનો તે યુવાન દીક્ષા અંગિકાર કરી લે છે.

બદલાઈ જાય છે એના જીવનની દશા અને દિશા !

ભવ્ય બની જાય છે એના ભવોભવનું ભાવિ !

ભૂલો પડેલો એ ભવ્ય જીવ, સંયમના માર્ગે આવીને, એક મહાન સંત બનીને, અનેક જીવોના તારણહાર બનીને, હજારો હૃદયના આરાધ્ય દેવ બનીને આજે રાષ્ટ્રસંત પૂજ્ય ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબ તરીકે સર્વત્ર પૂજાઈ રહ્યાં છે.

ભદ્ર પુણ્યના અધિકારી

હંમેશાં એવું બનતું હોય કે દીક્ષા લીધાં પછી ગૌચરી-પાણી આદિ સંયમની ક્રિયાઓ થતી હોય, જ્ઞાન અભ્યાસ થતો હોય અને જ્ઞાનની પ્રાપ્તિ કરતાં-કરતાં અલગ-અલગ ક્ષેત્રોમાં પ્રવચન આપીને ભાવિકોને સદ્‌બોધ આપવામાં આવતો હોય અને ભાવિકો પણ પ્રવચન શ્રવણ કરીને, પોતાને યોગ્ય લાગે એટલું ધર્મ-ધ્યાન કરી લેતાં હોય છે. પરંતુ, અનેકમાં એક અનોખા કોઈક સંત-સતીજી હોય છે જેમનો પુણ્યપ્રભાવ, જેમના આત્માની આભા, જેમની આંતરિક સદ્‌ભાવના અને મુખમાંથી નીકળતાં વચનોના પ્રભાવે નાસ્તિક વ્યક્તિ પણ આસ્તિક બની જતી હોય છે. જેમનું આદેય નામકર્મ એવું હોય કે એમના એક વચન માત્રથી અબુધ પણ પ્રતિબોધ પામી જતાં હોય છે. એવા જ એક પુણ્ય પ્રભાવી આત્મા એટલે, પૂજ્ય શ્રી વીરમતીબાઈ મહાસતીજી !

કોઈ જીવને સન્માર્ગનો બોધ આપીને પ્રતિબોધિત કરવા તે પણ એક પ્રકારની સેવા હોય છે. ધર્મ પ્રભાવનાની સેવા હોય છે. સ્વયંને ધર્મની પ્રાપ્તિ થઈ જવા માત્રથી આવનારા ભવોમાં દેવ-ગુરુ કે ધર્મની પ્રાપ્તિ થઈ જ જવાની છે એ નક્કી હોતું નથી. પરંતુ કોઈકને પમાડવું તે જ સ્વયંની પણ પ્રાપ્તિનું કારણ બનતું હોય છે. કોઈકને શાતા પમાડી તો, સ્વયંને પણ શાતાની પ્રાપ્તિ થવાની જ છે. કોઈક ભૂખ્યાંને ભોજન પમાડયું તો, સ્વયંને પણ ભોજનની પ્રાપ્તિ થવાની જ છે. કોઈકને જ્ઞાન પમાડયું તો, તે પણ સ્વયંની જ્ઞાન પ્રાપ્તિનું કારણ બનવાનું છે અને જો કોઈકને ધર્મ પમાડયો, કોઈકને જો સ્વયંના દીપકની જ્યોત આપી તો ભવાંતરમાં ક્યારેક સ્વયંની જ્યોત જો બુઝાયેલી હશે તો જરૂર ક્યાંકથી ને ક્યાંકથી કોઈક દીપક આવીને એ બુઝાએલી જ્યોત પ્રજવલિત કરી જશે.

પ્રવચન પ્રભાવનાથી જીવ ભદ્ર પુણ્યકર્મનો બંધ કરે છે.

આ ભવે કોઈક જીવને ધર્મ પમાડવાથી, ભવિષ્યમાં દેવ-ગુરુ અને ધર્મની પ્રાપ્તિ થાય એવા ભદ્રપુણ્ય કર્મનો બંધ થતો હોય છે.

પુણ્ય પ્રભાવી પૂજ્ય શ્રી વીરમતીબાઈ મહાસતીજી પણ સંયમની સાધના સાથે વિચરણ કરતાં કરતાં અનેક જીવોને પ્રતિબોધિત કરીને ભદ્રપુણ્ય કર્મબંધના અધિકારી બની રહ્યાં હતાં !

અજબ યોગાનુયોગ

વર્ષ 1989 ના વસઈ-માણેકપુરના એ જ ચાતુર્માસમાં મારવાડી સ્થાનકવાસી જૈન પરિવારના એક બીજા યુવાન ભાઈ પણ પૂજ્ય શ્રી વીરમતીબાઈ મહાસતીજીના મુખેથી ધર્મ પ્રેરણા પામીને પ્રતિબોધિત થયાં. પૂજ્ય મહાસતીજીના બોધ વચનોથી ધીમે ધીમે એનો સંસાર છૂટી ગયો. અંતે સમય જતાં, તે ભાઈએ હિન્દુ ધર્મમાં સંન્યાસ ધારણ કરી લીધો. જેઓ આજે હિન્દુ

ધર્મી સમાજમાં મહાન સંન્યાસી મહામંડલેશ્વર શ્રી રાહુલેશ્વરાનંદજી તરીકે પૂજાય છે.

કુદરત પણ કેવા કેવા યોગોનું સર્જન કરતી હોય છે. બંને યુવાન વસઈના, બંને યુવાન એક જ મહાસતીજીના બોધથી પ્રતિબોધ પામ્યાં, બંને યુવાનોએ સંસાર ત્યજ્યો, બંને સાધુ થયાં, બંને સાધુ **ગુરુ** તરીકેનું ઉચ્ચ પદ પામ્યાં, બંને પુણ્યભીના પદથી સન્માનિત થયાં, એક **રાષ્ટ્રસંત** ના પદથી અને બીજા **મહા મંડલેશ્વર** ના પદથી, અનેક શિષ્ય અને શિષ્યાઓથી શોભી રહ્યો છે આજે રાષ્ટ્રસંતશ્રીનો સંયમી પરિવાર તો બીજી બાજુ અનેક શિષ્યોથી શોભી રહ્યો છે આજે મહા મંડલેશ્વરજીનો સંન્યાસી પરિવાર !

અજબ ગજબનો યોગાનુયોગ ! જાણે કે આ બે યુવાનના જીવનની દિશા બદલવા માટે જ પૂજ્ય શ્રી વીરમતીબાઈ મહાસતીજી વસઈ ચાતુર્માસ ન પધાર્યા હોય !

જ્ઞાનયજ્ઞ

સમયની ધારા નિતાંત વહી રહી હતી. વર્ષ 1996. તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવશ્રીની આજ્ઞા થઈ, હવે સ્વતંત્ર ચાતુર્માસ કરીને શાસનની પ્રભાવના કરો.

ગુરુઆજ્ઞાને **તહત્તિ** કરીને સ્વતંત્રપણે વિચરણ કરવાનો પ્રારંભ કર્યો. વર્ષ 1996માં પોતાની નેશ્રામાં અન્ય નાના સતીજીઓ સાથે વેરાવળનું ચાતુર્માસ કર્યું. એ જ વર્ષે **સૌરાષ્ટ્ર કેસરી ગુરુપ્રાણ આગમ બત્રીસી** ના ગુજરાતી અનુવાદના ભગીરથ કાર્યનો શુભારંભ કરવામાં આવ્યો. **ગુરુપ્રાણ આગમ બત્રીસી** એટલે, આજે અનેક સંપ્રદાયના અનેક સંત-સતીજીઓ અને દેશ-વિદેશના સેંકડો-હજારો જ્ઞાનપિપાસુ ભાવિકો જે ગ્રંથો દ્વારા સહજ અને સરળ શૈલીમાં આલેખિત તીર્થંકર પ્રભુના વચનોનું જ્ઞાન પામી રહ્યાં છે, એવી ગુજરાતી ભાષામાં અનુવાદિત **32 આગમ ગ્રંથાવલી.**

આ ભગીરથ કાર્યનો પ્રારંભ કરવો જેટલો સહજ હતો એટલો નિર્વિઘ્ન પરિપૂર્ણ કરવો બિલકુલ સહજ ન હતો. એક જ સ્થાન પર, એકધારું પૂર્ણપણે ચોકસાઈથી બત્રીસ-બત્રીસ ગ્રંથોના અનુવાદ કરવાના આ કાર્યમાં વર્ષોના વર્ષ લાગી જાય એમ હતાં. આગમ અનુવાદનું મુખ્ય સંપાદન પૂજ્ય શ્રી લીલમબાઈ મહાસતીજી કરી રહ્યાં હતાં અને સહ સંપાદનનું કાર્ય પૂજ્ય શ્રી વીરમતીબાઈ મહાસતીજીના સહવર્તી સાધ્વીજી ડૉ. પૂજ્ય શ્રી આરતીબાઈ મહાસતીજી અને પૂજ્ય શ્રી સુબોધિકાબાઈ મહાસતીજી

કરી રહ્યાં હતાં. જેના માટે ક્યાંય દૂર વિચરણ ન કરતાં રાજકોટ કે એની આસપાસના ક્ષેત્રોમાં જ વિચરણ કરવું પડે એમ હતું.

પૂર્વમાં પણ આગમ અનુવાદનું કાર્ય પરિપૂર્ણ કરવા માટે કેટલાંય સંત-સતીજીઓએ પ્રયત્ન ર્ક્યો હતો પરંતુ દરેક સમયે કોઈકને કોઈક વિઘ્ન આવતાં કોઈ સંત-સતીજી આ કાર્ય પૂર્ણ કરી શક્યાં ન હતાં.

આ વખતે પણ એક મોટી વિપદા આવી પડી. વર્ષ 1998 થી પ્રારંભ થયેલું આ કાર્ય સુયોગ્ય રીતે થઈ રહ્યું હતું. પરંતુ 1998 માં અસહ્ય ઘટના ઘટી ગઈ. જેમની પ્રેરણા અને કૃપાના આધારે આગમ કાર્ય થઈ રહ્યું હતું એવા પરમ ઉપકારી ખેવનહારા તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવશ્રી કાળધર્મ પામી ગયાં. જીવનના આધાર સ્તંભની જ વિદાય થઈ ગઈ. તેમ છતાં, આગમ કાર્ય કરવાની એમની આજ્ઞા તો ગમે તે ભોગે પરિપૂર્ણ કરવાની જ હતી. એટલે પૂજ્ય ગુરુદેવશ્રીના કાળધર્મ પછી પણ આ કાર્ય અવિરતપણે દસ વર્ષ સુધી ચાલતું જ રહ્યું. રાત-દિવસનો ભોગ આપીને પૂજ્ય મહાસતીજીઓએ ગુરુકૃપાના આધારે ખંત, ધીરજ અને ખૂબ મહેનતથી એક એક શબ્દના ભાવાર્થ અને અનુવાદ કરતાં કરતાં વર્ષ 2007 સુધી આ મહા જ્ઞાનયજ્ઞને સફળતા પૂર્વક પરિપૂર્ણ ર્ક્યો. જેના મીઠાં ફળનો આસ્વાદ આજે સેંકડો સંત-સતીજીઓ અને હજારો ભાવિકો લઈ રહ્યાં છે.

નિ:શબ્દ પાત્ર

પરંપરાઓથી એવું બનતું આવ્યું છે કે દરેક મોટી સફળતા કે દરેક મોટા કાર્ય માટે દુનિયાના લોકોનું ધ્યાન હંમેશાં નેપથ્ય એટલે કે પડદાની આગળના પાત્ર પર જ કેન્દ્રિત થતું હોય છે, પરંતુ નેપથ્યની પાછળનું પાત્ર પણ એક મહત્ત્વપૂર્ણ યોગદાન આપી જતું હોય છે એ વાતથી સહુ કોઈ અજાણ હોય છે. ઘડિયાળની આગળના ભાગમાં ફરી રહેલાં ત્રણ કાંટાઓનો શ્રમ સહજપણે દેખાઈ આવતો હોય છે પરંતુ પાછળના યંત્રના શ્રમથી સહુ કોઈ અજાણ હોય છે.

આગમ અનુવાદના કાર્યમાં નેપથ્યની પાછળનું પાત્ર એટલે પૂજ્ય શ્રી વીરમતીબાઈ મહાસતીજી ! દરેક પ્રકારની પાત્રતા, દરેક પ્રકારની ક્ષમતા અને સક્ષમતા હોવા છતાં પણ સ્વયં પોતે આગમ અનુવાદનું સંપાદન કરી શકે એવી યોગ્યતા હોવા છતાં પણ પોતાનાથી નાના મહાસતીજીઓને આગળ લાવવા માટે, એમના જ્ઞાન વિકાસ અર્થે સંપાદનનું કાર્ય એમને સોંપી દીધું. ઘાટકોપરની શ્રમણી વિદ્યાપીઠમાં દીક્ષાના પ્રારંભિક વર્ષોમાં પોતે લાંબા સમય સુધી આગમનો અભ્યાસ કરેલો જ હતો, એટલે જો ધારત તો તેઓ સ્વયં સંપાદનના કાર્યમાં જોડાઇ શકયાં હોત પરંતુ એવું ન કરતાં તેઓશ્રીએ પોતાની નિશ્રામાં રહેલાં નાના સતીજીઓને તે કાર્ય માટે આગળ કર્યાં. રાત-દિવસ એક કરીને, ઘણો બધો શ્રમ કરીને સંપાદન કરી રહેલાં પૂજ્ય શ્રી આરતીબાઇ મહાસતીજી અને પૂજ્ય શ્રી સુબોધિકાબાઇ મહાસતીજીને બધાં જ પ્રકારની અનુકૂળતા કરી આપતાં, ગૌચરી-પાણી આદિ કાર્યો સ્વયં કરીને પૂજ્ય નાના મહાસતીજીઓને સમયની અનુકૂળતા કરી આપતાં. પથ્ય ગૌચરી વપરાવીને એમના સ્વાસ્થ્યને સ્વસ્થ રાખવાનો પ્રયત્ન કરતાં, પોતે મોટા હોવા છતાં નાના સાધ્વીજીઓના કાર્ય કરી આપતાં. સક્રિય છતાં શાંત, નિરવ અને નિ:શબ્દ, આ છે નેપથ્યની પાછળના પાત્રનું યોગદાન !

જવાબદાર શિષ્યત્વ

માત્ર આગમ કાર્ય સમયે જ નહીં પરંતુ જ્યારથી પોતાનાથી નાના એવા સાધ્વીજીઓ ડૉ. પૂજ્ય શ્રી આરતીબાઇ મહાસતીજી અને પૂજ્ય શ્રી સુબોધિકાબાઇ મહાસતીજી પોતાની સાથે વિચરણ કરતાં થયાં ત્યારથી દરેક કાર્યમાં, દરેક સમયે એમને આગળ કરીને પૂજ્ય શ્રી વીરમતીબાઇ મહાસતીજી સ્વયં શાંત થઇ જતાં માત્ર ને માત્ર પૂજ્ય નાના મહાસતીજીઓના વિકાસ અર્થે...એમની પ્રગતિ અર્થે, એમને આગળ લાવવા અર્થે ! આ હોય છે મોટાની મોટાઇ, આ હોય છે દિલની અમીરાત અને આ હોય છે દરિયાવ દિલી !

મોટા બનવામાં ક્યારેય મોટાઇ હોતી જ નથી પરંતુ નાના પાસે નાના બની જવામાં મોટાઇ સમાયેલી હોય છે.

દરિયો ક્યારેય પોતાની આંતરિક સમૃધ્ધિને છતી કરીને દુનિયા સામે પોતાના દરિયાપણાનું પ્રદર્શન નથી કરતો પરંતુ સ્વયંની દરિયા દિલીથી પોતાનાથી નાની એવી નદીને પણ એક દિવસ દરિયો બનાવી દેતો હોય છે.

પૂજ્ય શ્રી વીરમતીબાઇ મહાસતીજી રૂપી આ દરિયો ભવિષ્યમાં અનેક નાની નદીઓને પોતાની નિશ્રામાં રાખીને એમને પણ દરિયો બનાવી દેશે, એવી ભવિતવ્યતા અને પાત્રતા તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવશ્રીએ વર્ષો પહેલાં જ નિહાળી લીધી હતી, માટે જ તો, યોગ્ય સમય થતાં જ શાસન પ્રભાવનાની આજ્ઞા આપી હતી.

યોગ્ય શિષ્ય એ જ હોય જે ગુરુના ભારનું પોતે વહન કરે. જે કાર્ય ગુરુએ કરવાનું છે એ કાર્ય પોતે લઇને ગુરુનો ભાર હળવો કરે.

સેવા-વૈયાવચ્ચ, શાસન પ્રભાવના, ભવ્ય જીવોને ધર્મ માર્ગની પ્રેરણા અને સમુદાયના સાધ્વીજીઓનો પણ આત્મવિકાસ, આવા તો અનેક કાર્યો વડે પૂજ્ય શ્રી વીરમતીબાઇ મહાસતીજી ગુરુનો ભાર હળવો કરી રહ્યાં હતાં.

ગુરુની જવાબદારી હજી વધુ ને વધુ લેવાના લક્ષ્ય સાથે પૂજ્ય શ્રી વીરમતીબાઇ મહાસતીજી વિચરણ કરતાં કરતાં સૌરાષ્ટ્રના ધારી ગામમાં પધાર્યા અને 1998નું ચાતુર્માસ ધારીમાં વ્યતીત કર્યું. ધારીમાં રહેતાં એક યુવાન ભાઇ દર્શનાર્થે આવતાં. દર્શન કરીને પૂજ્ય મહાસતીજીના મુખેથી બોધ વચનોનું શ્રવણ કરતાં. પૂ. વીરમતીબાઇ પાસે જિનવચનોનું શ્રવણ કરતાં-કરતાં તે યુવાન ભાઇ સત્યથી એવા પ્રતિબોધિત થઇ ગયાં, ધર્મના રંગે એવા રંગાઇ ગયાં કે પૂજ્ય મહાસતીજીની પ્રેરણાથી સમગ્ર સંસારનો ત્યાગ કરીને આખરે દીક્ષા ગ્રહણ કરી સંત બની ગયાં, જે આજે રાષ્ટ્રસંત પૂજ્ય ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબના શિષ્ય સ્વરૂપે પૂજ્ય શ્રી પિયુષમુનિ મહારાજ સાહેબ તરીકે વિચરણ કરી રહ્યાં છે.

આમ, તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવશ્રીએ શાસન પ્રભાવના માટે પૂજ્ય શ્રી વીરમતીબાઇ મહાસતીજીને ખોબલે ખોબલે આપેલાં આશીર્વાદ જાણે ચરિતાર્થ થઇ રહ્યાં હતાં.

જેમ સેંકડો વર્ષ પહેલાં પ્રભુ મહાવીરની આજ્ઞાથી

દેવશર્મા બોધન ભણી, ગોયમ ગયાં સુજાણ

એમ તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવશ્રીની આજ્ઞાથી

ભવ્ય જીવ બોધન ભણી, વીરમતીજી ગયાં સુજાણ !

ગોજારો સમય

આ બાજુ આગમ સંપાદનનું કાર્ય પણ સુવ્યવસ્થિત રૂપે આગળ વધી રહ્યું હતું અને સમય પણ એની રફતારમાં ગતિ કરતાં કરતાં વર્ષ 2001 ની પધરામણી થઇ.

ગુજરાત સૌરાષ્ટ્ર અને કચ્છ આ ત્રણે ક્ષેત્રના લોકોની સ્મૃતિમાંથી કદી ન ભૂંસાય એવો ગોજારો અને ભયાનક 2001 ના વર્ષનો 26 જાન્યુઆરીનો એ દિવસ ! સવારના 7 થી 8 કલાકના એ સમયની વચ્ચે માત્ર થોડીક ક્ષણો માટે ધરા શું ધ્રુજી... શું ધ્રુજી કે સર્વત્ર મૃત્યુનું તાંડવ નૃત્યુ રચાઇ ગયું ! હજારો લોકો ચગદાઇ ગયાં, દટાઇ ગયાં, નામશેષ થઇ ગયાં ! ગામોના ગામ નાબુદ થઇ ગયાં, કોઇ અનાથ, કોઇ વિધવા, કોઇ પંગુ, તો કોઇ નિરાધાર-બેઘર બની ગયાં. ધનવાન પણ ક્ષણમાં નિર્ધન બની ગયાં. લોકો ભૂખથી ટળવળવા લાગ્યાં, ન છત રહી, ન છત્ર છાયા રહી ! આટલી બધી વિનાશકતા અને તારાજી પછી દાનવીર ભાવિકો અને સેવાભાવી સંસ્થાઓ દ્વારા ગામડાઓને દત્તક લઇને એનું પુનર્વસન કાર્ય શરુ કરવામાં આવ્યું. ધીમે-ધીમે લોકો આઘાતમાંથી બહાર આવીને નવેસરથી જીવનને બેઠું કરવાનો પ્રયત્ન કરી રહ્યાં હતાં. વ્યાપાર, રોજગારી બધું જ ઠપ્પ થઇ ગયું હતું. અસરગ્રસ્ત વિસ્તારોમાં તો લોકો બે ટંક પૂરતું ખાવા માટે પણ ફાંફા મારી રહ્યાં હતાં. લોકો દ્વારા દાનમાં જે મળતું એનાથી જ જીવન નિર્વાહ કરવા લાગ્યાં.

એવા એ દારૂણ સમયમાં... ચાતુર્માસ કયાં કરવું ? કયા ક્ષેત્રમાં જવું ? એની વિચારણાઓ ચાલી રહી હતી. નાના નાના ક્ષેત્રો તો હજી માંડ માંડ બેઠાં થઇ રહ્યાં હતાં. પૂજ્ય શ્રી વીરમતીબાઇ મહાસતીજીના પુણ્ય પ્રભાવે મોટા મોટા સંઘોની ચાતુર્માસ પધારવા માટેની વિનંતિ હતી એટલે એમાંથી કોઇ પણ એક ક્ષેત્રમાં જઇને ચાતુર્માસ કરી શકે એમ હતાં. તેવા સમયે પૂજ્ય મહાસતીજી પાસે થોડાંક ભાવિકો એક વિનંતિ લઇને આવ્યાં. ધરતીકંપના

કારણે નિરાધાર, નિર્ધન બની ગયેલાં આપણાં જ સાધર્મિક ભાઇઓ માટે શ્રી જ્યોતિબેન મહેતા, શ્રી હસ્તિબેન આદિ બહેનો દ્વારા ચોક કોલોનીનું મર્મિણ કરવામાં આવ્યું હતું. તે કોલોનીમાં વસવા આવેલા ભાઇઓ-બહેનોને ધર્મમાં દૃઢ કરવા અને સન્માર્ગે વાળવા માટે તે અસરગ્રસ્ત પુનર્વસિત મોરબીના સુમતિનાથ નગરમાં ચાતુર્માસ કરવા પધારવાની વિનંતી લઇને આવ્યા ને 2005 નું ચાતુર્માસ ત્યાં કરવાનો નિર્ણય કર્યો.

ચાર વીરાંગના

તદ્ન સમજાય એવી એક વાત હતી. ભૂંકપથી અસરગ્રસ્ત એવા વિસ્તારમાં ચાતુર્માસ કરવા જાય તો પ્રતિકૂળતા અને પ્રતિકૂળતા સિવાય બીજું કશું જ મળવાનું ન હતું. દત્તક લીધેલાં ગામમાં હજી તો નાના નાના મકાનો બંધાઇ રહ્યાં હતાં એટલે સ્થાન પણ પ્રતિકૂળ જ મળવાનું હતું. જ્યાં લોકોને પણ પૂરતું ખાવાનું ન હતું ત્યાં ગૌચરી-પાણીની પણ પ્રતિકૂળતા જ મળવાની હતી. બીજી અનેક રીતે દેખીતી પ્રતિકૂળતાઓ હતી. એવામાં ચાર- ચાર મહિના કેમ કરીને વ્યતીત થઇ શકે ?

પૂજ્ય મહાસતીજી ધારત તો ભાવિકોને ના પાડી શકયાં હોત, પરંતુ એ વીરના અંશ હતાં એ સાધ્વી વીરમતીજી હતાં !

અનુકૂળ પરિસ્થિતિઓને તો સહુ કોઇ સ્વીકારી લે પરંતુ પ્રતિકૂળતાઓને સામે ચાલીને વરવા જાય એ જ મહાવીર હોય ! બધી રીતે અનુકૂળ એવા સારા ક્ષેત્રમાં ચાતુર્માસ કરવું તો બહુ સહજ હોઇ શકે પરંતુ લોકો દ્વારા લાખ રોકવાના પ્રયત્ન કરવા છતાં, જેમ પ્રભુ વીર અનાર્ય પ્રદેશમાં, સૂમસામ જંગલોમાં પ્રતિકૂળતાઓને સહન કરીને પણ જીવોને પ્રતિબોધ પમાડવા જતાં એમ, જેમના પાપનો વર્તમાને ઉદય છે એવા, માર્ગ ભૂલેલાં જીવન પથિકને માર્ગ ચીંધવાની હૃદયની સદ્ભાવના સાથે પૂજ્ય શ્રી વીરમતીબાઇ મહાસતીજીએ ભૂકંપથી તારાજ થઇ ગયેલાં એવા મોરબી નગરમાં ચાતુર્માસ કરવાનો નિર્ણય કરી લીધો. પૂજ્ય મહાસતીજી તો પ્રતિકૂળતાને સ્વીકારવા તૈયાર થઇ જ ગયાં પરંતુ, પૂજ્ય શ્રી બિંદુબાઇ મહાસતીજી, ડૉ. પૂજ્ય શ્રી આરતીબાઇ મહાસતીજી તેમજ પૂજ્ય શ્રી સુબોધિકાબાઇ મહાસતીજી આ ત્રણ નાના સાધ્વીજીઓ પણ કોઇપણ પ્રકારની દલીલ કે આનાકાની કર્યા વિના સહર્ષ મોરબી ચાતુર્માસ માટે સહમત થઇ ગયાં.

સુખશીલતા દરેક જીવને પ્રિય હોય છે પરંતુ આ ચારેચાર મહાસતીજી માત્ર ને માત્ર પરમાર્થ કાજે સુખશીલતાનો ત્યાગ કરીને પુનર્વસન પામેલાં મોરબી નગરના, સુમતિનાથ નગરમાં જૈન દેરાસરના ઉપાશ્રયમાં વીરાંગનાઓ બનીને ચાતુર્માસ અર્થે પધાર્યા.

પારમાર્થિક ચાતુર્માસ

માત્ર એક રૂમ અને રસોડુંના નાનકડાં ઘરમાં રહેતાં 100 જેટલાં સંઘ સભ્યોના ઘરમાંથી માત્ર 5 ઘર સૌથી વધુ પગાર એટલે કે રૂા. 5000/- મેળવનારા હતાં. તો બાકીના ઘરોની તો શું દશા હશે ? આવી પરિસ્થિતિની વચ્ચે જીવી રહેલાં ભાવિકો પર વધારે ભાર ન નાંખતાં બધાં મહાસતીજીઓએ ચાર મહિના સુધી દૂધનો તો ત્યાગ કરી દીધો પણ એની સાથે સાથે વારાફરતી દરેક મહાસતીજી આયંબિલ કરતાં. એમાં પણ સહુથી નાના પૂજ્ય શ્રી સુબોધિકાબાઇ મહાસતીજીએ તો ચાતુર્માસમાં પ્રાયઃ આયંબિલ તપની આરાધના કરી. આવી રીતે પરિસ્થિતિને અનુરૂપ બનીને ચાર મહિના વ્યતીત કર્યા. એ દરમ્યાન પ્રવચનો, શિબિરો અને વિવિધ પ્રકારના આયોજનો દ્વારા બોધ પમાડીને, કર્મની સમજણ આપીને, પુણ્ય-પાપના ઉદયની સમજણ આપીને, અવળે માર્ગે જનારા અનેક જીવોને સન્માર્ગે વાળ્યાં, અનેકને ગૂટકા અને પાન-મસાલાના વ્યસનો છોડાવ્યાં, અનેકોના બીજા વ્યસનો છોડાવ્યાં. પૂ. વીરમતીબાઇ મહાસતીજીના સત્પ્રયત્ને આખો દિવસ કરિસ્મા (ગુટખા)ની ફાકી ખાનારા, સાતમ-આઠમની આસપાસ મહિનાઓ સુધી પોતાના ઘરમાં જુગારનો અડ્ડો બનાવનારા નીતાબેનનું જીવન પરિવર્તન એક આશ્ચર્યકારી ઘટના બની રહી. બહારના ક્ષેત્રોથી આવનારા દાનવીર ભાવિકો પાસે અનેક વખત સાધર્મિક ભક્તિ કરાવી મીઠાઇ, વસ્ત્રો, અનાજ વિગેરે જેવી જીવન જરૂરી વસ્તુઓનું વિતરણ કરાવીને એમને સહાય કરતાં-કરતાં ચાતુર્માસ પરિપૂર્ણ કરી વિહાર કર્યો.

હૃદયમાં એ પામર જીવો પ્રત્યેના કરૂણા ભાવ સાથે કે, હે પ્રભુ ! આ બાળજીવો પર વરસાવ તારી કૃપાના બે બુંદ !

એક પંથ દો કાજ

આવી રીતે 2001 નું વર્ષ પરિપૂર્ણ થયું. આગમ અનુવાદનું કાર્ય આગળ ને આગળ વધી રહ્યું હતું. એ દરમ્યાન તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવશ્રીએ સ્વયંની ઉપસ્થિતિમાં જ પૂજ્ય શ્રી વીરમતીબાઇ મહાસતીજીનું વર્ષ 2001 અને 2002 નું ચાતુર્માસ આકોલા અને ઇન્દોર ક્ષેત્રોમાં નક્કી કર્યું હતું પરંતુ આગમ કાર્યના કારણે તે શકય ન બન્યું. પૂજ્ય મહાસતીજીએ આકોલાના ભાવિકોને વચન આપ્યું હતું કે આગમ કાર્ય પૂર્ણ થતાં અમે ત્યાં પધારવાના ભાવ રાખશું. 2007 માં આગમ કાર્ય પરિપૂર્ણ થયું. પૂજ્ય મહાસતીજી સૌરાષ્ટ્રથી વિહાર કરીને આકોલા-મહારાષ્ટ્ર પધાર્યા. 2006માં આગમ કાર્યની પૂર્ણાહુતિનો અણસાર આવવા લાગ્યો. આકોલા સંઘ અને પ્રાણ મહિલા મંડળની બહેનોના હૈયા થનગનવા લાગ્યા કે હવે પૂ. વીરમતીબાઇ મ. અને પૂ. સુબોધિકાબાઇ મ. ના ચાતુર્માસનો લાભ મળશે. પૂ. મહાસતીજીને લાવવા 54 બહેનોએ વરસીતપની આરાધના શરૂ કરી દીધી અને અંતે 2007માં ચાતુર્માસ પ્રવેશ સમયે સમુહ પારણા કરાવી મહાસતીજીએ અકોલામાં પ્રવેશ કર્યો. ત્યાંના ભાવિકોને ચાતુર્માસનો લાભ આપીને વર્ષ 2008 માં અમરાવતીમાં ચાતુર્માસ અર્થે પધાર્યા !

ઘણાં સમયથી પૂજ્ય મહાસતીજીના અંતરમાં ઝારખંડના પેટરબારમાં બિરાજિત ગોંડલ ગચ્છ શિરોમણિ પૂજ્ય શ્રી જ્યંતિલાલજી મહારાજ સાહેબના દર્શન કરવાની ભાવના હતી, પરંતુ કોઇ યોગ સર્જાતો ન હતો. ઝારખંડ જેવું અજાણ્યું ક્ષેત્ર, કપરો વિહાર અને વિહારના ક્ષેત્રમાં વસનારી માંસાહારી પ્રજા ! શું કરવું ? એકવાર તો એ મહાજ્ઞાની સંતના દર્શન કરવા જ હતાં. કેવી રીતે કરવા ? એવી વિચારણા થઇ રહી હતી ત્યાં તો અમરાવતીના તે ચાતુર્માસ દરમ્યાન જ રાષ્ટ્રસંત પૂજ્ય ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબ તરફથી સંદેશો મળ્યો કે 2009 ના ચાતુર્માસ અર્થે તેઓ કોલકત્તા તરફ વિહાર કરી રહ્યાં છે તો આપ પણ સાથે પધારો, તેવી ભાવના વ્યક્ત કરી. પૂજ્ય મહાસતીજી માટે તો એક પંથ દો કાજ જેવું થઇ ગયું. વિહાર માટે સહકાર પણ મળી ગયો અને પેટરબારમાં પૂજ્ય શ્રી જયંત ગુરુદેવના દર્શનની ભાવના

પેટરબારથી વિહાર સમયે ગોંડલ ગચ્છ શિરોમણી પૂજ્ય શ્રી જયંતમુનિ મ.સા. આશીર્વચન ફરમાવતા

2017-સંયમ સુવર્ણ જયંતિના પ્રારંભે ગુરુભગવંતોના આશીર્વાદની પ્રસન્નતા

2009માં કોલકત્તા વિહાર સમયે વેરાન વનમાં મોટા પત્થરો પર રાષ્ટ્રસંત પૂજ્ય ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબના સાંનિધ્યે સાધનાભાવ

પણ પરિપૂર્ણ થઇ ગઇ. એ સમયે પૂજ્ય મહાસતીજીના ભાવ તો પૂજ્ય જ્યંત ગુરુદેવશ્રીના સાંનિધ્યમાં પેટરબારમાં જ ચાતુર્માસ કરવાના હતાં, પરંતુ પૂજ્ય ગુરુદેવશ્રીને થયું કે, આવા વિદ્વાન સાધ્વીજીઓને પેટરબાર જેવા નાના ક્ષેત્રમાં ચાતુર્માસ કરાવતાં પહેલાં કલકત્તા જેવા મહાનગરમાં ચાતુર્માસ કરાવવું વધારે યોગ્ય રહેશે, એટલે ગુરુઆજ્ઞાનો સ્વીકાર કરીને પૂજ્ય શ્રી વીરમતીબાઇ મહાસતીજીએ 2009 નું ચાતુર્માસ રાષ્ટ્રસંત પૂજ્ય ગુરુદેવ સાથે કોલકત્તા શહેરમાં કર્યું.

ચાતુર્માસ બાદ કોલક્ત્તાથી વિહાર કરીને રાષ્ટ્રસંત પૂજ્ય ગુરુદેવશ્રી અને સેંકડો ભાવિકો સાથે શ્રી સમ્મેતશિખરજી તીર્થની તથા પાવાપુરી, રાજગૃહી આદિ કલ્યાણક ભૂમિની અનન્ય અનુભૂતિ કરાવતી યાદગાર યાત્રા પરિપૂર્ણ કરીને પૂજ્ય મહાસતીજીવૃંદ ફરીને પેટરબાર પધાર્યા. પૂજ્ય જયંત ગુરુદેવશ્રીના સાંનિધ્યમાં એમના જ્ઞાન-દર્શનનો અમૂલ્ય લાભ લેતાં લેતાં 2010 નું ચાતુર્માસ પેટરબારમાં વ્યતીત કર્યું.

ચાતુર્માસ પૂર્ણાહૂતિ બાદ સૌરાષ્ટ્ર તરફ પધારવાના ભાવ સાથે પૂજ્ય શ્રી વીરમતીબાઇ મહાસતીજી આદિ સંતીવૃંદ વિહાર કરવાની તજવીજ કરી રહ્યાં હતાં ત્યાં પૂજ્ય શ્રી જયંત ગુરુદેવશ્રીનું ફરમાન થયું, સૌરાષ્ટ્ર તરફ જવાની ઉતાવળ ન કરો, આ સમયે તમારો યોગ ઉત્તર ભારતના ક્ષેત્ર તરફનો છે, એ તરફના વિહારનો પ્રારંભ કરો ! ગુરુની આજ્ઞા થતાં જ, જ્યાં આજ સુધી કોઇપણ સ્થાનકવાસી સંત-સતીજીઓએ વિચરણ નથી કર્યું, એક પણ ચાતુર્માસ નથી કર્યું એવા ભારતના ઉત્તરીય ક્ષેત્રમાં, હિમશિલાઓના ઠંડાગાર પ્રદેશમાં, ઊંચા ઊંચા પર્વતો અને કોતરોની વચ્ચે, આ ચાર વીરાંગના મહાસતીજીઓ નીકળી પડે છે

સાધનાના ઉત્તુંગ શિખરોને સર કરવા,
એકલાં અટુલાં, ન કોઇ સાથે... ન સંગાથે
માત્ર પ્રભુની સંગે...
પ્રભુના ધ્યાને, પ્રભુને પામવાને !

એક સાહસિક
વિહારયાત્રાનો ઈતિહાસ અને
સેંકડો વર્ષ પહેલાં **પ્રભુએ** કરેલાં
વિચરણની **અનુભૂતિ**

આત્મ મસ્તીનો આનંદ કુદરતના ખોળે

સૂમસામ વન-વગડાઓની વાંકી-ચૂકી કેડીઓ પર એક-એક પગલું ભરતાં-ભરતાં ખળ-ખળ વહેતી નદીના તટ પર, ઘનઘોર જંગલોની વચ્ચે, ક્યારેક નગરની બહારના ઉદ્યાનમાં, ક્યારેક અનાર્ય પ્રદેશમાં તો ક્યારેક સ્મશાનોમાં, કોઈ ઘટાદાર વૃક્ષની છાયા તળે, સેંકડો વર્ષ પહેલાં પ્રભુ મહાવીર... દુનિયાથી દૂર દૂર... કલાકોના કલાકો સુધી ધ્યાનસ્થ દશામાં સ્થિર થતાં થતાં, સ્વયંની મસ્તીમાં, આત્મ મસ્તીમાં, વિહારયાત્રા કરતાં-કરતાં... મોક્ષ તરફનો પંથ કાપી રહ્યાં હતાં.

પગલે-પગલે પ્રભુ સ્મરણની મસ્તી અને પગલે-પગલે પ્રભુની સાથે વાત, તે વિહારચર્યા હોય છે. સંયમજીવનની મહત્ત્વપૂર્ણ ચર્યાઓમાંથી એક એવી વિહારયાત્રા, તે સ્વયંના ઊંડાણમાં જઈને અંતર્યાત્રા કરવાનો એક અવસર હોય છે ! વિહારમાર્ગમાં સર્જાતાં અનેક દૃશ્યોમાંથી દૃષ્ટિબોધ પામવાનો અને આત્મ મસ્તીમાં ઝૂલવાનો એક અનેરો અવસર હોય છે.

એવી આ વિહારયાત્રા... આ અંતર્યાત્રા, આ આત્મયાત્રામાં જે રમણ કરે છે, એની હસ્તી અને એની આત્મ મસ્તી કંઈક ઓર હોય છે. જે કરે તે જ જાણે, તે જ સમજે અને તે જ માણી શકે !

ભાવના સંભાવના

હિમાલયના ઉત્તુંગ શિખરોથી શોભતાં ભારતના ઉત્તરીય ક્ષેત્રના બરફાચ્છાદિત પ્રદેશો, જ્યાં અનેક સંતો, મહંતો અને સંન્યાસીઓ આત્મશુદ્ધિ માટે સાધનાની ધૂણી ધખાવીને વસી રહ્યાં છે, એવા તે દુનિયાના શોરબકોરથી દૂર-દૂરના ક્ષેત્રોમાં શહેરી ઘોંઘાટ અને કોલાહલથી દૂર સુદૂરના એ હિમ પ્રદેશો તરફ પ્રભુની જેમ, દુનિયાથી દૂર જીવનમાં એકવાર તો વિચરણ કરીને આત્મસાધના કરવી છે, એવા ભાવ પૂજ્ય શ્રી વીરમતીબાઈ મહાસતીજીના અંતરમાં ઘણાં સમયથી ઉદ્‌ભવી રહ્યાં હતાં.

કહેવાય છે ને કે, **યાદૃસિ ભાવના, તાદૃસિ સંભાવના** જેવી ભાવના એવી ભવિતવ્યતા, એવી સંભાવના એક ન એક દિવસ સર્જાઈ જ જતી હોય છે ! પૂજ્ય મહાસતીજીની એ ભાવનાને સાકાર કરવાના યોગોનું જાણે સર્જન થવાનું જ હોય એમ, પૂજ્ય મહાસતીજીથી પ્રતિબોધ પામેલાં મહાસંડલેશ્વર શ્રી રાહુલેશ્વરાનંદજી સ્વામી વારંવાર પૂજ્ય મહાસતીજી પાસે આવીને એવી સદ્‌ભાવના વ્યક્ત કરતાં કે, એમના હિમાલય સ્થિત આશ્રમમાં એકવાર તો પૂજ્ય મહાસતીજી પાવન પગલાં કરીને આશ્રમને પાવન કરે !

પૂજ્ય મહાસતીજીના અંતરની ભાવના, શ્રી રાહુલેશ્વરાનંદજી સ્વામીની વારંવારની વિનંતિ અને એમાં યોગાનુયોગે પૂજ્ય શ્રી જ્યંત ગુરુદેવશ્રીની આજ્ઞા કે ઉત્તર ભારતના ક્ષેત્ર તરફ વિહારનો પ્રારંભ કરો ! કુદરતી રીતે જ બધું ગોઠવાઈ રહ્યું હતું !

ફકીરીના આનંદમાં

પૂર્વ, પશ્ચિમ અને દક્ષિણ ! ભારતના આ ત્રણ ખૂણામાં, જાણીતાં ક્ષેત્રોમાં, જૈનોના ક્ષેત્રોમાં વિહાર કે વિચરણ સામાન્ય રીતે અનેક સંત-સતીજીઓ કરતાં હોય. પરંતુ ભારતની ટોચે, હિમાલય તરફ, તદ્દન અજાણ્યાં ક્ષેત્રમાં, તદ્દન અજાણી સંસ્કૃતિ અને પ્રજાની વચ્ચે, જંગલો અને પર્વતોની વચ્ચેથી રસ્તો કાપી કાપીને, કપરાં માર્ગોને પસાર કરીને, માત્ર ચાર મહાસતીજીઓનું એકલાં વિહાર કરવું એ કોઈ ખાવાના ખેલ ન હતાં, એક જોખમી સાહસ હતું, જેમાં કાચી, પોચી કે નમાલી વ્યક્તિનું કોઈ કામ ન હતું, પરંતુ આ તો સાધ્વી વીરમતીજી ! પ્રભુ વીરની જેવા વીર અને એમની સાથેના પૂજ્ય શ્રી બિંદુબાઈ મહાસતીજી, ડૉ. પૂજ્ય શ્રી આરતીબાઈ મહાસતીજી અને પૂજ્ય શ્રી સુબોધિકાબાઈ મહાસતીજી જેવા સાહસિક સહવર્તી સાધ્વીજીઓ હોય ત્યાં સાહસ સ્વયં જ સિધ્ધિનું સ્વરૂપ લઈ લેતું હોય છે !

એવા સાહસને પોતાની ઝોળીમાં સાથે લઈને પેટરબારથી પૂજ્ય મહાસતીજી વૃંદ હિમાલય તરફના વિહારનો પ્રારંભ કરે છે. ક્યાં રોકાણ કરવું ? કઈ જગ્યાએ શેષકાળ વ્યતીત કરવો ? ક્યા ક્ષેત્રમાં ચાતુર્માસ કરવું ? કંઈ જ ખબર નહીં, કંઈ જ જાણ નહીં ! તેઓ તો મસ્ત મૌલા બનીને કોઈ ફિકર ક્યાં વિના, ફકીરીના આનંદમાં બસ નીકળી પડે છે !

અનેક પ્રકારની અગવડતાઓ, અનેક પ્રકારની પ્રતિકૂળતાઓનો સામનો કરતાં કરતાં, ક્યાંક ગૌચરી-પાણી મળે ન મળે, ક્યાંક ઓછી-વધતી મળે, ક્યાંક અયોગ્ય મળે, ક્યાંક લૂખું સુકું મળે, ક્યાંક રહેવા માટે સ્થાન પણ અનુકૂળ મળે ન મળે, ક્યાંક શટર પાડીને સાંકડી દુકાનમાં રહેવું પડે, ક્યાંક નદીનો રેતાળ તટ હોય તો ક્યાંક પર્વતોનો પથરાળ પટ હોય, ક્યાંક કાંટાળી કેડી હોય તો ક્યાંક લપસણો માર્ગ હોય, ક્યાંક કિ.મી. ના કિ.મી. સુધી કોઈ માણસ જ ન દેખાય એવો સૂમસામ માર્ગ હોય, ઉપરાંતમાં ગાત્રો થીજાવી દેતી ઠંડી હોય. આવી તો અનેક પ્રતિકૂળતાઓને સહન કરતાં-કરતાં એકલવાયા આ ચાર સાધ્વીજીઓએ બંગાળ-બિહારથી લઈને કાશી, બનારસ, ઈલ્હાબાદ, કૌશાંબી, શૌર્યપુરી, કાનપુર, લખનૌ, મથુરા, વૃંદાવન, દિલ્હી, આગ્રા, હસ્તિનાપુર, મસુરી, ઋષિકેશ, હરદ્વાર, બદ્રીનાથ, હિમાલય, પંજાબ અને અમૃતસર જેવા અનેક અનેક ક્ષેત્રોની સ્પર્શના સાથે એક યાદગાર અવિસ્મરણીય વિહારયાત્રા કરી ! અનેક મહાપુરુષોની જન્મભૂમિ, વિચરણભૂમિ, તીર્થકરો અને સંતોની નિર્વાણભૂમિ આદિ પવિત્ર ક્ષેત્રોની સ્પર્શના દ્વારા અદ્‌ભુત આત્માનુભૂતિ કરી !

પાવનભૂમિની સ્પર્શના

પેટરબારથી લાંબા-લાંબા પંથ કાપતાં-કાપતાં અનેક પ્રકારના અનુભવોમાંથી પસાર થતા-થતાં, અનેક ગામ, નગર, જંગલોની વાટે થતાં-થતાં જ્યાં પ્રભુ આદિનાથે વિચરણ કર્યું હતું એવી હસ્તિનાપુર નગરીમાં પૂજ્ય મહાસતીજી વૃંદની પધરામણી થાય છે. એ નગરીમાં પ્રભુના પાવન પરમાણુઓની અનુભૂતિ લેતાં-લેતાં હવે આગળ હરદ્વાર તરફ જવાની વિચારણા સાથે શ્રી રાહુલેશ્વરાનંદજીને વાયા વાયા સમાચાર મોકલે છે.

પૂજ્ય મહાસતીજીના પધાર્યાના સમાચાર મળતાં જ શ્રી રાહુલેશ્વરાનંદજી એમને હરદ્વાર-ઋષિકેશ પધારવાની વિનંતિ સાથે ચાતુર્માસ અહીં જ વ્યતીત કરવાનો આગ્રહ કરે છે.

ચાતુર્માસને યોગ્ય આ ક્ષેત્ર છે કે નહીં ? સાધનાને યોગ્ય આ ક્ષેત્ર છે કે નહીં એવા અનેક પ્રકારના વિચારો અને વિકલ્પો મનમાં ચાલી રહ્યાં હતાં, પરંતુ જે થશે તે યોગ્ય જ થશે એવી પ્રભુ પ્રત્યેની શ્રધ્ધા સાથે પૂજ્ય મહાસતીજી વૃંદ હરદ્વાર અને ઋષિકેશની ભૂમિ પર પદાર્પણ કરે છે. હૃદયમાં એવી ભાવના ભાવીને કે, 500 ધનુષ્યની લાંબી કાયા ધરાવતાં એવા પ્રભુ આદિનાથની સાથે દસ હજાર સંતો જે ભૂમિ પર નિર્વાણ પામ્યાં એ ભૂમિનો કેટલો મોટો વિસ્તાર, તે પાવન આત્માઓની સ્પર્શનાથી પવિત્ર બન્યો હશે એવી ઋષિકેશની ભૂમિની સ્પર્શના કરતાં ધન્યતાની અનુભૂતિ સાથે ત્યાં ચાર-પાંચ દિવસની સ્થિરતા કરે છે.

હરદ્વાર અને ઋષિકેશમાં જ્યાં જૈન દેરાસરો સ્થાપિત કરવામાં આવ્યા છે ત્યાં 150 રૂમ ધરાવતી ધર્મશાળામાં રોકાણ બાદ હવે ચાતુર્માસ માટે હજી આગળ ઋષિકેશથી

300 કિ.મી.નો વિહાર અને 10000 ફૂટની ઊંચાઈ પર જઈને બદ્રીનાથમાં ચાતુર્માસ કરવું, જેથી એકાંત જ્ઞાન-ધ્યાનની આરાધના અને આત્મસાધના થઈ શકે એવું નક્કી થઈ રહ્યું હતું. શ્રી રાહુલેશ્વરાનંદજીએ પણ સહમતિ પૂરાવતાં કહ્યું કે એકવાર એ સ્થાન પર તમે જાઓ, પરંતુ આટલી ઊંચાઈ પર ચાર મહિના તમને અનુકૂળ રહેશે કે નહીં ? ત્યારે શાસનના પ્રભાવે હરદ્વાર અને ઋષીકેશના ધર્મશાળાના મેનેજરે હિંમત આપતા કહ્યું કે મહાસતીજી, તમે નિશ્ચિંત બનીને ઉપર ચડો. જો ત્યાં યોગ્ય ન લાગે તો અહીં આવીને ચાતુર્માસ વ્યતીત કરજો. તમારા માટે દ્વાર ખુલ્લાં જ છે.

અદ્‌ભુત વિહાર

ફરીને સાધ્વીવૃંદ વિહારયાત્રા શરૂ કરે છે. ઋષિકેશથી 300 કિ.મી. આગળ, 10,000 ફિટની ઊંચાઈ પર પહોંચવું એ નાની સૂની વાત ન હતી. માર્ગમાં માત્ર અન્યધર્મી સંન્યાસીઓ અને પૂરપાટ દોડી જતી ગાડીઓ સિવાય બીજા કોઈ રાહદારીઓ જોવા પણ ન મળે. સાંકડા રસ્તાઓ, આજુબાજુ ઊંડી ખીણ, વાંકા-ચૂકા માર્ગ અને પથરાળ પ્રદેશ પર ચાલતાં- ચાલતાં એટલો થાક લાગે, એકબાજુ લેન્ડ સ્લાઈડ, બીજી બાજુ ખીણ. લેન્ડ સ્લાઈડ પર ચાલતાં પથ્થર ખસી જાય એટલે પડી જવાય, આખડી જવાય, ઠોકર લાગી જાય, જેમ જેમ ચઢાણ થતું જાય એમ એમ હવા પાતળી થતી જાય. એક દિવસ નદીના તટ પર પગલાં થતાં હોય તો બીજે દિવસે પર્વતોની ટોચ પરથી ચાલવાનું હોય! એવા ઊંચાણ, નીચાણ અને ઢોળાણવાળા વિસ્તારમાં ચાલતાં-ચાલતાં થાક લાગે તો ત્યાં ને ત્યાં જ પોરો ખાવા બેસી જાય. સમયની કોઈ ચિંતા નહીં, કોઈની રાહ નહીં, બસ, પોતાની મસ્તીમાં સ્વયં સાથે અનુસંધાન સાધતાં જાય અને આગળને આગળ વધતાં જાય. માર્ગમાં 103 વર્ષના, 105 અને 115 વર્ષના વયોવૃધ્ધ સંન્યાસીઓના દર્શન પણ થઈ જાય અને અચરજ પમાડનારા કેટલાંય દશ્યો પણ જોવા મળી જાય.

હિમાલયના વિસ્તારમાં શીખપંથી લોકોનું મોટામાં મોટું ગુરુદ્વારા હેમકુંડ સાહેબ છે. તેથી હજારો લોકો ઉપર ચડી રહ્યાં હોય, તેઓ માટે રસ્તામાં થોડાં થોડાં અંતરે લંગર-ભોજન વ્યવસ્થાઓ કરેલી હોય, તેઓ રસ્તા વચ્ચે ઉભા રહી બસો અને ગાડીઓને રોકી લંગરમાં પ્રસાદ લેવા લઇ જાય. એવામાં પૂજ્ય સાધ્વીજીઓને જોઇને તો અત્યંત અહોભાવિત થઇ જાય.

એવો બદ્રીનાથનો એ માર્ગ આર્મીનો માર્ગ છે. ત્યાંથી 40કિ.મી. પછી તિબેટની સરહદ શરૂ થઈ જાય છે. એવા એ વિસ્તારમાં બદ્રીનાથથી 20 કિ.મી. પાંડુકેશ્વરથી નીચે નિખિલપીઠ આશ્રમમાં પહોંચીને ત્યાં જ ચાતુર્માસ વ્યતીત કરવાનો નિર્ણય કર્યો. આમ તો ચાતુર્માસ બેસવાને હજી ઘણો સમય હતો પરંતુ અહીં કદાચ યોગ્ય સ્થાન નહીં હોય તો ફરીને નીચે ઉતરીને ઋષિકેશમાં ચાતુર્માસ કરશું એવા વિચારે અહીં વહેલાં આવી પહોંચ્યાં હતાં ! ચાતુર્માસ પૂર્વેના બે મહિના અને 2011નું ચાતુર્માસ હિમાલય સ્થિત નિખિલપીઠ આશ્રમમાં વ્યતિત કર્યું.

વાદળાંઓની સંગે

નિખિલપીઠ આશ્રમમાં રહેતાં સંન્યાસીઓ માત્ર એક જ વખત ભોજન કરતાં. ભોજનગૃહમાં જે બન્યું હોય તે જ વાપરતાં. આટલી ઊંચાઈ પર ગૌધનના અભાવે દૂધ, દહીં, છાશ કે લીલા શાકભાજી તો આવે જ નહીં. માત્ર કોઈક એક કઠોળનું શાક, ભાત અને કોરી રોટલી. બસ આ ત્રણ જ વસ્તુઓ, ચોથી કોઈ વસ્તુ નહીં. આમ તો રોજીંદા વપરાશમાં કંદમૂળનો પણ ત્યાં ઉપયોગ થતો પરંતુ શ્રી રાહુલેશ્વરાનંદજીની સૂચનાથી જ્યાં સુધી પૂજ્ય મહાસતીજી આશ્રમમાં સ્થિરતા કરે ત્યાં સુધી કંદમૂળ સદંતર બંધ રાખવામાં આવ્યું હતું. પૂજ્ય મહાસતીજીને ભોજન બાબત પૂછતાં, એમણે જવાબ આપતાં કહ્યું, તમે જે ખાઓ છો, અહીં જે બને છે તે જ અમે વાપરશું, બીજું કશું જ નહીં. તેમ છતાં ત્યાં રહેતા સંતો પૂ. મહાસતીજીની સેવામાં કચાશ ન રાખતાં. યોગ્ય પથ્ય વસ્તુઓ નીચે ઋષિકેશથી મંગાવવા તત્પર રહેતા.

તદ્‌ન સાદુ ભોજન, અનેક પ્રકારની કઠિનાઈઓ છતાં ઈન્દ્રિયોને પૂર્ણપણે સંયમમાં રાખીને, પોતાના નિમિત્તે કોઈને તકલીફ આપ્યા વિના, એકાંતની મસ્તીમાં એ અલૌકિક સમય વ્યતીત કર્યો.

ઋષિકેશથી બદ્રીનાથ સુધીની તે ભૂમિના પરમાણુઓ એવા પાવન કે કદી કોઈ ચોરી નહીં, કોઈ

લૂંટફાટ નહીં. એ વિસ્તારના લોકોના વિચારોમાં પણ કોઈ ખરાબી નહીં, એટલી સાત્વિક વિચારધારા કે ગમે એવી કિંમતી વસ્તુ સામે પડી હોય છતાં કોઈ સ્પર્શે પણ નહીં. માટે જ તો એને **દેવભૂમિ** તરીકે ઓળખવામાં આવે છે. બદ્રીનાથના અધિષ્ઠાતા બદ્રીવિશાલ છે. કહેવાય છે તે મંદિરમાં પ્રતિમા છે તે આદિનાથની પ્રતિમા છે. વહેલી પરોઢે અભિષેક કરતાં સમયે પ્રતિમા ઉપરથી બધો શૃંગાર ઉતારવામાં આવે છે ત્યારે કાઉસ્સગ્ગ મુદ્રામાં સ્થિત આદિનાથ પ્રભુના દર્શન થાય છે.

બદ્રીનાથની એ પાવનભૂમિમાં ગંગાના ઘાટ પર ધુમ્મસ અને વાદળાઓનું એવું મનોરમ્ય વાતાવરણ સર્જાય... વાદળાઓ તો ઘરમાં આવી જાય, એવા વાતાવરણમાં, કુદરતી સૌંદર્યના સાંનિધ્યમાં ચારેય સાધ્વીજીઓ પોતપોતાની રીતે અલગ-અલગ સ્થાનમાં જઈને કલાકોના કલાકો સુધી ધ્યાન સાધનામાં બેસી જાય ! સમયનું કોઈ ભાન ન રહે, દુનિયાની કોઈ પરવાહ ન રહે, માત્ર પોતે અને પોતાના પરમાત્મા !

પ્રતિકૂળતામાં પણ પ્રભુની આમાન્યા

આવી અદ્‌ભુત અનુભૂતિ સાથે ચાતુર્માસ પરિપૂર્ણ કરીને દિલ્હી, આગ્રા તરફના વિહારનો પ્રારંભ કર્યો. એ દરમ્યાન જંબુસ્વામીની નિર્વાણભૂમિ-મથુરા, કૃષ્ણ જન્મભૂમિ-વૃંદાવન, રામ જન્મભૂમિ-અયોધ્યાની પણ સ્પર્શના કરી. માર્ગમાં અનેક જૈન-જૈનેત્તરો અને સંન્યાસીઓનો પરિચય પ્રાપ્ત થયો.

1911ના બદ્રીનાથના ચાતુર્માસ પ્રવેશ સમયે આશ્રમમાં મહામંડલેશ્વર રાહુલેશ્વરાનંદજી સ્વામી સાથે.

અયોધ્યા ક્ષેત્રમાં એવું બન્યું કે, ચાલી રહેલાં રામ જન્મભૂમિ-અયોધ્યા વિવાદના કારણે ત્યાંના પવિત્ર રામમંદિરના (ધ્વસ્ત થયેલી બાબરી મસ્જીદના) સ્થાન પર સ્વયંસેવકો પૂજ્ય મહાસતીજીઓને રજોહરણ સાથે પ્રવેશવા જ ન દે ! અહીં કોઈપણ હથિયાર સાથે પ્રવેશ કરવાની મનાઈ હતી અને રજોહરણને તેઓ દંડનું સ્વરૂપ આપી રહ્યાં હતાં. પૂજ્ય મહાસતીજીએ ઘણું સમજાવ્યું કે અમે કોઈ હથિયારધારી નથી અમે તો પદયાત્રી છીએ, પરંતુ સ્વયંસેવકો રજોહરણ વિના જ પ્રવેશ કરવાની વાત પર અડગ રહ્યાં ! એ સમયે પૂજ્ય મહાસતીજીઓએ ઉપકરણની આમાન્યા રાખીને તે સ્થાનના દર્શન કરવાની ભાવના જતી કરી અને પાછાં વળી ગયાં. બસ, વિશેષતા એ છે કે અજાણ્યાં ક્ષેત્રમાં અને પ્રતિકૂળ સંયોગોમાં પણ નિયમોને યથાર્થ રાખીને વિચરણ કર્યું.

ચારેચાર સાધ્વીજીઓની એક સરખી વિચારધારા અને સમન્વયના કારણે જ્યાં મળે, જેવું મળે, જ્યારે મળે તેનાથી સંતોષ હતો. શેષકાળના સમયે પંજાબ અને અમૃતસર ક્ષેત્રમાં પણ વિચરણ કર્યું.

આવા ભક્તિભર્યા અને અનુકૂળ અનુભવોની સાથે અયોધ્યા તરફ જતાં ભરત-રામ મિલનના સ્થળ એવા નંદીગ્રામ તરફના માર્ગમાં કોઈ ભદ્ર યુવાન પણ નશામાં ચકચૂર થઇને પૂ, મહાસતીજીની સાથે વિહારમાં ચાલતો રહ્યો. આવા અનેક પ્રતિકૂળ અનુભવો પણ થયાં. આવી દરેક અનુકૂળતાઓ અને પ્રતિકૂળતાઓને અનુરૂપ થતાં-થતાં અંતે રાજધાની દિલ્હી પહોંચીને વર્ષ 2012ના ચાતુર્માસ અર્થે ત્યાં સ્થિરતા કરી !

જ્ઞાન, ધ્યાન, તપ, ત્યાગની આરાધના સાથે મહાનગર દીલ્હીનું ચાતુર્માસ પૂર્ણ કરીને પૂજ્ય શ્રી વીરમતીબાઈ મહાસતીજી આદિ ચાર વીરાંગના સાધ્વીજીઓ મહાનગર મુંબઈ તરફ પાછાં ફર્યા.

એક સાહસિક વિહારયાત્રાનો ઈતિહાસ રચીને...

સેંકડો વર્ષ પહેલાં પ્રભુએ કરેલાં વિચરણની અનુભૂતિ કરીને...

કુદરતના ખોળે કરેલાં
આત્મમિલનના આનંદ સાથે !!!

તારી કરુણાનો કોઇ પાર નથી

સંયમજીવનના 50 વર્ષોમાં અતૂટ શ્રધ્ધાના ફળ સ્વરૂપ ગુરુકૃપાનો અનુભવ એમણે અનેકો વખત કર્યો હતો.

ગુણકારી માટી સાથે સંયોગ કરીને, એના આધારે, એના આશ્રયે કોઇક નાનકડું બીજ સ્વયંના અસ્તિત્ત્વને માટીમાં ઓળઘોળ કરીને જ્યારે વવાઇ જાય છે, એક માત્ર માટી પરની શ્રધ્ધાના ભાવ સાથે, ત્યારે તે બીજ સમયાંતરે અવશ્યમેવ અંકુરિત થઇને પલ્લવિત, પુષ્પિત અને ફલિત અવસ્થાનો ખિલખિલાટ પામી જતું હોય છે.

એવી જ રીતે, દેવ, ગુરુ અને ધર્મ પ્રત્યે સમર્પિત થઇને એક આત્મા જ્યારે સ્વયંના અસ્તિત્ત્વને સંયમમાં ઓળઘોળ કરીને શૂન્ય બની જાય છે ત્યારે તેની દેવ, ગુરુ અને ધર્મ પ્રત્યેની એ શ્રધ્ધાનું બીજ એક દિવસ અવશ્ય પલ્લવિત, પુષ્પિત અને ફલિત થઇને સિધ્ધિઓનો ખિલખિલાટ પામી જતું હોય છે.

દેવ, ગુરુ અને ધર્મ પ્રત્યેની અતૂટ શ્રધ્ધાનું ખિલખિલાટ કરતું એવું જ એક ફલિત બીજ એટલે પૂજ્ય શ્રી વીરમતીબાઇ મહાસતીજી !

એ કોણ હતાં ?

સંયમજીવનના 50 વર્ષોમાં અતૂટ શ્રધ્ધાના ફળ સ્વરૂપ અશક્ય કાર્યને પણ શક્ય બનાવી દેનારી એવી ગુરુકૃપાનો અનુભવ એમણે અનેકો વખત કર્યો હતો, જેમાં એક અદ્‌ભુત અનુભવ થયો ઉત્તર ભારતના વિહારમાં ! પૂજ્ય મહાસતીજી આદિ ચાર સાધ્વીજીઓ મસુરી તરફ વિહાર કરી રહ્યાં હતાં. વિહારની પહેલાં જેમના ઘરે ઉતર્યાં હતાં એ દિગંબર જૈન પંથી ભાઇ વિહારમાં મસુરી તરફનો શોર્ટ કટ માર્ગ બતાવવા 1 કિ.મિ.સુધી સાથે આવીને પછી જતાં રહ્યાં. જંગલનો રસ્તો, પહાડી માર્ગ એવા માર્ગે 4 કિ.મિ.સુધી ચાલતાં રહ્યાં, એવો સૂમસામ માર્ગ કે માણસો તો શું પશુ-પંખી પણ ન દેખાય. હજુ થોડાંક આગળ જતાં રસ્તો બંધ થઇ ગયો, નીચે ખીણ હતી. હવે શું કરવું ? ત્યાં પર્વતના ઢાળ પર એક કેડી દેખાઇ. કદાચ પર્વતની પાછળ કોઇ રસ્તો હોય એમ વિચારી બધાં મહાસતીજીઓ હાથના ટેકે ટેકે ઉપર ચડયાં. દોઢ કિ.મિ.સુધી ઉપર ચડયાં પણ કયાંય મુખ્ય રસ્તો જડે નહીં. સવારના 5 વાગે વિહાર શરૂ કર્યો હતો, ચાલતાં-ચાલતાં 11 વાગી ગયાં. ન રસ્તો મળે, ન કોઇ માણસ મળે કે ન પાણી મળે, તરસના કારણે ગળું સૂકાઇ રહ્યું હતું. હવે તો પાછાં નીચે ઉતરી પણ કેમ શકાય ? કોઇ દિશા ન હોતી કયાં જવું ? શું કરવું ? છતાં ગુરુ સ્મરણ કરીને આગળ જઇ રહ્યાં હતાં. આગળ જતાં પહેલાં રસ્તો હશે તેવા અવશેષો દેખાયાં. મહાસતીજીને થયું કે હવે પહાડી કોઇક ગામ આવવું જોઇએ. ગામ આવે કોઇક મળે તો પૂછીએ કે અમે કયાં છીએ ? તેવામાં એક સ્કૂટર સામેથી આવતું દેખાયું. ઠંડી હોય એટલે મોટા ભાગે ત્યાંના લોકો પાસે ગરમ પાણી હોય એમ વિચારીને મહાસતીજીએ હાથના સંકેતથી સ્કુટર ઊભું રખાવ્યું. એ ભાઇને પૂછયું કે પીવા માટે ગરમ પાણી મળી શકશે ? તો એ ભાઇ કશું પણ બોલ્યાં વિના પાછા ફરીને જતાં રહ્યાં.

પૂજ્ય મહાસતીજીઓ તો રસ્તાની શોધમાં આગળ-આગળ ચાલતાં રહ્યાં. અડધો પોણો કિ.મિ. ચાલ્યાં હશે

ત્યાં એ સ્કુટરવાળા ભાઇ પાછા આવ્યાં અને 2 બોટલ પાણીની નીચે મૂકીને સડસડાટ ચાલ્યાં ગયાં. કયાં અલોપ થઈ ગયાં ? ખબર જ ન પડી ! કોણ હતાં એ ભાઇ ? કયાંથી આવ્યાં ? શા માટે આવ્યાં ? કયાં ગયાં ? આજે પણ આ બધાં પ્રશ્નોનો એક જ જવાબ મળી રહ્યો છે, **ગુરુકૃપા !**

શા માટે રોકાયાં ?

બોટલના પાણીથી તૃષા તૃપ્ત કરીને આગળ ચાલ્યાં ત્યાં 11.30 કલાકે જડીપાલ ગામ આવ્યું. જ્યાંથી 6-7 કિ.મિ. ના અંતરે મસુરી આવતું હતું. ગામના પાદરે ઝાડના ઓટલે થોડો વિશ્રામ લેવા માટે બેઠાં. ત્યાં કોઇક બહેનના કહેવાથી સામેની વાણીયાની દુકાન પર કશુંક વ્હોરાવવા યોગ્ય મળે એ હેતુ સાથે ગયાં પણ દુકાનમાં ઇંડા દેખાતાં, ત્યાંથી પાછાં ફરીને થોડુંક ચાલ્યાં ત્યાં રસ્તાના ઉપરના ભાગમાં ઉપરના મકાનમાંથી એક ભાવિક ભાઇ-બહેને "મહારાજ પધારો, અમે વેજીટેરીયન છીએ." એમ કહેતાં-કહેતાં પોતાને ત્યાં પધારવાની વિનંતિ કરી. પોતાના રિનોવેશન થઇ રહેલાં રિસોર્ટની એક નાનકડી રૂમમાં ઉતારો આપ્યો.ચા-પાણી, નાસ્તો, બિસ્કીટ વગેરે વ્હોરાવ્યાં. ત્યારે સવાબાર-સાડાબાર જેવો સમય થઇ ગયો હતો અને હજી 6-7 કિ.મિ. સુધી ચાલવાનું હતું. સાંજ સુધી પહોંચી શકાય એમ નહોતું અને રૂમ પણ ખૂબ જ નાની હતી. શું કરવું ? ત્યાં એ ભાઇએ આવીને વિનંતિ કરી કે, આજે અહીં જ રોકાઇ જાઓ, સામેના ટેન્ટમાં તમારા ઉતારાની વ્યવસ્થા થઇ જશે. ટેન્ટ બધી રીતે વ્યવસ્થિત હતો એટલે ત્યાં રોકાઇ ગયાં. જ્યાં અઢી-ત્રણ વાગ્યાનો સમય થયો ત્યાં વાતાવરણ અચાનક બદલાઇ ગયું. જોરદાર બંજરી નાની-નાની ચમચમી સાકાર જેવી બરફની કણીઓ (કરા) પડવા લાગ્યાં. બધે સફેદી પથરાઇ ગઇ. એકાદ કલાકની આ વરસાદની રમઝટ પછી બંજરી ફોલ (સ્નોફોલ) શાંત થઇ ગયો અને સવાર પડતાં જ બધું હતું એવું ને એવું સાફ થઇ ગયું એટલે ત્યાંથી વિહાર કરીને અંતે મસુરી પહોંચી ગયાં.

શા માટે એ ભાઇએ રોકાઇ જવાનો આગ્રહ કર્યો ? જો રોકાયા ન હોત તો શું થાત ? આ પ્રશ્નોનો પણ બસ એક જ જવાબ મળે છે, **ગુરુકૃપા !**

એક ઘટના

ગુરુકૃપાની પ્રાપ્તિનો આધાર અંતરના શ્રધ્ધાભાવ પર રહેલો છે. શ્રધ્ધા રૂપી અતૂટ તંતુમાં જ કૃપારૂપી અમૂલ્ય મોતીની માળા સર્જાતી હોય છે. જ્યાં શ્રધ્ધા છે ત્યાં જ કૃપા છે. જ્યાં કૃપા છે ત્યાં જ શ્રધ્ધા છે અને જ્યાં શ્રધ્ધા છે ત્યાં નિર્ભયતા છે. પરમાત્માએ ભયસંજ્ઞાને પણ એક પાપ તરીકે ઓળખાવી છે, પરંતુ ભયસંજ્ઞા પર વિજય પ્રાપ્ત કરીને નિર્ભય બનવું તે સહજ નથી હોતું. પ્રભુની સામે દેવો, દાનવો, રાક્ષસો, કિન્નરો, ઝેરી જીવજંતુઓ, જંગલી પશુ-પક્ષીઓ આવીને એમને ઉપસર્ગ આપી જતાં, છતાં પણ પ્રભુ નિર્ભય બનીને પોતાની સાધનામાં અડગ રહેતાં. તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવશ્રી પાસે ગિર પ્રદેશના જંગલ વિસ્તારમાં અડધી રાત્રિએ સાધનાના સમયે જંગલી દીપડા આવીને બેસી જતાં છતાં પૂજ્ય ગુરુદેવશ્રી ભયભીત થયાં વિના એ દીપડા પર પણ પ્રેમ વરસાવતાં. પ્રભુના વંશ અને તપસમ્રાટના અંશ એવા પૂજ્ય શ્રી વીરમતીબાઇ મહાસતીજીએ પણ પોતાના સંયમકાળમાં અનેક વખતે સ્વયંની નિર્ભયતાના દર્શન કરાવ્યાં છે.

ભલભલા મહારથી પણ ધ્રુજી જાય એવી એક ઘટના ઘટી વર્ષ 1981 માં! પૂજ્ય શ્રી મુક્તાબાઇ મહાસતીજી સાથેનું નાગપુરનું ચાતુર્માસ પૂર્ણ કરીને પૂજ્ય શ્રી મોટા સ્વામી, પૂ. વીરમતીબાઇ મહાસતીજી આદિ 8 ઠાણાઓએ મધ્ય પ્રદેશ તરફ વિહાર કરતાં-કરતાં બેતુલ ક્ષેત્ર તરફ એક નાનકડા ગામમાં રાત્રિ રોકાણ કર્યું. 8 ઠાણા માંડ સમાઇ શકે એટલી નાનકડી ઓરડીમાં સહુ એકબીજાની બાજુબાજુમાં જ સૂતાં હતાં. રાત્રિના દસેક વાગ્યાં હશે ત્યાં પૂજ્ય શ્રી સુમનબાઇ મહાસતીજીને અચાનક ભાસ થયો કે બાજુમાં સૂતેલાં મહાસતીજીના શરીર પર કઇક સળવળી રહ્યું છે ! ફાનસના ઝાંખા પ્રકાશમાં જોયું તો એક લાંબો લાંબો સર્પ પૂજ્ય વીરમતીબાઇ મ.ના પેટ પર ચડી રહ્યો હતો. પૂજ્ય શ્રી સુમનબાઇ મહાસતીજીએ ધીમેથી હાંક મારી, વીરમતીજી ! ઉઠો... તમારા પેટ પર સર્પ, અવાજ સાંભળીને પૂજ્ય શ્રી વીરમતીબાઇ મહાસતીજી જાગૃત થઇ ગયાં અને જોયું તો અર્ધા પેટ સુધી સર્પ ચડી ગયો છે અને બાજુમાં સર્પનું મોટું ફીડલું છે. હવે શું થાય ? કોઇ

સામાન્ય માનવી હોય તો ત્યાંને ત્યાં ભયના માર્યા એના રામ રમી જાય પણ આ તો વીરમતીજી હતાં. પૂજ્ય મહાસતીજી જરા પણ ડર્યા વિના સહેજ સળવળ્યાં ! એમના સળવળાટથી સર્પ તુરંત જ પેટ પરથી નીચે સરકીને ઊભી ફણા કરીને બેસી ગયો, ધીમે ધીમે બધાં જ મહાસતીજીઓ ઊઠી ગયાં.

નીડર વીરમતીજી

બધાં મહાસતીજીઓ એકબાજુ બેસીને શ્રી ભક્તામર સ્તોત્રની 41મી **"રકતેક્ષણં"** વાળી ગાથા તેમજ શ્રી ઉવસગ્ગહર સ્તોત્રના મોટે મોટેથી જાપ કરવા લાગ્યાં ! સર્પ તો પોતાની મસ્તીમાં દોઢેક કલાક સુધી એમને એમ જાપ સાંભળતો રહ્યો. જાપના અવાજના કારણે આસપાસના લોકોને પણ ખબર પડી ગઇ કે અહીં સર્પ આવ્યો છે. લોકોએ કહ્યું, અમે સર્પને જીવતો મૂકીએ જ નહીં, એને મારી જ નાંખીએ. પૂજ્ય મહાસતીજીઓએ કહ્યું, અમે સર્પને મારવા જ ન દઇએ, એને બહાર નીકળવા જ ન દઇએ ! લોકો માર-માર કરતાં બહાર ઉભા હતાં ત્યારે પૂજ્ય મહાસતીજી જાણે એક માનવી સાથે વાત કરતાં હોય એમ સહજતાથી એ સર્પ સાથે વાત કરતાં કહ્યું. **તમે દર્શન દેવા આવ્યાં હોવ કે દર્શન કરવા આવ્યાં હોવ પરંતુ હવે આપના સ્થાને સિધાવો.** પૂજ્ય મહાસતીજીની વાત સાંભળીને એ સર્પ બહારની તરફ જવા લાગ્યો તો મોટા મહાસતીજીએ કહ્યું. **એ તરફથી ન જાઓ પાછળના દરવાજેથી જાઓ, ત્યાં લોકો તમને મારી નાંખશે. એ તરફ સંભાળજો, ફાનસ છે, દાઝી ન જતાં.** સર્પને સરકી જવા માટે પૂજ્ય શ્રી વીરમતીબાઇ મહાસતીજી ધીમે રહીને નીડરતાથી ત્યાં પડેલાં સામાનને પણ ઊંચકતાં જાય અને કરુણા વરસાવીને સર્પને સલાહ પણ આપતાં જાય. આખરે થોકીક ક્ષણો બાદ પાછળના દરવાજેથી તે સર્પ બહાર નીકળી ગયો. ગામના લોકો ટોર્ચ લઇને પાછળ મારવા દોડયાં પણ સર્પ તો કયાંક અલોપ થઇ ગયો હતો. કેવી નીડરતા, કેવી તિર્યંચ જીવો પ્રત્યેની પણ એમની કરૂણા ભાવના. માત્ર મનુષ્યો જ નહીં પરંતુ બીજા અનેક જીવો એમની કરુણાના પાત્ર બન્યાં હતાં.

એક પંખી આવ્યું ને...

મધ્ય પ્રદેશના એ જ વિહાર સમયે એકવાર પૂજ્ય શ્રી વીરમતીબાઇ મહાસતીજી ચાલતાં ચાલતાં પંથ કાપી રહ્યાં હતાં ત્યારે કાબર જેવું કોઇક અજાણ્યું પક્ષી કયાંકથી ઉડીને એમના ખંભા પર આવીને બેસી ગયું. પૂજ્ય મહાસતીજીએ જરા પણ અણગમો કર્યા વિના પોતાની હથેળી ચત્તી કરી ખંભા સુધી ઉપર લઇ ગયાં તો એ પક્ષી ઝટ દઇને હથેળી પર આવીને બેસી ગયું. પૂજ્ય મહાસતીજીને એમ કે થોડીકવારમાં એ ઉડી જશે. એટલે હથેળી ચત્તી, એના પર બેઠેલું પક્ષી અને એવી દશામાં એ કયાંય સુધી ચાલતાં જ રહ્યાં છતાં તે પક્ષી ઉડયું જ નહીં. પૂજ્ય મહાસતીજીએ એને ઉડાડયું પણ નહીં એમ વિચારીને કે, કદાચ કોઇક શિકારી પક્ષી કે શિકારી પાછળ પડી ગયાં હશે તો આ જીવ એનો કોળિયો ન બની જાય.એવી કરુણા સાથે એ પક્ષીને હાથ પર બેસાડીને દોઢ-બે કિ. મિ. સુધી ચાલતાં રહ્યાં. પેલું પક્ષી પણ જાણે પૂજ્ય મહાસતીજીના હાથ પર શાંતિની અનુભૂતિ થતી હોય એમ શાંતિથી બેઠું રહ્યું અને જ્યારે આગળ જતાં એવું કોઇક સુરક્ષિત સ્થાન જણાયું ત્યારે તે પક્ષી એની જાતે જ ઉડી ગયું. શાસ્ત્રમાં મેઘકુમારના પૂર્વ ભવની વાત આવે છે. હાથીના ભવે પોતાના પગ નીચે આવી પડેલાં ગભરૂં સસલાંને બચાવવા તે હાથી દોઢ દિવસ સુધી એક પગ અધ્ધર રાખીને ઊભો રહ્યો, પોતાની વેદનાની પરવાહ કર્યા વિના, પોતાના સુખની પરવાહ કર્યા વિના !

પૂજ્ય મહાસતીજી પણ પોતાના દુ:ખની પરવાહ કર્યા વિના હથેળીને આગળ તરફ રાખીને, પક્ષીને હાથ ઉપર બેઠેલું રાખી, પક્ષીને કોઇ આંચ ન આવે તે રીતે ધીરે ચાલતાં રહ્યાં. વિહાર કરતાં-કરતાં, ચાલતાં-ચાલતાં પણ એ જીવની રક્ષા કરી.

કરૂણાની પરાકાષ્ઠા

અનેક જીવોના રક્ષણહારા એવા પૂજ્ય મહાસતીજીના અંતરની અપાર કરુણાના એક ઓર દર્શન થયાં 1983 માં, અમરાવતીના ચાતુર્માસ બાદ શેષકાળમાં મધ્ય પ્રદેશ તરફ વિહાર કરતાં-કરતાં મુક્તાગિરિ તરફના માર્ગમાં ચાલતાં-ચાલતાં એક સર્પ નજરે ચડયો, એ સર્પ ખૂબ જ તરફડિયા મારી રહ્યો હતો. પૂજ્ય શ્રી વીરમતીબાઇ મહાસતીજી સાથે એ સમયે પૂજ્ય શ્રી મુક્તાબાઇ મહાસતીજી, ડૉ. પૂ. શ્રી ડૉલરબાઇ મહાસતીજી, પૂ. શ્રી પૂર્ણાબાઇ મહાસતીજી

તેમજ પૂ. શ્રી બિંદુબાઇ મહાસતીજી પણ વિહારમાં હતાં. ત્યાં ઊભા રહીને પૂજ્ય શ્રી વીરમતીબાઇ મહાસતીજીએ ઘણીવાર સુધી એને નમસ્કાર મંત્ર સંભળાવ્યાં છતાં એ સર્પનો જીવ જતો ન હતો. અંતે ધ્યાનથી જોયું તો તે સર્પના મોઢામાં ઘણાં કાંકરા હતાં. જેના કારણે તે ઘાયલ થઇને તરફડી રહ્યો હતો. એ સમયે પૂજ્ય શ્રી વીરમતીબાઇ મહાસતીજીએ જરા પણ ડર્યા વિના તે સર્પ પર કરુણા કરતાં એક હાથેથી ધીમે રહીને એનું મોઢું પકડી બીજા હાથેથી હળવે હળવે મોઢામાંથી કાંકરા કાઢયાં પછી એક ભાઇએ આવીને સર્પને પાણી પીવડાવ્યું અને ત્યાંથી પસાર થતાં લોકો પણ મદદ કરવા માટે આગળ આવ્યાં. પરંતુ આ સર્પ જીવી શકે એમ નથી એવું સમજીને પૂજ્ય મહાસતીજીએ એને અંતિમ આરાધના કરાવી, સંથારો કરાવ્યો તે પછી એ સર્પ મૃત્યુ પામ્યો. એના મૃતદેહને એકબાજુ મૂકીને ફરીને સાધ્વીજીઓએ વિહાર પ્રારંભ કર્યો. વિહારમાં એક-દોઢ કલાકનો ભોગ આપીને પૂજ્ય મહાસતીજી તિર્યંચ જીવના દુ:ખમાં પણ સહભાગી બન્યાં. **હે કરુણાના કરનારા, તારી કરુણાનો કોઇ પાર નથી !**

પ્રાણ પરિવારની નિર્જરી

જાતના ભોગે પણ અન્ય જીવો પર કરુણા કરીને એમને શાતા પમાડવી એમાં સાચી વીરતા સમાયેલી હોય છે. એવી વીરતાના અવતાર સમા પૂજ્ય શ્રી વીરમતીબાઇ મહાસતીજીની સંયમની વીરતાને વાણીભૂષણ પૂજ્ય શ્રી ગિરિશચંદ્રજી મહારાજ સાહેબે **વિરલપ્રજ્ઞા**ના પદથી વિભૂષિત કરી હતી તો ગોંડલ ગચ્છ શિરોમણી પૂજ્ય શ્રી જયંતિલાલજી મહારાજ સાહેબે **મહાપ્રજ્ઞા**ના પુણ્યભીના પદથી એમની નવાજીશ કરી હતી અને પાર્થડી બોર્ડે આચાર્યની પદવી એનાયત કરી, તો શ્રમણી વિદ્યાપીઠે **વિધાવારિધિ** ની પદવી એનાયત કરીને એમની જ્ઞાન સમૃધ્ધિનું સન્માન કર્યું હતું.

વિધાવારિધિ, વિરલપ્રજ્ઞા, મહાપ્રજ્ઞા, સેવાભાવી, કરુણાકારી, પરમ પુણ્યશાળી એવા પૂજ્ય શ્રી વીરમતીબાઇ મહાસતીજીના ધૈર્ય, એમની દીર્ઘ દૃષ્ટિ, એમની નાના-મોટા પ્રત્યેની સદ્‌ભાવના, એમની સહનશીલતા એમની બુધ્ધિ પ્રતિભા, સહુને સમાવી લેવાની એમની ઉમદા ભાવના જેવા અનેક અનેક ગુણોને લક્ષ્યમાં રાખીને તેમજ પૂજ્ય મહાસતીજીએ સ્વયં પર કરેલાં પરમ ઉપકારને લક્ષ્યમાં રાખીને, રાષ્ટ્રસંત પૂજ્ય ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબે એક-બે-પાંચ નહીં પરંતુ 28 નવદીક્ષિત મહાસતીજીઓને એમની નિશ્રામાં અર્પણ કર્યા છે ! 2012ના દિલ્હીના ચાતુર્માસ પછી રાષ્ટ્રસંત પૂજ્ય ગુરુદેવની આજ્ઞાથી મુંબઇનગરીમાં પદાર્પણ કર્યું. 2013નું ચાતુર્માસ પૂજ્ય ગુરુદેવશ્રી સાથે પારસધામમાં કર્યું અને 9 ફેબ્રુઆરી 2014માં દીક્ષિત થયેલાં નવ નૂતન દીક્ષિતોને પૂ. વીરમતીબાઇ મ. રાષ્ટ્રસંત ગુરુદેવશ્રીની શાસન સેવામાં સહાયક થવાના ભાવ સાથે નેશ્રા પ્રદાન કરી. તત્પશ્ચાત ની બે દીક્ષા, 2016ના છ નવદીક્ષિતો અને 2018ના અગિયાર નવદીક્ષિતોને શાસનની સેવા, ચતુર્વિધ સંઘના એક શ્રમણીસંઘની સેવાના લક્ષ્યે નેશ્રા પ્રદાન કરી.

આજના યુગના, નાની ઉંમરના નવદીક્ષિત એવા અઠ્ઠાવીસ સાધ્વીજીઓના બહોળા પરિવારને એક સૂત્રમાં બાંધીને એમની સારણા-વારણા કરવી તે પણ એક કુનેહ અને કુશળતા માંગી લે તેવી શાસન સેવા છે. પૂજ્ય શ્રી વીરમતીબાઇ મહાસતીજી 74 વર્ષની જૈફ ઉંમરે પણ નાના સાથે નાના થઇને, મોટાં સાથે મોટાં થઇને, સહુ સહુના સ્વભાવને અનુરૂપ થઇને પ્રેમપૂર્વક, વ્હાલ વરસાવતાં-વરસાવતાં સહુને સંયમમાં સ્થિર કરતાં કરતાં ગોંડલ ગચ્છનું ગૌરવ વધારી રહ્યાં છે.

પ્રાણપરિવારની આ નિર્જરી કેટલાંય આત્માઓને શીતલતાનો આસ્વાદ કરાવી રહી છે !

સંયમનો નિનાદ કરતી,
કરુણાના નીર ઝરતી...
50 વર્ષથી નિતાંત અવિરત વહેતી,
સાધ્વી વીરમતીજી રૂપી આ નિર્જરી...
વર્ષોના વર્ષો સુધી આમનેઆમ વહેતી રહે, સાધના-આરાધનાનો કિલ્લોલ કરતી રહે અને એક દિવસ, એના નાથ-પરમાત્માને પામી રહે... એ જ ભાવના સાથે એમના ચરણ કમલમાં અવિરામ વંદના... અભિવંદના !

સંયમની સફળતાના સિક્રેટ

ડૉ. શ્રી આરતીબાઇ મ.

શ્રી ઠાણાંગ સૂત્ર ભાગ-1 સ્થાન 4/3/54 સૂત્રમાં સંયમની સફળતાના ચાર કારણ કહ્યાં છે.

1.નિર્ગ્રંથ પ્રવચન પર શ્રદ્ધા. 2. પરલાભની અનિચ્છા-સ્વાવલંબન. 3.કામભોગ પ્રતિ અનાસક્તિ. 4. સહનશીલતા.

સાધક જ્યારે સમસ્ત સંસારભાવનો ત્યાગ કરીને આત્મસાધનાના લક્ષ્યે મહાભિનિષ્ક્રમણ કરે છે ત્યારે સંયમનો સ્વીકાર કરીને આત્મસ્થિરતા માટે અંતર્મુખ બનીને પરમ પુરુષાર્થ કરે છે. કારણ કે **સ્વનું સ્વમાં સ્થિર થવું તે જ સંયમ છે,** તેના માટે તે પાંચ ઇન્દ્રિયોના વિષયો, શબ્દ, રૂપ, ગંધ, રસ અને સ્પર્શની આસક્તિનો ત્યાગ કરે છે.

ઘણીવાર સાધકનો અનાદિકાલીન દેહાધ્યાસ, પૂર્વના સંસ્કારજન્ય વિષયોની આસક્તિ કે સુખશીલતા તેને વારંવાર સંયમમાં માર્ગથી દૂર લઇ જાય છે તેવા સાધકો યેન-કેન પ્રકારે સંસાર ભાવની સ્પૃહા કરે, પરિણામે તેને સંયમ ભારરૂપ કે દુઃખદાયક લાગે છે, પરંતુ જે સાધક શાસ્ત્રોકત ચાર સિક્રેટને જાણીને તેને આત્મસાત કરે છે. તેનું સંયમી જીવન સફળ થાય છે. જેમ જેમ તેની સંયમ પર્યાય વધતી જાય છે, તેમ તેમ તેની આત્માનુભૂતિનું સ્તર દૃઢ થતું જાય છે. તે સાધક આત્માનંદની મસ્તીને માણે છે.

પૂ. ગુરુણીદેવા ! આપ જ્યારે સુદીર્ઘ સંયમ-પર્યાયની મસ્તી માણી રહ્યાં છો, ત્યારે અમારા જેવા બાલ સાધકોને જરૂર આપની સફળતાનું સિક્રેટ જાણવાનું મન થઇ જાય છે. ખરેખર ! આપે શાસ્ત્રોકત ચારે સિક્રેટને આત્મસાત કરેલા હોય તેવું અમે નજરે નિહાળી શકીએ છીએ.

શ્રદ્ધા : કોઇપણ પરિસ્થિતિમાં આપની નિર્ગ્રંથ પ્રવચન પરની શ્રદ્ધા સહજ રીતે પ્રગટ થાય છે. ક્યારેક સમાજ તરફથી માન-સન્માન મળે, ચાતુર્માસમાં ચોતરફ જય-જયકાર વર્તતો હોય, તો ક્યારેય કોઇ પ્રતિકૂળતાનો ઉદય થાય, કર્મોદયે પલટાતી પરિસ્થિતિઓમાં આપશ્રી કર્મ સિદ્ધાંતને સ્વીકારી, મનને ચંચળ બનાવ્યાં વિના સ્થિર રહ્યાં છો. આપે એક સૂત્રને ટંકોત્કીર્ણ કર્યું છે કે **જેના તરફથી મળતું સન્માન આપણને ગમે છે તેના તરફથી ક્યારેક અપમાન પણ મળે, ત્યારે તેને પચાવતા આવડે તે જ આપણી સમજણ છે.** આવી સમજણથી આપશ્રી અમોને ઘણીવાર શાંત અને સ્થિર કરો છો. આપે શાસ્ત્ર યોગથી ઉપર ઉઠીને સામર્થ્ય યોગને સ્વીકાર્યો છે.

શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં કહ્યું છે કે **चउसंथेणं दंसणविसोहि जणयइ।** અધ્યયન-29.

ચોવીસ તીર્થંકરોની સ્તુતિ કરવાથી દર્શન વિશુદ્ધિ થાય છે. આપશ્રી સતત લોગસ્સના પાઠના સતત સ્મરણ દ્વારા શ્રદ્ધાને નિર્મળ બનાવી રહ્યાં છો.

સ્વાવલંબન : બાલ્યકાળથી જ સ્વાવલંબન તે આપનો સ્વભાવ હતો. તે ગુણ કદાચ આપને પિતા તરફથી મળેલો વારસો હોય તેમ કહી શકાય અને સંયમી જીવનમાં આપે ગુરુણીદેવા પૂ. શ્રી લીલમબાઇ મ. ના સતત સાંનિધ્યમાં રહીને તે ગુણ ને ખૂબ ખૂબ દૃઢ બનાવ્યો છે. કારણકે ગુરુણીશ્રી જીવનના અંતિમ દિવસો સુધી સ્વાવલંબી રહ્યાં હતાં. સાધુ જીવનનું દરેક કાર્ય સાધુએ સ્વયં જ કરવું જોઇએ. તે ગુરુણીની હિતશિક્ષાને આપે પચાવી છે. અને આપશ્રી સ્વયંનું કામ સ્વાવલંબી બનીને સ્વયં જ કરી રહ્યા છે. સ્વાવલંબનથી જ પરની અપેક્ષા છૂટી જાય છે અને સાધક સ્વમાં સ્થિર થઇ શકે છે. આપ સહવર્તી સાધ્વીજીને પણ વારંવાર તે જ હિતશિક્ષા આપી રહ્યા છે. ઘણીવાર નાના નાના સતીજીઓ આપને કોઇ કામ કરવાની ના પાડે ત્યારે આપ કહો છો કે સાધુ તો સ્વાવલંબી જ હોય. કોઇપણ કામ

કરવામાં નાનપ નથી. આટલી જેફ વયે આપની અપ્રમત્તદશા આપના સ્વાવલંબનને પ્રગટ કરે છે.

કામભોગ પ્રતિ અનાસક્તિ : આપના દરેક વ્યવહારને જોતાં જણાય છે કે આપને કોઇપણ વસ્તુ કે વ્યક્તિનું આકર્ષણ રહ્યું નથી. ગમે તેવી સારામાં સારી વસ્તુ હોય પણ આપશ્રી ક્યારેય તેને સ્વયં વાપરવામાં તત્પર બનતા નથી.

ઘણીવાર મૌનભાવે તેને વાપરવામાં કાલક્ષેપ કરો છો, તો આપની અનાસક્તિનું દર્શન છે. કેટલીય વાર સારી વસ્તુની ઉપલબ્ધિ થતી હોય, તો તેને ગ્રહણ કરીને ગુરુકૂળવાસી વડીલો કે નાના સતીજીઓને આવશ્યકતા અનુસાર આપીને આપ ખુશી અનુભવો છો.

સહનશીલતા : આપે સમજણપૂર્વક સહનશીલતાને વિકસાવી છે. નવદીક્ષિત અવસ્થામાં એક સાથે બંને હાથની દસે આંગળીઓ પાકી હતી. એકાદ મહિના સુધી આ તકલીફ રહી, તેમ છતાં ક્યારેક કોઇ ફરિયાદ નહીં, મૌનભાવે સહન કર્યું. ત્યાર પછી ક્યારેક શારીરિક અશાતા, ક્યારેક સંયમી જીવનના કષ્ટો, ઉપસર્ગો અને પરિષહો, ક્યારેક સંયોગોની પરિવર્તનશીલતા, આવી કોઇપણ પરિસ્થિતિ સર્જાય, આપ ક્યારેય વ્યાકૂળ થયાં નથી.

લગભગ દશેક વર્ષ પહેલાં જયપુર તરફના વિહારમાં આપને પગનો દુ:ખાવો સખત વધી ગયો. 20 કિ. મી. નો વિહાર હતો. આપે ચાલવા માટે પૂર્ણ પ્રયત્ન કર્યો. જેમ તેમ કરીને 10-12 કિ.મી. ચાલ્યા પરંતુ હવે પગની ચાલવાની લિમીટ પૂરી થઇ ગઇ. હવે એક કદમ પણ ચાલી શકાય તેમ નથી તેમ લાગ્યું ત્યારે જ આપ બેસી ગયાં. અજાણ્યું ક્ષેત્ર, અપરિચિત લોકો તેમ છતાં હિંમતપૂર્વક એક ફેકટરીમાં વોચમેનની રૂમમાં બે કલાક આરામ કર્યો. થોડા ઘણાં ઉપચાર કર્યા અને ત્યાર પછી ખુમારીપૂર્વક બાકીના 7-8 કિ. મી. નો વિહાર કરીને ગંતવ્ય સ્થાને સાંજે પહોંચી ગયાં. બે-ચાર દિવસમાં વ્હીલચેરની વ્યવસ્થા કરી પણ કેટલાંય દિવસ સુધી તેનો ઉપયોગ ન કર્યો પછી ન છૂટકે ઉપયોગ કર્યો. આ તકલીફ ઉપચાર કરવા છતાં વર્તમાને છે. ઘણીવાર રાતે ઊંઘ ન આવી હોય ત્યારે મોડી રાત સુધી બેઠાં બેઠાં જપ સાધના કરતાં હોય પરંતુ ક્યારેય આપે વેદનાનું વેદન કર્યું નથી.

પૂ. સ્વામી ! આપ હંમેશાં સમજાવો છો કે સાધુએ તો સહન કરવાનું જ હોય. **સહન કરે તે જ સાધુ કહેવાય.** આપની સહનશીલતાની કારણે જ સ્વયં સહન કરીને માતાની જેમ સહવર્તી સાધ્વી સમુદાયને સર્વ પ્રકારની અનુકૂળતા આપી રહ્યાં છો, તે જ આપની આગવી વિશેષતા છે.

બસ ! આજે સમજાય છે આપની સફળતાના સિક્રેટસ્, ટાંકણાના માર સહન કરીને જ પત્થર પ્રતિમા બનીને પૂજાય છે. કુંભારના ટપલાં ખાઇને જ માટી કુંભનું રૂપ ધારણ કરે છે. સ્વયંના અસ્તિત્ત્વને ઓગાળીનેજ મીણબત્તી પ્રકાશ આપે છે.

આપના પાવન સાંનિધ્યમાં રહીને અમે પણ અમારી શ્રદ્ધાને દૃઢ અને નિર્મળ બનાવીએ, બીજાની અપેક્ષા છોડીને સ્વાવલંબી બનીએ. સ્વાર્થ અને સુખશીલતા છોડીને સહનશીલ બની પુણ્ય યોગે પ્રાપ્ત થયેલાં આપના સાંનિધ્યને અમે સફળ બનાવીએ, એ જ સંયમ સુવર્ણ જયંતિની અમારી યાચના !

50th દીક્ષા જયંતિ

મંગલ ઘડી છે સુવર્ણ સંયમ જયંતિની વરસી રહી છે હેલી વંદના-અભિવંદનાની !

વીતરાગની વાટે, સર્વ સંયોગોથી મુક્ત દશા અનુભવતા સંયમ સાધિકાને અભિનંદન

- રાષ્ટ્રસંત પૂજ્ય શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબ

मुझे यह कहते हुए अत्यंत आनंद हो रहा है कि परम पूज्य वीरमतीबाई महासती जी को दीक्षा लिए आज पूरे 50 वर्ष हो गए है। वें आरंभ से ही आध्यात्मानुरागी एवं धर्म के तत्त्व को समझने में कुशल रही हैं। गुरुजनो का आदर करना एवं अपने कनिष्ठों को 32 आगमों के अनुसार जैन तत्त्व से परिचित कराना इनका सहज स्वभाव रहा है।

इनके सरल व्यक्तित्त्व एवं मृदु स्वभाव के कारण जन सामान्य स्वत: ही इनकी ओर आकृष्ट होकर इनकी दी गई शिक्षाओं को आसानी से समझ कर आत्मसात कर पाता है। इस प्रकार से अपने इस लंबे दीक्षा काल में इन्होने न जाने कितनी आत्माओं का उध्धार किया है।

आज पू.श्री वीरमतीबाई महासतीजी की दीक्षा की स्वर्णिम जयंती पर मैं अत्यंत हर्ष के साथ यह कामना करता हूँ की वे दीर्घायु हों, शतायु हों, जिससे वे इस भूमण्डल पर पवित्रता, संयम, तप एवं अंहिसा का आदर्श स्थापित करते हुए जैन धर्म की प्रभावना करती रहें।

- धर्मानुरागी, स्वामी राहुलेश्वरानंद

ઉપકાર સ્મૃતિ : જેમના શ્વાસે શ્વાસે પરમાત્માની આજ્ઞા રમતી હોય, જેમના નસે નસમાં ગુરુ પ્રતિ સમર્પણભાવ હોય, જેમના પર પૂ. શ્રી મુક્ત-લીલમ ગુરુણીદેવાની સતત આર્શીવર્ષા થતી હોય, જેમનું વ્યક્તિત્ત્વ નોખુ-અનોખુ હોય, જેમના સાંનિધ્યમાં મારા સંયમી જીવનના ચાર-ચાર દાયકા વ્યતીત થયા હોય, તેમની સંયમ સુવર્ણ જયંતિના પ્રસંગે શું લખવું ? શબ્દો શાંત થઇ જાય છે. કેવળ તેમના ઉપકારોનું સ્મરણ સહજ રીતે થાય છે.

સંયમી જીવનમાં આત્મસાધના તો અપ્રમત્તપણે ચાલુ જ હોય, સવારે ત્રણ વાગ્યે જાગૃત થઇને જપસાધનામાં જોડાવું, દિવસ દરમ્યાન કોઇ પણ પ્રવૃતિ કરતાં અંતર્મુખ બનીને વૃત્તિઓનું નિરીક્ષણ કરવું, યથાશકય બીજાને ઉપયોગી થવું, સહવર્તી નાના કે મોટા દરેક સાધ્વીજીઓને અનુકૂળ થઇ જવું, તે તેમનો સ્વભાવ છે. પોતાનું જતું કરીને પણ બીજાની સેવા કરવી, તે તેમની ઓળખાણ છે.

હું મારી જ વાત કરું તો કહી શકુ કે મારી દરેક તપસ્યાના દિવસોમાં તેમણે મારી પૂરેપૂરી સંભાળ રાખી છે. ઉપવાસના દિવસોમાં તો રાખે જ પરંતુ પારણામાં વિશેષ ધ્યાન હોય જ. પારણાની અનુકૂળતા માટે સતત ખેવના કરે, વાપરવામાં શું પથ્યકારી છે, તે જોઇને સ્વયં બે વાર જઇને પણ તે દ્રવ્યને લાવે, તેમનું મન નિરંતર તપસ્વીની શાતાનો જ વિચાર કરતું હોય છે, તેમણે સ્વયં ભલે દીર્ઘ તપસ્યાઓ કદાચ ન કરી હોય, પરંતુ તપસ્વીની સેવા કરીને, તેમને શાતા ઉપજાવીને અંતરાયને તોડી નાંખી છે.

ગુરુકુલવાસી કોઇ પણ સાધ્વીજીઓને અશાતાનો ઉદય થાય, ત્યારે તે અવશ્ય પૂ. મહાસતીજીને યાદ કરે છે. મને વર્તમાને હર્પીસની બિમારી છે, તેનો દુ:ખાવો ને બળતરા સખત થતા હોય, ઘણી વાર રાતે ઊંઘ ન આવે, હું મારી પથારીમાં બેઠી હોઉં, તેઓ રાતે ઊઠીને તુરંત મારી પાસે આવે, જિનેશ્વરનું સ્મરણ કરવાની શીખ આપીને થોડીવાર બેસે, હમણાં એક દિવસ મને જોરદાર અશાતાનો ઉદય, હું થોડી ઢીલી પડી ગઇ હતી. તેઓ આવ્યા, મને આર્તધ્યાન ન કરવાની પ્રેરણા આપી અને લોગસ્સ બોલવાનું સૂચન કર્યું. લોગસ્સ બોલતાં બોલતાં કયારે ઊંઘ આવી તેનો ખ્યાલ ન રહ્યો. આ રીતે પૂર્વકર્મના ઉદયમાં નવા કર્મબંધથી અટકાવીને, માનસિક શાતા ઉપજાવીને તેઓ મહાન ઉપકાર કરી રહ્યાં છે.

વિહારમાં ચાલતી વખતે 108 લોગસ્સનો સ્વાધ્યાય સ્વયં કરે અને અમોને પણ કરવાનું કહેતા હોય. આમ સંયમી જીવનની ક્ષણ-ક્ષણને સફળ બનાવવાની તેઓની પ્રેરણા મારા જીવનનું પાથેય છે. કોઇપણ કામનો કયારેય આળસ કે કંટાળો નહીં, દરેક કામ આજે અને અત્યારે જ કરવું, કાલનો ભરોસો નહીં, પ્રમાદનું નામ નહીં, આટલી ઉંમરે યુવાનોને શરમાવે તેવો કામનો તરવરાટ અમોને પણ કાર્યશીલ બનાવે છે. તેમના અનેક ગુણો અમારો આદર્શ છે.

તેમનું સાંનિધ્ય તે મારું સદ્‌ભાગ્ય છે, તેવું હું અનુભવું છું. તેઓને સંયમ સુવર્ણ જયંતિના પાવન પ્રસંગે હું તેમના સ્વાસ્થયની શુભકામના કરું છું. તેઓ શીઘ્ર લક્ષ્યસિદ્ધિ પ્રાપ્ત કરે અને અમારા માર્ગદર્શક બની રહે એ જ શુભકામના !

- સાધ્વી બિંદુ

સંવેદન : ઇ.સ. 1997-98 થી 2007 લગભગ નવ વર્ષ પર્યંત ગુરુ પ્રાણ આગમ બત્રીસીના સંપાદનનું કામ ચાલુ હતું. ક્રમશ: એક પછી એક આગમનું પ્રકાશન થઇ રહ્યું હતું. સંત-સતીજીઓ તેમ જ સમગ્ર જૈન સમાજમાં ગુરુની ગૌરવગાથા ગવાઇ રહી હતી, તેવા સમયે માનવના સહજ સ્વભાવ અનુસાર કદાચિત અંતરમાં અહંભાવનો પ્રવેશ થાય, દીર્ઘકાળના અવિરત પુરુષાર્થ ક્યારેક અલ્પ ક્ષણો માટે મન થાકી જાય, ક્યારેક સંપાદનનું કરનારાઓ વચ્ચે વિચાર ભેદના કારણે વધુ પડતી ચર્ચાઓથી વાતાવરણ તંગ બની જાય, આવા અનેક પ્રસંગોમાં રાગ-દ્વેષાત્મક પરિણતિઓની રેખાઓ મુખ પર ઉપસી આવે તે અત્યંત સ્વાભાવિક છે. પરંતુ આવી કોઇપણ પરિસ્થિતિઓમાં તુરંત જ એલાર્મ રૂપ ગુરુણીના શબ્દો સાંભળવા મળી જાય કે ઇલા! (આરતી !) આ શાસન સેવા, શ્રુત સેવા કે ગુરુભક્તિને પ્રદર્શિત કરતું કામ જો તમારા માટે કર્મબંધનું નિમિત્ત બનતું હોય, તો તમારા માટે તે યોગ્ય નથી. પ્રવૃત્તિ ગમે તેટલી શ્રેષ્ઠ હોય પરંતુ તેનાથી તમારા કષાયો જો ઉપશાંત ન થતાં હોય, તો તેનાથી કદાચ સમાજ તરફથી સન્માન મળે પરંતુ તમને તેનો લાભ નથી. આવા સ્પષ્ટ શબ્દો કોણ કહી શકે ?

જે સ્વયં લક્ષ્ય પ્રતિ સતત સજાગ હોય, જેને સહવર્તી સાધકોના આત્મહિતની સતત ખેવના હોય. તે નિષ્કામ કરૂણાવાન ગુરુવર્યો જ કહી શકે છે.

ખરેખર ! હું મારી જાતને માત્ર સદ્‌ભાગી જ નહીં, પરંતુ પરમ સદ્‌ભાગી માનું છું, કે ઉપકારી ગુરુણીદેવાએ મને હંમેશાં લક્ષ્ય સન્મુખ કરાવ્યું છે.

આજે આપના કેટલાં અને કયા ઉપકારોને પ્રગટ કરું. આપના 50 વર્ષના સંયમ પર્યાયમાંથી હું 45 વર્ષથી તેમના નિકટતમ પરિચયમાં છું અને31 વર્ષથી તેમના પાવન અને પ્રેરક સાંનિધ્યમાં મારું સંયની જીવન વ્યતીત થઇ રહ્યું છે.

આજે આપના સંયમી જીવનનો અર્ધશતાબ્દી જેટલો સુદીર્ઘકાળ સફળતાપૂર્વક પૂર્ણ કરી રહ્યાં છો, ત્યારે અમે અંતર મનથી આપની સંયમ સફળતાનો સત્કાર-સન્માન કરી, નેત્રિયોગે આપની પર્યુપાસના કરીએ છીએ. આપની આત્મયાત્રા શીધ્રાતિ શીધ્રસંપન્ન થાય, તે જ સદ્‌ભાવના... અને આપની આત્મયાત્રામાં અમે આપના સહયાત્રી બનીએ એ જ આરઝૂ.

- સાધ્વી આરતીબાઈ મ.

અનુભૂતિની અભિવ્યક્તિ : 13-14 વરસની એક કિશોરી ઉપાશ્રયમાં દર્શન કરવા આવી અને પૂજ્ય લીલમબાઈ મ.ના દર્શન કરી સાથે રહેલા વૈરાગી બહેનને જોયા અને અદ્‌ભ્ય આકર્ષણથી આકર્ષાતી ગઈ. જન્મોજન્મના ગમાના સ્પંદનો ઉઠવા લાગ્યા. એ વૈરાગી તારાબેન, ભદ્રા નામની એ કિશોરીના **મોટીબેન** ક્યારે બની ગયા, તેની ખબર જ ન પડી.

તે સમયે ભદ્રાએ એટલે મેં અઠ્ઠાઈ કરી હતી. તે સમયે મોટીબેને (વૈરાગી તારાબેને) મારી ખૂબ કેર કરી હતી. પિત પ્રકૃતિના કારણે એક ઉપવાસ પણ વસમો થાય. ઘરે રહીને ઉપવાસ કરું તો પારણું કરાવી લે એટલે પહેલા ઉપવાસથી ઉપાશ્રયે આવી ગઈ. પિત્ત પ્રકૃતિ તેના કામે લાગી ગઈ. ત્રીજા-ચોથા ઉપવાસે તો મારું ધ્યાન રાખવા રાતે મારી એક બાજુ મારી મોટીબેન-લત્તાબેન અને બીજી બાજુ મારી મોટીબેન-તારાબેન સૂતા.

વૈરાગી અવસ્થામાં આપની આવી વાત્સલ્યપૂર્ણ સેવામાં **વત્સલતા** નામના દર્શનાચારનું દર્શન થાયછે. આપના આવા પ્રેમ પરિપૂર્ણ વ્યવહારથી મારામાં સંયમભાવ જાગૃત થવા લાગ્યા. સંયમ બીજનું વાવેતર થવા લાગ્યું તેમાં દર્શન થાય છે આપના **પ્રભાવના** નામના દર્શનાચારનું.

શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર, અધ્યયન-28, ગાથા-8 માં દર્શનાચારના આઠ અંગનું વર્ણન છે. (1) નિ:શંકા-જિન વચનમાં શંકા ન કરવી. તે પ્રતિ શ્રધ્ધાશીલ રહેવું. (2) પરદર્શનની આકાંક્ષા-ઈચ્છા ન કરવી. (3) ધર્મના ફળમાં સંદેહ ન કરવો. (4) અમૂઢદષ્ટિ-વિવેકદષ્ટિ (5) ગુણીજન અનેગુણ પ્રતિ પ્રસન્નતા અનુભવવી, ધર્મની પુષ્ટિ કરવી. (6) ધર્મ માર્ગમાં સ્થિર કરવા. (7) સાધર્મિકો પ્રતિ વાત્સલ્ય ભાવ રાખવો. (8) પ્રભાવના-ધર્મનો વિકાસ થાય તેવા પ્રયત્ન કરવા.

વૈરાગી તારાબેન હોય કે વિરલપ્રજ્ઞા પૂ. વીરમતીબાઈ મ. આપમાં દર્શનાચારના આઠેય ગુણ અનુભવવામાં આવ્યાં છે. એકવાર પૂ.સ્વામી (પૂ.શ્રી લીલમબાઈ મ.) એ મને આજ્ઞા કરીકે **સંસ્કૃત માર્ગો પદેશિકાં** બધાં જ સંધિ નિયમો કંઠસ્થ કરી સાંજે આપી દેવાના છે. હું તો મુંજવણમાં પડી કે આટલા બધાં નિયમો 3-4 કલાકમાં કંઠસ્થ કેવી રીતે થશે ? આંખમાંથી આંસુની ધાર વહેવા લાગી, મને રડતી જોઈ આપે મને કારણ પૂછ્યું અને પછી કહ્યું, આમાં રડવાનું શું ? સ્વામીના વચન પ્રતિ અને તારી પોતાની શક્તિ પ્રતિ શ્રધ્ધા રાખ. શ્રધ્ધા હોય ત્યાં કાર્ય પાર પડે જ અને સાંજે પહેલા નિયમો કંઠસ્થ થઈ ગયા. આપ વારંવાર મારી શ્રધ્ધાને દૃઢ બનાવતા. એમાં દર્શન થાય છે આપના **નિ:શંક્તિ** દર્શનાચારના.

એકવાર શ્રમણી વિદ્યાપીઠમાં એક સહઅધ્યાયીના કહેવાથી નીચે ઓટલા ઉપર ભણવા ગઈ. આપની નજરમાં આ દ્રશ્ય આવી ગયું. આપે મને કહ્યું, આવવા જવાના રસ્તા પાસે, ઓટલા ઉપર ભણવા બેસાતું હશે ? ઉપર જગ્યા નથી કે નીચે આવી ? ભણવામાં બીજાના સાથની શું જરૂર છે ? કોને પૂછીને નીચે આવી છો ? પૂ. સ્વામીની નજર રહે ત્યાં જ બેસાય. જા ઉપર જઈને ભણ, ત્યારે તો મને સારું ન લાગ્યું. હું તો દિવાલ તરફ મોઢું રાખીને વાંચતી હતી, સહઅધ્યાયી સાથે કયાં વાત કરતી હતી ? મન દલીલો કરવા લાગ્યું. પણ પાછળથી તેમાં દર્શન થયા આપની **અમૂઢ-વિર્વક દૃષ્ટિના**. વડિલોની નજરથી દૂર અન્ય કોઈ સાથે ભણવામાં, ભણવાના નામે પરિચય વધે, સંગ તેવો રંગ લાગે, અનેક દોષોની શકયતા વધી જાય. દૂષણ પ્રવેશવાની નાનકડી ચીનગારીને આપે ઉગતા જ ડામી દીધી, ધન્ય છે આપના વિવેક દૃષ્ટિ ગુણને.

મારા હિતના, શ્રેયના, આત્મ કલ્યાણના માર્ગ ઉપર મને સ્થિર કરી આપે આપના **સ્થિરીકરણ** દર્શનાચારને ઉજાગર કર્યું છે. મારા બે મન વચ્ચે હંમેશાં યુધ્ધ ચાલતું. દીક્ષા લેવી કે ન લેવી ? આ દ્વિધામાં હું તૂટી જતી. સંસાર પ્રત્યેની સ્પૃહા કે ઝંખના ન હતી કે ન હતું વિષયોનું આકર્ષણ. મારા મનમાં સંયમ એટલે એકાંત જંગલના સાધનારત સાધુનું ચિત્ર જ ઉપસી આવે અને મન ઢીલું થઈ જાય. મારી પ્રકૃતિ, મારા સ્વભાવ કે મારી વૃત્તિનું પરિવર્તન થતું ન હોય તો સંયમથી શું ? તો ક્યારકે ઉત્કૃષ્ટ પણે સંયમ લેવાના ભાવ જાગે.મારા આ યુધ્ધમાં આપ મારા સહાયક બન્યા છો. દ્વિધાનું સમાધાન આપ બન્યા છો.

દીક્ષા ન લઉં તો શું કરવું ? આ વિચારોમાં મન જુદી-જુદી અનેક દિશામાં દોડતું. ધ્યાનમાં જવું, મારે મારા પોતાના પગ ઉપર રહેવું છે તો દવાની એજન્સી લઈ કામ કરવું , આવા વિચારોની વચ્ચે **જૈન સમાજ નહીં સ્વીકારેતો ક્રિશ્ચન નન બની જઈશ.** આવા કોઈકના વચન સાંભળી કરૂણાવશ સર્વ શ્રેષ્ઠ જૈનધર્મથી કોઈને વંચિત ન થવું પડે તે લક્ષ્યે જીવન રાહ બદલાવાની તૈયારીમાં હતો ત્યારે દ્રૌપદીની મદદે શ્રીકૃષ્ણ દોડી આવ્યા તેમ મારી મદદે આપ આવી પહોંચ્યા. આપે સમજાવ્યું કરૂણા પાત્રવાન પ્રતિ હોય તો જ કરૂણા ઉપકારી બને, નહીં તો ઘી પણ વિષ બની શકે છે. **તું સંસાર માર્ગ પર ચાલી જ નહીં શકે, તારા અંતરંગને હું ઓળખું છું**. આપની વાત સાચી છે હું મારા સ્વભાવને વૃત્તિને ઓળખું એના કરતાં આપ વધારે ઓળખો છો. આપે અંતિમ શસ્ત્ર ઉપાડતા કહી દીધું.**જો તારે તે માર્ગે જવું જ હોય તો હવે પછી જિંદગીમાં ક્યારેય મારા દર્શન કરવા પણ આવતી નહીં** અને હું પુન: કલ્યાણ માર્ગ ઉપર દૃઢ બની ગઈ, સ્થિર

થઈ ગઈ. મને સત્યના માર્ગ ઉપર સ્થિર કરવાની આપની સામ, દામ, દંડ નીતિ સરાહનીય છે. સમયે આપે મને સ્થિર ન કરી હોત તો, તો આજે હું ક્યાં દોઝખમાં હોત !!!

આપે માર્ગમાં સ્થિર કરી, દીક્ષા આપી શિષ્યા બનાવી તે મારું સૌભાગ્યછે. મારા જિદ્દી, ઉતાવળીયા દલીલબાજીવાળા સ્વભાવને સહન કરી મારી ઉપર ઘણા ઉપકાર ક્યાં છે.

મારા મોહનીયોદયના ઝંઝાવાતમાં ઢાલ બની આપે પ્રહારો ઝીલી મારી રક્ષા જ કરી છે. મારા ભાવ સંયમની ખેવના કરી છે. મેં તો આપની ઘણી ઘણી અશાતના કરી છે તેની ક્ષમાયાચના કરતાં એટલું જ કહીશ, આપે મારા દુર્ગુણ ન દેખ્યા, મને મંઝીલ દર્શાવી.

આજ આપના સંયમ સુવર્ણ જ્યંતિના અવસરે આપના ઋણને સ્વીકારી આપના અષ્ટ ગુણોને લાખોલાખો વંદન સહ આપ શીઘ્ર શ્રાયિક સમાકિતના ધારક બની તિન્નાંણ તારિયાણં બની રહો તેવી હૃદય ભાવના...

- સાધ્વી સુબોધિકાબાઈ મ.

પરમ ઉપકારી અમારા ગુરુણીમૈયા,

આ સંસારમાં એક બાળક માટે મમતા અને હૂંફ આપતું જગતનું સર્વ શ્રેષ્ઠ સ્થાન તે મા હોય છે, મા નો ખોળો હોય છે. વ્હાલ અને પ્રેમના સિંચન સાથે શિક્ષા અને અનુશાસન દ્વારા બાળકના જીવનનું સંદર ઘડતર કરી જાણે તે મા હોય છે.

એવી જ રીતે, સંયમ જીવનમાં સ્નેહ અને વાત્સલ્યનું સિંચન સાથે સારણા, વારણા, શિક્ષા અને અનુશાસન દ્વારા શિષ્યના સંયમ જીવનનું સુંદર ઘડતર કરી જાણે તે ગુરુણીમૈયા હોય છે.

અમારા સંયમજીવનની ક્ષણ ક્ષણમાં સમજ અને સ્નેહના રંગો ભરનાર અમારા વાત્સલ્યમૂર્તિ હે ગુરુણીમૈયા !

અમારા જેવા બાળજીવો પર કરુણા વરસાવીને, અમારી નાની મોટી ક્ષતિઓ પર પણ અમને ક્ષમા કરીને આપ અમને જે હિતશિક્ષાઓ આપી રહ્યાં છો, કયારેક પ્રેમથી તો ક્યારેક અનુશાસનથી સંયમની શિક્ષા આપી રહ્યાં છો, અમને સંયમમાં સ્થિર કરવાનો આપ જે પુરુષાર્થ કરી રહ્યાં છો તેનો અનંત ઉપકાર છે.

હું ગુરુણીમૈયા !

આપની 50 વર્ષની દીર્ઘ સંયમયાત્રાની પૂર્ણાહુતિએ આપના આરોગ્યની ક્ષેમકુશળતા સાથે આપ જલ્દીથી આપની મંજિલને પ્રાપ્ત કરો એવી મંગલ ભાવના ભાવીએ અને આપના પરમ ઉપકારની ઋણ સ્વીકૃતિ કરીએ !

- પૂજ્ય શ્રી પરમ સૌમ્યાજી મ.
આદિ 28 નવદીક્ષિતા સાધ્વીજીઓ

સંઘ શુભેચ્છા...

સાધ્વી રત્ના ગુરુણીમૈયા પૂ. શ્રી વીરમતીબાઈ મ. આપના સૂવર્ણ જયંતિ સુઅવસરે વંદન સહ અભિનંદન !

પૂ. ગુરુણીમૈયા,

આપ દુર્લભ એવા સંયમ જીવનના 50-50 વર્ષ સાધનામય રીતે પરિપૂર્ણ કરી 51 માં વર્ષમાં મંગલ પ્રવેશ કરી રહ્યાં છો, તે સુઅવસરે આપને સમસ્ત ગોંડલ સંપ્રદાયના શ્રાવક-શ્રાવિકાઓના વંદન સહ અભિનંદન !

અમારા ગોંડલ નવાગઢ સ્થા. જૈન સંઘના સવાયા સદભાગ્ય છે કે આપનો સંયમ સૂવર્ણ જયંતિ ઉજવવાનો સુઅવસર અમોને સાંપડયો. આપે સમગ્ર ભારતભરમાં વિચરણ કરી ગોંડલ સંપ્રદાય અને જિનશાસનનું નામ ઉજ્જવળ કર્યું છે. આપની શુભ પ્રેરણાથી અનેકાનેક આત્માએ સંયમ ધર્મનો સ્વીકાર કર્યો છે. આગમ પ્રકાશન કાર્યમાં આપે અમૂલ્ય માર્ગદર્શન આપી અનંત ઉપકાર કર્યો છે.

પૂ. ગુરુણીમૈયા ! ફળે આપની મોક્ષની મહેચ્છા, એવી ગોંડલ નવાગઢ સંપ્રદાયની ઈચ્છા !

- શ્રી પ્રવિણભાઈ એમ. કોઠારી
પ્રમુખ, ગોંડલ નવાગઢ સ્થા.જૈન સંઘ

આગમ સ્વાધ્યાયપ્રેમી વિરલપ્રજ્ઞા પૂ. શ્રી વીરમતીબાઈ મહાસતીજીની સંયમ ગોલ્ડન જ્યુબલી નિમિતે હાર્દિક શુભેચ્છાઓ.

ગોંડલ સંપ્રદાયના ડુંગર દરબારના તપસમ્રાટના કૃપાપાત્ર અને પૂ. સાહેબજીના ખાસ શિષ્યા ઉપર સતત આર્શિવાદ વરસતા આવ્યા છે તેવા વિરલપ્રજ્ઞા સાચા અર્થમાં વીર તરીકેની ગણના થાય તેવા જ્ઞાન સભર એવમ્ વૈયાવચ્ચ પ્રેમી સાધ્વીજી છે, સંપ્રદાય રત્ન છે તથા જૈન સમાજનું ગૌરવ છે.

તપસમ્રાટ તેમજ ગુરુણીમૈયાના આર્શિવાદથી છેલ્લા વર્ષોમાં રાષ્ટ્રસંત પૂજ્ય શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબ સાથે વિચરણ કરી ભારતભરમાં નામ રોશન કર્યું છે અને 30-30 દિક્ષાના પ્રેરણાદાતા બની શાસનની શોભામાં ચાંદ ચાંદ લગાડી દીધો છે.

આપની સંયમ યાત્રા ખૂબ જ સફળમય બને, લક્ષ સિધ્ધમય બને અને ગુરુ ગુરુણીનાં નામને વિશેષમાં વિશેષ રોશન કરી સફળતાના શિખર સિધ્ધ કરો એવી અભ્યર્થના.

- શ્રી ચંદ્રકાંતભાઈ એમ. શેઠ
શ્રી રોયલપાર્ક સ્થા. જૈન મોટા સંઘ

પરમ પૂજ્ય શ્રી વિરમતીબાઈ મહાસતીજી,

આજે આપના દીક્ષા પર્યાયના 50 વર્ષ પુરા થઈ રહ્યાં છે ત્યારે આપની આ 50 વર્ષ ની જરર્ની ઉપર નજર પડે છે, ત્યારે મસ્તક આપના ચરણોમાં ઝૂકી જાય છે.

આપના આ સંયમ માર્ગમાં આપે આપની સાથે અનેક આત્માને પણ જોડેલાં છે સાથે સાથે અનેક સંસારીને ધર્મ માર્ગ બતાવી તેની ઉપર ચાલતા કરેલ છે. આપનુ દિલ્હીનું ચાતુર્માસમાં મારી સાથે દિલ્હીના અનેક ગુજરાતી નોન ગુજરાતીઓને જે ધર્મ માર્ગ બતાવી, તેના ઉપર ચાલતા કરેલ છે તે બદલ અમો સદાય આપના ઋણી રહીશ.

આપની આગળની સંયમ યાત્રામાં આપ બધાં કર્મોનો ક્ષય કરી, મોક્ષ માર્ગની મંજિલ જલ્દીથી પૂરી કરશો તેવો મને પૂરો વિશ્વાસ છે.

- શ્રી દિલીપ ધોળકિયા પ્રમુખ
ગુજરાતી સ્થાનકવાસી જૈન સંઘ, દિલ્હી

અમારા આકોલા શ્રી સંઘ અને શ્રી પ્રાણ મહિલા મંડળની ઉછળતી આનંદની લહેરો પર અંકિત છે અભિવંદન, અભિવંદન !

વિરલપ્રજ્ઞા પૂજ્ય શ્રી વીરમતીબાઈ મ. ધર્મ અને ચૈતન્યની એક મિશાલ બની વિશ્વમાં ભગવાન મહાવીરના સંદેશને ઉજાગર કરી રહ્યાં છે. અમને ખુશી છે કે પૂ. મહાસતીજીને ચૈતન્યની પ્રથમ ચીનગારી આકોલા શ્રી સંઘમાં થઈ રહેલી દીક્ષા જોઈને તેઓ શ્રીના સંયમના સંસ્કારો જાગૃત થયા અને તેમની ચૈતન્ય યાત્રાનો પ્રારંભ થયો.

અમારા સવાયા સદ્‌ભાગ્યે મહાન બનેલા પૂ. મહાસતીજીના 1992 અને 2007 ના ચાતુર્માસનો લાભ મળ્યો. 2007 નું ઐતિહાસિક ચાતુર્માસ અવિસ્મરણીય બની ગયું.

તેઓશ્રીની વૈયાવચ્ચ-સેવા પ્રેમને નિહાળી પ્રાણ મહિલા મંડળે તેમના વૈયાવચ્ચ વિભાગ સાથે પૂ. મહાસતીજીનું નામ જોડી વીરમતી વૈયાવચ્ચ મંડળ નામની નૂતન શાખાનો પ્રારંભ કર્યો.

આપના અને અનેક ઉપકારોને યાદ કરી શું ઋણ અદા કરીએ ? અમે ઋણ બનવા અસમર્થ છીએ બસ આજ સંયમના 50 વર્ષ પૂર્ણ કરી રહ્યાં છો ત્યારે આપની યાત્રા પૂર્ણ વીતરાગતામાં પરિપૂર્ણ થાઓ તેવી શુભેચ્છા અર્પણ કરીએ છીએ.

- સંઘ પ્રમુખ શ્રી કનકભાઈ શાહ
પ્રાણ મહિલા મંડળ પ્રમુખ શ્રી સૌ.રીનાબેન સંઘવી

મુઠી ઉમેરા સતીજીને શત શત વંદન...

ગોંડલ સંપ્રદાયના પ્રાણ પરિવારના વિરલ વિભૂતિ, પૂ. શ્રી મુક્ત-લીલમ મહાસતીજીના સુશિષ્યા પૂ. શ્રી વીરમતીબાઈ મ. ને 06.05.2018 રવિવારના રોજ દીક્ષા પર્યાયને 50 વર્ષ પૂર્ણ થઈ રહ્યાં છે તે નિમિત્તે અમારી કોટિ કોટિ વંદના.

ગોંડલ સંપ્રદાયના પ્રાણપરિવારના વડીલ, સરળ સ્વભાવી, વિશાળ સંતીવૃંદને સંગઠિત રાખનાર પૂ. મોટા સ્વામીનું બિરુદ મેળવનાર પૂ. શ્રી મુક્તાબાઈ મ.ની છત્રછાયામાં પૂ. શ્રી વીરમતીબાઈ મ. વિશાળ સંતીવૃંદ

સાથે જુનાગઢ શ્રી સંઘમાં 1985 અને 1995 માં ચાતુર્માસનો લાભ આપેલ છે. મને જુનાગઢ સંઘમાં પ્રમુખ તરીકે એ ફરજ બજાવવાની તક મળેલ હતી. આ બંને ચાતુર્માસના ચાર મહિનાનો માહોલ ચાર માસના પયુર્ષણ પર્વ હોય તેવો અનુભવ સમસ્ત સંઘે અનુભવેલ છે.

પૂ. મોટા સ્વામી, પૂ. વીરમતીબાઈએ જુનાગઢના અનેક વડીલો, યુવા વર્ગ તેમ જ જૈનેત્તરમાં પણ જૈમ ધર્મના સંસ્કારોના સિંચન દ્વારા ધર્મ તરફ વળ્યાં છે. આ બંને ચાતુર્માસ જુનાગઢ શ્રી સંઘના ઈતિહાસમાં એક નોંધનીય ઘટના છે, જે કાયમ યાદ રહેશે.

- પ્રો. વી. એસ. દામાણી
પ્રમુખ, જુનાગઢ

તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવ શ્રી રતિલાલજી મહારાજ સાહેબ એવં વિશાલ પરિવાર ધારક પૂજ્ય શ્રી મુક્ત-લીલમ ગુરુણીમૈયા કે અંતરીક્ષ સે બરસતી કૃપા, આશીર્વાદ એવં પ્રેરણા સે જિનકા સંયમ જીવન અંહિસા કા અભ્યુદય, સત્ય કી આવાજ, અચૌર્ય કા વિશ્વાસ, બ્રહ્મચર્ય કા શુદ્ધાભાસ ઔર અપરિગ્રહ કા આદર્શ રુપ હૈ, જિનકી પ્રસુદ્ધ પ્રજ્ઞા કો ખિલા દેખ પરમ દાર્શનિક પૂજ્ય ગુરુદેવ શ્રી જયંતમુનિજી મહારાજ સાહેબ ભી જિન્હેં મહાપ્રજ્ઞા કી ઉપાધિ સે સંબોધિત કરતે થે ઐસી આર્યા અનાસક્તિ કી આન, અનુશાસન કી શાન, વાત્સલ્યતા કી વરદાન, મધુરતા કી મુસ્કાન ઐસે શાલીન વ સ્વાધીન વ્યક્તિત્વ કી ધની મહાપ્રજ્ઞા પૂજ્ય શ્રી વીરમતીબાઈ મહાસતીજી!

દીક્ષા અર્ધશતાબ્દી વર્ષ પર આપશ્રી કે પાવન ચરણ કમણ મેં અમરાવતી જૈન સંઘ કા શત્ શત્ વંદન.

- અધ્યક્ષ: શ્રી હરીશભાઇ લાઠિયા
મંત્રી, શ્રી વિપિનભાઇ સંઘવી, અમરાવતી

પૂજ્ય વીરમતીબાઈ મ.સા. આદિ ઠાણાનું ચાતુર્માસ શ્રી ગોંડલ રોડ (વેસ્ટ) સ્થા. જૈન સંઘ, રાજકોટ ખાતે સંવંત 2060 2014 ના નવમું ચાતુર્માસ મળ્યું. પ્રાણ પરિવારના પૂજ્ય શ્રી વીરમતાબાઈ મ. આદિ ઠાણા-4 નું ચાતુર્માસ સર્વથા આત્માની-પરમાત્માની ઉપાસના કરાવતું હતું. ચાતુર્માસમાં ભગવાન મહાવીરના એકાંત હિતકારી ધર્મ અને દર્શનને અનેકાંત દૃષ્ટિથી સમજાવવાનો પૂ. શ્રીની વ્યાખ્યાન વાણી દ્વારા પ્રયાસ, જેમા શબ્દોમાંથી ઝરતાં ભક્તિભાવમાં તરબોળ થવાનો અવસર મળ્યો.

- શ્રી કિરીટભાઈ શેઠ
શ્રી ગોંડલ રોડ (વેસ્ટ) સ્થાનકવાસી જૈન સંઘ

સંયમ વિરાંગના અનુમોદોસ્તવ...

સંસારના રાગ-દ્વેષ-મોહ-માયા સામે વિરાંગના બની પ્રભુ મહાવીરના માર્ગે ગોંડલ સંપ્રદાયનાં પ્રાણ પરિવારના પૂજ્ય શ્રી મુક્ત - લીલમ ગુરુણીના સુશિષ્યા વિરલ પ્રજ્ઞા પૂજ્ય શ્રી વીરમતીબાઇ મહાસતીજી સંયમ માર્ગે આગળ વધ્યા. આજે એ અવસરને 50 વર્ષ પૂરા થઇ ગયા. સંયમના માર્ગે શૂરવીરને શોભે તેવું ખમીર, જ્ઞાન-ધ્યાન અને વિચીક્ષણતાના વિશિષ્ઠ ગુણોથી આ સંયમ યાત્રા આગળ વધારી રહ્યાં છે.

આપ જેવા વિરલ-વિરાંગના-વીરમતી બની આપના સંયમ યાત્રાના લક્ષ્યે ટોચે પહોંચી શાસનની ધજા ફરકાવતા રહો તેવી શ્રી વેરાવળ સંઘની અનુમોદના સહ શુભેચ્છાઓ.

- શ્રી મહેન્દ્રકુમાર જમનાદાસભાઈ
શ્રી વેરાવળ સ્થાનકવાસી જૈન સંઘ

જૈન શાસનને શોભાવે તપસ્વી ત્યાગી અણગાર,
જ્ઞાન દર્શન ચારિત્ર તપ ધર્મનો શણગાર...

જ્યાં ગુરુગાદીનાં બેસણા છે એવા ગોંડલ તીર્થધામ ધર્મધામમાં ચર્તુવિધ સંઘની હાજરીમાં વિરલપ્રજ્ઞા પૂ. શ્રી વીરમતીબાઇ મ.નો સંયમ સુવર્ણ જયંતિ મહોત્સવ ઉજવાઇ રહ્યો છે.

કહેવાય છે કે,

જેવી માટી તેવો માલ

જેવું ખેતર તેવી ખેતી.

જેવું ગાન એવો તાલ

જેવો માળી એવો બાગ.

તેમ અમારા કાલાવડની પુણ્યવંતી ભૂમિ પર મહેતા પરિવારમાં જન્મ ધારણ કરી સંતોના સમાગમે વૈરાગ્યનાં બીજારોપણ થતા આજથી 50 વર્ષ પહેલા દીક્ષા અંગીકાર કરેલ છે. ગુરુકૃપાથી આગળ વધતા પૂ. શ્રી વીરમતીબાઇ મહાસતીજીનું જીવન ગુણોનું ગાર્ડન છે. ભારતીય સંસ્કૃતિને જીવંત રાખવા સંતોનું યોગદાન ઘણું છે. સંતોનો ત્યાગ વૈરાગ્ય ભર્યો સંયમ સદા પ્રશંસનીય છે. સંતોનું જીવન શબ્દથી આકારીત ન થાય. અમારા ગામનાં દીકરી છે.

આજે અમને પણ ગૌરવ છે. અમારા અંતરમાં આનંદ સમાતો નથી. આવી વિભૂતી વીષે વધુ વર્ણન કરવાનું ન હોય માત્ર પ્રણામ કરવાના હોય.

જેના જીવનમાં પાંચ વૈભવ છે.

1. જ્ઞાન વૈભવ, 2. જિનાજ્ઞા વૈભવ, 3. આચાર વૈભવ, 4. સંસ્કૃતિ વૈભવ, 5. વિરતી વૈભવ.

કાલાવડ શ્રી સંઘની શુભેચ્છા કે, સાધ્વી રત્ના પૂ. શ્રી વીરમતીબાઇ મ.ની સંયમ યાત્રા શાતાકારી, આનંદકારી, મંગલકારી બની રહે.

સૌના અંતરમાં આનંદનો ધબકાર છે

રોમે રોમે ખુશાલીનો રણકાર છે.

શબ્દે શબ્દે શુભેચ્છાનો ટહુકાર છે

ગાદીના ગામમાં સુઅવસર છે.

શાસનને શોભાવતા - દાદા ડુંગરના દરબારને દીપાવતા, જય માણેક પ્રાણ ગુરુનાં નામને રોશન કરતા, તપસ્વી ગુરુદેવનીકૃપાથી આગળ વધતા મુક્ત લીલમ ગુરુણીના આપ કૃપા પાત્ર છો.

ગુરુ ભગવંતોની કૃપાથી આગળ વધો. આપની જન્મ ભૂમિને યાદ કરતા આપ વહેલા, વહેલા કાલાવડ પધારો એવી શુભ ભાવના.

- પ્રમુખ, પી.સી. મહેતા

શ્રી કાલાવડ વણીક જૈન સંઘ

ભક્ત શુભેચ્છા...

વીતરાગ વાટિકાના વીર મારા ગુરુણી વીરમતીભાઇ મ.ના ચરણોમાં લલિતામાડીની શતશ વંદના.

શિષ્યાઓનો પણ પરિગ્રહ માનનારા નિર્મોહીઓ મારા ગુરુણી ! આપનો અમારા ઉપર ઘણો ઉપકાર છે. **ભદ્રાની** અડગતા, શ્રધ્ધા સમપર્ણતાને આપની ઉદારતા-કરુણાએ આપે **ભદ્રાને** શ્રેષ્ઠ સંયમજીવન આપી સ્વીકાર કરી, પૂ. શ્રી સુબોધિકાજી બનાવી આજે વિશાળ વડલાના ધારક હોવા છતાં નિર્મોહી - નિરાભિમાની ગુરુણી આપના ઉપકારને યાદ કરી શું અર્પણ કરું ? ધ્યાન સાધનામાં સંપૂર્ણ સહયોગ આજ્ઞા અને કૃપાબળને કેમ ભૂલી શકીએ ? આજ આપના સંયમજીવનના 50 વર્ષ પૂર્ણ થાય ત્યારે મારા અંતરની શુભેચ્છા છે, આપ ઘણાં ઘણાં જીવોને સમ્યક્ સંયમ આરાધના કરાવી, જલ્દી જલ્દી શાશ્વત આત્મસિધ્ધિને પ્રાપ્ત કરો આપનું સ્વાસ્થય સારું રહે ને સદેવ ગુરુકૃપા વરસતી રહે.

આપના દર્શનની અભિલાષી

લલિતામાડીના અંતરભાવ

વિરલપ્રજ્ઞા પૂ.શ્રી વીરમતિબાઇ મહાસતીજી એટલે વિરલ વ્યક્તિત્વના ધારક ! તેમણે પોતે ધર્મ અને કર્મના સિદ્ધાંતો પોતાના જીવનમાં પચાવ્યા છે. તેથી જ અમારા જેવા કેટલાય સંસારી જીવો તેમના સાંનિધ્યમાં આવે ત્યારે તેઓ તેમને નાના નાના સૂત્રાત્મક વાકયો દ્વારા ગહન ભાવોને સમજાવતા હોય છે.

અમારા બેન સ્વામી પૂ.શ્રી બિંદુબાઇ મ.ના દર્શન કરવા જઇએ ત્યારે અમોને તેમની પાસેથી અવશ્ય કાંઇક પ્રેરણા મળતી હોય છે. સંસારમાં કર્મના ઉદયે શારીરિક કે સાંયોગિક પ્રતિકૂળતા આવે, ત્યારે તેઓ અમોને સાચી

સમજણ આપીને પોઝીટીવ બનાવી દે છે. અમારા પરિવાર પર તેમનો ઘણો ઉપકાર છે.

આજે તેમની સંયમ સુવર્ણ જયંતિની વારંવાર અનુમોદના કરીને શુભેચ્છા આપીએ છીએ કે તેઓ શતાયુ બને, સ્વસ્થાયુને પામે, શીઘ્ર લક્ષ્યને સિદ્ધ કરે અને અમારા પરિવાર પર કૃપા વરસાવતા રહે એ જ શુભભાવના.

પૂ. શ્રી બિંદુબાઇ મ.ના સંસારી
માતુશ્રી શ્રી સવિતાબેન કાંતીલાલ ઠોસાણી

ગોંડલ સંપ્રદાયનું ગૌરવ વિરલપ્રજ્ઞા પૂજ્ય શ્રી વીરમતીબાઈ મહાસતીજીને સંયમ સુવર્ણ જ્યંતિની શતશ:શુભેચ્છા.

અનુભવોની ખાણ, આડંબર વગરની ઓળખાણ અને પરોપકારની પહેચાન પૂજ્ય વીરમતીબાઈ સ્વામી, જૈનધર્મમાં આસ્થા, રૂપી રજિસ્ટ્રેશન કરાવી, ગુરુના સમર્પણનું સ્માર્ટ કાર્ડ લઈ, Divine Express માં સવાર થઈ સંયમ જીવનના 50 વર્ષ પૂર્ણ કરી રહ્યાં છે. ત્યારે અમો પૂજ્ય મહાસતીજીના સંયમ જીવનની ભૂરી ભૂરી અનુમોદના કરીએ છીએ.

આજથી 50 વર્ષ પૂર્વે તપસમ્રાટ પૂજ્ય તપસ્વી ગુરુદેવે ખમીરવંતી ખાંભાની ભૂમિ ઉપર આઠ આત્માઓને સંયમના દાન આપીને તે ભૂમિને દિવ્ય ભૂમિ બનાવી દીધી. ગુરુવર્યોની કૃપાથી આઠે તારલાઓએ શાસનમાં તેજ પ્રસરાવ્યું અને તારાબેન નામનો તારો વિરલ સિતારો બની ગોંડલ સંપ્રદાયના ગગનને રોશન કરી રહ્યો છે.

વિરલ પ્રજ્ઞા પૂજ્ય શ્રી વીરમતીબાઈ સ્વામીને સંયમ સુવર્ણ જ્યંતિની શુભેચ્છા...

મહેતા કુટુંબમાં ફૂલ ખીલ્યું, તારા એનું નામ, માતા પિતાની લાડકવાયી, કિધા મહાન કામ,

વૈરાગ્યની પાંખો પહેરી, પક્ષીની જેમ ઉડયા, સંસાર છોડી સિધ્ધ બનવા, ગામોગામ વિહર્યા,

શ્વેત, સ્વચ્છ પછેડી ઓઢી, નિર્મળ શંખ જેવા ચંચળ મનને સ્થિર કરી, રાગ દ્વેષને છોડી,

તપસમ્રાટની રાહે ચાલી, સેવા ધર્મ કરનારા, મુક્ત લીલમની છત્ર છાયામાં, વીતરાગ વાટે ચાલનારા !

સમતા અને સરળતા એની, જેમ પૃથ્વી સહુ સમાવે ક્ષમા એમને રોમે રોમે, પાવનતા એને પગલે !

ગોંડલ સંપ્રદાયનું ગૌરવ એ છે, વીરમતીબાઈ અમારા પ્રાણ પરિવારના પરમ સંત આ,વિરલ પ્રજ્ઞા અમારા !

અરિહંતના અણગાર અને શાસનના શણગાર, વંદન આપને કોટી કોટી, ને અનુમોદના કરીએ અપાર !

અમારા પ્રબળ પુણ્યોદયે અમારા પરિવારના ડૉ. આરતીબાઈ સ્વામીને આવા ગુરુણીનું સાંનિધ્ય સાપડેલ છે અને તેથી જ અમે પૂજ્ય મોટા સ્વામીને નિકટતાથી જાણવાની સાથે માણી પણ શકીએ છીએ. આજના શુભ અને મંગલ દિવસે આપને શુભેચ્છા આપતા અમો ધન્યતા અનુભવીએ છીએ. આપના સંયમ જીવનની શુભેચ્છા સાથે, અરિહંત પ્રભુને અરજી અમારી, કમળ જેવા સંયમની શુભેચ્છા અમારી, વિરલમાંથી વીતરાગની Wishes અમારી... ભક્તમાંથી ભગવાન બનો તેવી ભાવના અમારી !

- શ્રી ચંપાબેન ગોહિલ પરિવાર - મુલુંડ

અલૌકિક સૌરભ પ્રસરાવતું પુષ્પ : પરમકૃપાળુ શ્રી પ્રભુની અનંત કૃપાથી સદ્‌ગુરુદેવ તપસમ્રાટ પૂ.ગુરુદેવ શ્રી રતિલાલજી મ.સા.ના ચરણ-શરણની મને પ્રાપ્તિ થઈ અને પૂ. સદ્‌ગુરુદેવની અસીમ-અસીમ કૃપાથી પૂ. મુક્ત-લીલમ ગુરુણીશ્રીના સુશિષ્યા વિરલપ્રજ્ઞા ગુરુણીમૈયા પૂ. શ્રી વીરમતીબાઈ સ્વામીના ગુણસૌરભને માણવાનો યોગ પ્રાપ્ત થયો. પૂ. ગુરુણીમૈયા તેમના જીવનના સર્વે જીવો પ્રત્યે કરુણા, ગુણગ્રાહી દૃષ્ટિ-પ્રમોદભાવ, સ્વાશ્રય, નિડરતા, વિનય, વિવેક અપ્રમત્તદશા, પાપભીરુતા, સંયમની અનુમોદના, સર્વે જીવ કરુ શાસનની ભાવના, જીવદયા, નમ્રતા, સરળતા, જતું કરવાની ભાવના વગેરે અનેક અનેક ગુણોની ખુશ્બુથી સ્વ-પરના જીવનને સુખ-શાંતિ આનંદ, પ્રસન્નતારૂપ મહેકાવી રહ્યાં છે, તેમની કૃપા સૌરભ પામવા માટે હું પણ સદ્‌ભાગી બની

તે માટે હું ખૂબ-ખૂબ ધન્યતા અનુભવી રહી છું અને એ માટે પૂ. ગુરુણીમૈયાની કૃપાની પરાકાષ્ઠા એટલે મારી એક વર્ષની એકાંત મૌનસાધના !

- શ્રી અરૂણાબેન હળવદિયા - ગોંડલ

સંયમ સાધનાની શુભેચ્છા : 50 વર્ષની સંયમ યાત્રા પૂર્ણ કરી રહેલા પૂજ્યવરા મુક્ત-લીલમના યશસ્વી શિષ્યરત્ના પૂ. શ્રી વીરમતીબાઈ મ.ના.સંયમ યાત્રા વિવિધ રંગોથી ભરેલી છે. તેમની અનેકાંતની દ્રષ્ટી, સિધ્ધાંતની વાસ્તવિક સમજણ તથા વ્યવહાર કુશળતા પૂ.મુક્ત-લીલમ પરિવારના સંસ્કારનું ફળ છે. તેમના મારી સાથેના પરિચયના સંભારણા કરતા અને 1995 નું જુનાગઢનું પૂજ્યવરો ઠાણા 11 ના યાદગાર ચાર્તુમાસનો લાભ, જેમાં ચાર મહિના, નાના સાધ્વીજીઓ સાથે પૂ.શ્રી વીરમતીબાઈ મ.પાકૃતનો અભ્યાસ કરાવતા અને ધર્મના પાયાનું ઘડતર કરાવતા, તેમની પાસે ધ્યાન સાધનાના અનેક અયામોનો પરિચય થયો , તે સંસ્કારો મારા જીવનના માર્ગદર્શક બન્યા છે.

- શ્રી. સુરેશભાઈ પી. કામદાર
સભ્ય ગોંડલ સંપ્રદાય શ્રમણ સંસ્કાર સમિતી

વિરલપ્રજ્ઞા પૂ. શ્રી વીરમતીબાઈ મહાસતીજીનું સંસારી નામ તારામતી. ચાર ભાઈ અને ત્રણ બહેનોમાં સૌથી મોટા, પરીવાર મોટો હોવાથી મારા પૂ. માતૃશ્રીના સાથે ઘરકામમાં વ્યસ્ત રહેતાં તથા અમે નાના ભાઈ-બહેનોને સાચવતા. તેમની બધી જ રીતે માવજત તથા કાળજી લેવાથી જવાબદારી મોટા બહેનની મારા બાળપણમાં ખૂબ જ સાર-સંભાળ કરી. મને તૈયાર કરવાથી લઈને સ્કુલ-પાઠશાળા મોકલવો-અભ્યાસ કરવો.જમવાના સમયે ગરમા-ગરમ ભોજન જમાડતા. નાનપણથી તેમને વડીલોની સેવા-ચાકરી કરવી ગમે અને નાનાભાઈ-બહેનોની સેવા-ચાકરી કરવી ગમે અને નાનાભાઈ-બહેનોની કાળજી ખૂબ જ કરતાં.

દીક્ષા લીધા પહેલા લગભગ 6 વર્ષ ગુરુમૈયાઓ પાસે તથા જ્ઞાનપીઠ હિંગવાલા લેનમાં જવાનું થતું. જ્યારે જ્યારે રજા મળતી ત્યારે અમરાવતી આવવાનું થતું ત્યારે અમો બધા કાકા-બાપાના ભાઈ-બહેનો તેમને ભેટી પડતા અને બધા જ તેમની સાથે જ જમવા બેસતા. મોટો થાળ લઈને તેમની બાજુમાં જ બેસીને જમવાનો દરેક આગ્રહ કરતાં.

તેમની કાર્ય કરવાની શૈલી દરેક કાર્યમાં તેમની નજર પહોંચે, દીર્ઘ દિષ્ટ વ્યવહાર, કેળવણી ખૂબ જ શીખવા જેવી.

દીક્ષા લીધા પછી જ્યારે જ્યારે દર્શન કરવાનો લાભ મળતો, તેમના તરફથી માર્ગદર્શન - સૂચન મળતું. તે નાગપુરની કલ્યાણકારી ભૂમિની સ્પર્શના કરી ચાતુર્માસ પણ કર્યુ અને ઈતિહાસ રચ્યો.

તેઓએ **જો હોવે મુજ શક્તિ, સર્વ જીવ કરું શાસન રસી** ના નાદને સાકાર કરતાં સંયમ જીવનના 50 વર્ષ પૂર્ણ કરી રહ્યાં છે જે **સુવર્ણ મહોત્સવ** તરીખે ઉજવાય રહ્યો છે.

દીક્ષા પ્રવજ્યાના આટલા વર્ષોમાં તેઓ જ્ઞાન-ધ્યાન-સાધના તપસ્યામાં ઘણા આગળ વધ્યાં છે. એનું ઉદાહરણ: 'એકવાર એવુંથયું કે મારે તેમના દર્શને જવાનું થયું, સમાચાર હતાં કે જસદણ છે. ત્યાં પહોચ્યાં તો ત્યાંના શ્રાવકભાઈએ કહ્યું કે આઠ કિ.મિ. દૂર ઉપાશ્રય છે ત્યાં હશે, ત્યાં પહોચ્યાં તો ખબર પડી કે ત્યાંથી વિહાર થઈ ગયો છે. આગળ લગભગ 20 કિ.મિ. પર હડંબ ગામમાં પૂછયું, ખબર પડી કે ત્યાં પટેલની વાડીમાં પૂ. ગુરુદેવ શ્રી નમ્રમુનિ મ.સા. તથા પૂ. શ્રી મહાસતીજી આદી ઠાણા ત્યાં બીરાજમાન છે. ત્યાં પહોંચ્યો પૂ. મહાસતીજીના દર્શન કર્યા તથા પૂ. મહાસતીજીની બાજુમાં પૂ. શ્રી સુબોધિકાબાઈ મ. એ મને પૂછયું કે દીનેશભાઈ કયારે આવ્યા ? હું હજી પૂ. શ્રી વીરમતીબાઈ મ. સાથે કંઈ પણ વાતચીત કરું તે પહેલાં જ તેમને પૂ.સુબોધિકાબાઈ મ.ને કહ્યું કે દિનેશ તો 2/2-30 કલાકથી આપણને શોધી રહ્યો હતો. મે સ્વામીને પૂછયું કે તમને કેવી રીતે ખબર ? તો તેમને કહ્યું કે મે તો એમ જ કીધું. ત્યારે મને ચોક્કસ થયું કે એમને એમ જ નહીં પણ તેમના પર વરસી રહેલી દેવ-ગુરુ-ધર્મની કૃપાથી જ શક્ય છે.

વિરલપ્રજ્ઞા પૂ. શ્રી વીરમતીબાઈ મહાસતીજીના સંયમ જીવનની સ્વ ઘીરજલાલ મોહનલાલ મહેતા(મૂળ વતન કાલાવાડ-શીતલા) પરીવાર હાલ નાગપુર ભૂરી ભૂરી અનુમોદના કરે છે અને પ્રાર્થના કરીએ છીએ કે STAR બનીને જિનશાસન તથા ગોંડલ સંપ્રદાયને ઉચ્ચ સોપાન પર પોતાની આગવી પ્રતિભાથી સર કરાવે. તેમને સુવર્ણ પ્રવજ્યા દિનની ખૂબ-ખૂબ હાર્દિક શુભેચ્છા સાથે તેમના સ્વાસ્થ અને દીર્ઘાયુની કામના કરીએ છીએ.

- શ્રી દિનેશચંદ્ર ઘીરજલાલ મહેતા

નાગપુર

અન્ય સંતો સાથેની સ્મૃતિક્ષણો...

ચૌદહજાર ફૂટની ઊંચાઇ ઉપર હેમકુંડ સાહેબ (ગુરુદ્વારા) ઉપર સરોવર કિનારે શ્રી રત્નેશ સંત તથા લક્ષ્મણ તપોભૂમિ મંદિરના પૂજારી સાથે.

નારાયણ પર્વત પર મૌનીબાબાની સંગાથે.

Mukesh P. Avlani

MEET N EAT
Caterers

Specialist in
Jain Food

Kailash Plaza, 17/A, 17/B, V.B. Lane,
Next to ICICI Bank, Ghatkopar (East), Mumbai - 400 077.
Tel. : 022-2501 1481 • Cell : 98212 39150, 99877 33077
E-mail : mukeshavlani@hotmail.com

પૂજ્ય વીરમતીબાઈ મ.ના 50 ચાતુર્માસ

1968 વિસાવદર
1969 ગોંડલ
1970 ચૂડા
1971 ઘાટકોપર
1972 મુલુંડ
1973 ઘાટકોપર (શ્રમણી વિદ્યાપીઠ)
1974 ઘાટકોપર (શ્રમણી વિદ્યાપીઠ)
1975 ઘાટકોપર (શ્રમણી વિદ્યાપીઠ)
1976 અંધેરી
1977 કાંદાવાડી
1978 વાલકેશ્વર
1979 સાંગલી
1980 માધવનગર
1981 નાગપુર
1982 આકોલા
1983 અમરાવતી
1984 રાજકોટ-વિરાણી પૌષધશાળા
1985 જૂનાગઢ
1986 સાવરકુંડલા
1987 વેરાવળ
1988 ભાવનગર
1989 માણેકપુર-વસઇ
1990 મલાડ
1991 મુલુંડ
1992 રાજકોટ-સરદારનગર
1993 વડિયા
1994 રાજકોટ-મહાવીર નગર
1995 જૂનાગઢ
1996 વેરાવળ
1997 રાજકોટ-રોયલ પાર્ક
1998 ધારી
1999 જામનગર
2000 ગોંડલ
2001 કાલાવડ
2002 રાજકોટ-સદર
2003 જેતપુર
2004 રાજકોટ-ગોંડલરોડ વેસ્ટ
2005 મોરબી-સુમતિનાથ નગર
2006 રાજકોટ-ઉવસગ્ગહરં સાધના ભવન
2007 આકોલા
2008 અમરાવતી
2009 કોલકત્તા
2010 પેટરબાર
2011 બદ્રિનાથ
2012 દિલ્હી
2013 ઘાટકોપર-પારસધામ
2014 દેવલાલી
2015 અમદાવાદ
2016 પરમધામ પડધા
2017 હિંગવાલાલેન ઘાટકોપર

રાષ્ટ્રસંત પૂજ્ય ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજની પ્રેરણાથી

વિરલપ્રજ્ઞા પૂ. વીરમતીબાઇ મ.ની સંયમ સુવર્ણ વર્ષની સ્મૃતિમાં

ગત 5.5.2017 ના સ્વાધ્યાય સન્માન કાર્ડ
પૂજ્ય મહાસતીજીનું સ્વાધ્યાયથી સન્માન કરવા આપવામાં આવેલ.
પ્રત્યેક સ્વાધ્યાયીઓને 1 વરસમાં 2,75,000 ગાથાની સ્વાધ્યાય થયેલ છે.
સ્વાધ્યાયી સંખ્યા 350 છે.
તેથી 1 વરસમાં 9,62,50,000 ગાથાની સ્વાધ્યાય થયેલ છે.

સ્વાધ્યાયીનું સન્માન સાધ્વી સુબોધિકા (ભદ્રા) જૈન ટ્રસ્ટ
હ: માતુશ્રી લલિતાબેન પોપટલાલ હેમાણી તરફથી
6.5.2018 ના ગોંડલમાં પ્રવ્રજ્યા પાવનોત્સવમાં કરવામાં આવશે.


પૂ. ગુંજર-જ્ય-માણેક-પ્રાણ-રતિ ગુરુભ્યો નમઃ

સ્વાધ્યાય સન્માન

તા. ૫-૫-૨૦૧૭ થી ૫-૫-૨૦૧૮

દિવ્યાશિષ : તપસમ્રાટ પૂ. ગુરુદેવશ્રી રતિલાલજી મ.સા. ગુરુણીવિયા પૂજ્યવરા પૂ. સુકતાબાઇ મ. તથા રોજની ૫૦૦૦ ગાથાના સ્વાધ્યાયી-અપૂર્વશ્રુત આરાધિકા પૂ. લીલમબાઇ મ.
પ્રેરણા-કૃપાશિષ : રાષ્ટ્રસંત પૂ. ગુરુદેવશ્રી નમ્રમુનિ મ.સા.
ઉપલક્ષ : મહાપ્રજ્ઞા પૂ. ગુરુણીશ્રી વીરમતીબાઇ મ.ના સંયમ સુવર્ણ જયંતિ વર્ષની સ્મૃતિ.
અનુમોદક : સાધ્વી સુબોધિકા (ભદ્રા) જૈન ટ્રસ્ટ-આકોલા હસ્તે-માતુશ્રી લલિતાબેન પોપટલાલ હેમાણી

સ્વાધ્યાયીનું નામ .....
એડ્રેસ .....
.....
ફોન નં. : .....

સ્વાધ્યાય-સન્માન કાર્ડ પાછું મોકલવાની તા.: ૨૫-૦૪-૨૦૧૮

સ્વાધ્યાય-સન્માન કાર્ડ પાછું મોકલવાનું એડ્રેસ

સૌ. પ્રીતિબેન બાવીસી
એ/૧૦૧, પ્રણયવિલા
પવાર પબ્લીક સ્કૂલ સામે,
પોઈસર જમખાના પાસે,
કાંદીવલી – ૪૦૦૦૬૭ (વે.)
મો. ૦૮૬૧૯૫ ૬૬૮૬૬
રે. ૦૨૨-૨૮૬૫૯૩૨૪

શ્રી બકુલભાઇ કોઠારી
૬૦, બકુલ ઓપ્ટિકલ્સ
૨૦, ન્યુ જગનાથ મેઈન રોડ,
રાજકોટ – ૩૬૦ ૦૦૧
મો. ૦૮૮૨૪૩ ૧૨૨
ઓફિસ : ૦૨૮૧

રાષ્ટ્રસંત પૂજ્ય ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબ પ્રેરિત
અને પરમધામ આયોજિત

પરમ પ્રશ્નાવલી

ઓપન બુક એકઝામ

અક્ષય તૃતિયાના પાવન દિવસે,
18-04-2018 ના પ્રારંભ થયો !
વાંચન અને મંથન સાથે
જ્ઞાનવૃદ્ધિનો અણમોલ અવસર

પૂજ્ય ગુરુદેવશ્રીની મૌલિક અને પ્રભાવક પ્રવચનધારાની પુસ્તિકા
જેના પ્રત્યેક **પ્રવચન,**
દરેક વાંચનારને
એ જ **પ્રતીતિ** કરાવે છે,



ઘરમાં બેઠાં બેઠાં... એકવાર ધ્યાનથી વાંચો...

પરમ પ્રશ્નાવલીના પ્રશ્નોના પ્રત્યુત્તર લખો, ઘણા બધાં ઇનામો જીતો !

પ્રથમ ઇનામ 11,000/-	દ્વીતીય ઇનામ 9000/-	તૃતિય ઇનામ 7000/-

પ્રોત્સાહન ઇનામો: Rs. 500/- થી લઇ Rs. 5000/- સુધી

પરમ પ્રશ્નાવલી ભરીને મોકલવાની અંતિમ તારીખ: **31.07.2018**

કિંમત: મારા માટે જ પુસ્તક - Rs. 100/- | પ્રશ્ન પત્ર - 10/-

: પ્રાપ્તિ સ્થાન તથા સંપર્ક :

કાંદિવલી - 9082600363 | ઘાટકોપર - 8169934013 | આકોલા - 0724-2430365| અમદાવાદ - 9586455861
રાજકોટ - 9925000936 | ચેન્નાઇ - 9840100723 | કોલકત્તા - 7059768621 | વડોદરા - 9376219192

સંપર્ક: શ્રી પ્રીતિબેન બાવીસી - 9619596869 | 022-28659324
વધુ વિગત માટે: શ્રી વર્ષાબેન સંઘરાજકા - 9819726999

પરમ પ્રશ્નાવલીના પ્રત્યુત્તરો અને પરિણામ
જૈન-ક્રાંતિ અને અમારી **વેબસાઇટ www.parasdham.org** પર જાહેર કરવામાં આવશે.

ગોંડલ

શ્રી ગોંડલ નવાગઢ સ્થા. જૈન સંઘ-ગોંડલ, ગાદીના ઉપાશ્રયમાં પૂ. શ્રી પરમ સમાધિજી મહાસતીજી, પૂ. શ્રી પરમ દિવ્યતાજી મહાસતીજી અને પૂ. શ્રી પરમ અસ્મિતાજી મહાસતીજીના સાંનિધ્યે તપ, ત્યાગ અને તથા અને નવ્ય આરાધનાઓ સાથે સંપન્ન થઇ હતી. બે મહાસતીજીઓ અને 123 ભવિકોએ આખી ઓળી કરી હતી, જેમાં પાચ વર્ષના આગમ બાવીસી અને આઠ વર્ષની સિયા રાણપરિયા પણ હતાં.

ગોંડલના ભાવિકોને જેમના પ્રત્યે અત્યંત પૂજનીય અહોભાવ છે, એવા આચાર્યદેવ પૂજ્ય શ્રી દાદા ડુંગરસિંહજી મહારાજની પૂજ્યવર પૂજા અને પ્રદક્ષિણા કરતાં સુહની આંખો અશ્રુઓથી છલકાણી હતી. રાષ્ટ્રસંત પૂજ્ય ગુરુદેવ શ્રી પ્રેરિત વૈયાવચ્ચ કેન્દ્રનો શુભારંભ પૂ. શ્રી પરમ સમાધિજી મહાસતીજીની પ્રેરણાથી થયો હતો, સંઘાણી સંપ્રદાયના પૂજ્ય શ્રી ઉષાબાઈ મ. આદિએ અનુમોદના કરેલ. ઓળી દરમ્યાન યુવા શિબિર, બાલિકાઓની શિબિર, મહિલા મંડળની પ્રવૃતિઓ અને અર્હમ યુવા સેવા ગ્રુપ દ્વારા નિ:શુલ્ક આયકેમ્પ રાખવામાં આવેલ જેમાં **217 વ્યક્તિઓની આંખોનું ચેક અપ કર્યું હતું અને 30 જેટલી વ્યક્તિઓના મોતિયાના ઑપરેશન કરવામાં આવશે.** દરેક કર્મચારીઓનું બહુમાન જીવન જરૂરિયાતની વસ્તુઓ, ચાંદીની લગડી અને મિઠાઇ દ્વારા કરવામાં આવ્યું હતું.

શ્રી સંઘ અને સંઘના પદાધિકારીઓનો સાથ, સહકાર અને ઉત્સાહ અનેરો હતો. આયંબિલ ઓળીના સૌજન્યદાતા શ્રી વીનુબેન. સી. સંઘરાજકા હતાં અને લાડુની પ્રભાવના શ્રી નવાગઢ સ્થા. જૈન સંઘ દ્વારા કરવામાં આવી હતી.

કોલકત્તા

પારસધામ કોલકતામાં આ વર્ષે ગુરુકૃપાએ આયંબિલ ઓળીના નવ દિવસમાં વિક્રમ સર્જક 1400 થી વધારે આયંબિલ થઇ હતી, જ્યારે 101 આખી ઓળી થઇ હતી. લુક એન લર્નના બાળકોનો ઉત્સાહ અનેરો હતો. જૈનમ શાહએ આખી ઓળી કરી હતી જ્યારે વૈભવી સંઘવીએ સાત દિવસ આયંબિલ કરી હતી. અન્ય બાળકોએ અનુકૂળતા પ્રમાણે એક-એક આયંબિલ કરી હતી જ્યારે બીજા બાળકોએ ખૂબ જ ભાવથી પીરસવાનો લાભ લીધો હતો.

પૂર્વે કયારેય પણ આયંબિલ ન કરનારે પ્રથમ વખત જ આયંબિલ કરી તપ સાધનાની અનુભૂતિ કરી હતી.

આયંબિલ ઓળીનો લાભ શ્રી તરૂબેન જિતેન્દ્રભાઇ મેઘાણી પરિવારે લીધો હતો જ્યારે નવ દિવસની પ્રભાવનાનો લાભ નવ ગુરુભક્તોએ લીધો હતો.

તપસ્વીઓના પારણાનો લાભ શ્રી નિમિષાબેન અનિશભાઇ હેમાણી અને શ્રી વિરલબેન અમિતભાઈ શાહએ લીધો હતો જ્યારે તપસ્વીઓનું બહુમાન માતુશ્રી જયાબેન જયંતિલાલ અજમેરા પરિવારે કર્યું હતું. ભગવાન મહાવીર જન્મોત્સવ અવસરે લાડવાની પ્રભાવનાનો લાભ શ્રી ચેતનાબેન હર્ષદભાઇ ઘેલાણી પરિવારે લીધો હતો.

પારસધામ - મુંબઇ

શ્રી વર્ધમાન સ્થા. જૈન સંઘ - પારસધામ ઘાટકોપરના આંગણે પૂ. શ્રી અનુમતિબાઇ મ., પૂ. શ્રી પુનિતાબાઇ મ. અને પૂ. શ્રી જયનાબાઇ મ. ના સાંનિધ્યે નવ દિવસમાં 1169 આયંબિલ અને 82 આખી ઓળી થઇ હતી. દરરોજ વ્યાખ્યાન પછી શિબિર રાખવામાં આવી હતી. ભગવાન મહાવીર જન્મોત્સવ અવસરે ભગવાન મહાવીર સ્તવના પર સ્પર્ધા રાખવામાં આવેલી જેમાં ઘાટકોપરના દરેક મહિલા મંડળોએ લાભ લીધો હતો. **પ્રભુ પધાર્યા પારસધામના પ્રાંગણે** કાર્યક્રમમાં લુક એન લર્નના બાળકોએ સહજ શૈલીમાં પ્રભુ મહાવીરના 27 ભવોની ઝલકને Shadow Show દ્વારા પ્રસ્તુત કરેલ. આ ઉપરાંત કવીઝ, લક્કી ડ્રો અને નિબંધ સ્પર્ધા **પ્રભુ મારે બનવું તારા જેવું** રાખવામાં આવેલ. નાટક અને સ્પર્ધામાં ભાગ લેનાર દરેક બાળકને આકર્ષક ઇનામ આપવામાં આવેલ.

આયંબિલ ઓળીનો લાભ શ્રી રૂપાબેન રશ્મિનભાઇ મહેતા અને શ્રી કીરીટભાઇ મહેતાએ, પારણાનો લાભ શ્રી વિરલભાઇ દોશીએ, પ્રભાવનાનો લાભ શ્રી પુષ્પાબેન ગોપીભાઈ અને શ્રી દીપ્તી બેન દેસાઇએ લીધેલ.

રાજકોટ

શ્રી મહાવીરનગર સ્થા. જૈન સંઘ - રાજકોટના આંગણે ડૉ. પૂ. શ્રી ડોલરબાઇ મ., પૂ. શ્રી પૂર્ણાબાઇ મ., પૂ. શ્રી પરમ અનન્યાજી મ. અને પૂ. શ્રી પરમ ઋજુતાજી મ. ના સાંનિધ્યે આયંબિલ ઓળીની આરાધના આત્મ જાગૃતિ શિબિર, પ્રવચન, પ્રતિક્રમણ અને અને પ્રશ્નોતરી સત્સંગ સાથે સંપન્ન થઇ હતી. 80 ભાવિકોએ આખી ઓળી કરી હતી.

પ્રતિદિન પ્રવચન બાદ નવદીક્ષિત મહાસતીજીઓ દ્વારા વિવિધ આધ્યાત્મિક પ્રયોગો રાખવામાં આવ્યાં હતાં. યુવા શિબિર, યંગ યોગીઝ બાળ શિબિર, મહિલા શિબિર આદિમાં ભાવિકો ખૂબજ ભાવથી જોડાયા હતાં. આયંબિલ ઓળીનો લાભ મોરબીવાળા શ્રી છોટાલાલ રાજપાલ મહેતા એ લીધો હતો.

આણંદ

શ્રી સ્થા.જૈન સંઘ આણંદના આંગણે રાષ્ટ્રસંત પૂજ્ય ગુરુદેવ શ્રી પધારતાં ખંભાત સંપ્રદાયના પૂજ્ય શ્રી જિતેન્દ્રમુનિ મહારાજ સાહેબ આદિ સંતો-3 નો સંત મિલનનો અનેરો અવસર યોજાયો હતો. દ્વીતિય દિવસે સરદાર પટેલ હોલમાં મહાપ્રભાવક શ્રી ઉવસગ્ગહર સ્તોત્રની જપસાધના અને પ્રવચનનો લાભ સમસ્ત આણંદ અને વિદ્યાનગરના સંઘો સાથે નડીયાદ સંઘે પણ લીધો હતે. પ્રવચન બાદ લુક એન લર્નના દીદીઓની ક્ષાનદાન સેવાનું સન્માન કરવામાં આવેલ.

નડીયાદ

શ્રી સ્થાનકવાસી જૈન સંઘ - નડીયાદના સંઘ પદાધિકારીઓની ભાવભરી વિનંતીનો સ્વીકાર કરી રાષ્ટ્રસંત પૂજ્ય ગુરુદેવશ્રી આદિ સંતો 5 પધારતાં નડીયાદના ભાવિકોને ગુરુ જ્ઞાનવાણીનો લાભ પ્રાપ્ત થયો હતો. નડીયાદથી વિહાર કરી અમદાવાદમાં પ્રથમ મણિનગર અને વાસણા સંઘને લાભ આપી પાલડી શ્રી નિલેશભાઇ પાટડીવાળાના આંગણે પધારેલ.

અમદાવાદ

પાલડી : શ્રી એલિસબ્રીજ સ્થા. જૈન સંઘ સંચાલિત શ્રી ચમનલાલ ઉમેદચંદ શાહ પાટડીવાળા જૈન ઉપાશ્રયમાં સાત દિવસની સ્થિરતા દરમ્યાન રાષ્ટ્રસંત પૂજ્ય ગુરુદેવ શ્રીના સાંનિધ્યે દરરોજ પ્રવચન સભામાં સેંકડો ભાવિકોએ લાભ લીધેલ. નિત્ય પ્રવચન સાથે સિધ્ધત્ત્વની ભાવ યાત્રા, આલોચના, બાલમેલા જેવા આયોજનોમાં પણ જૈન-અજૈન ભાવિકો ભાવથી લાભ લેતાં હતાં.

પૂજ્ય ગુરુદેવની પ્રરેણાથી 172 જેટલાં પ્રજ્ઞાચક્ષુઓ અને વિકલાંગોને ભોજન તથા દરેકને 1000/- આપવામાં આવેલ.

- **51 વર્ષીતપ આરાધકોનો ઇક્ષુરસ પાન મહોત્સવ :**

રાષ્ટ્રસંત પૂજ્ય ગુરુદેવ શ્રીના સાંનિધ્યે 51 વર્ષીતપ આરાધકોના સમૂહ પારણા સંઘમાં યોજાયા હતાં. તપસ્વીઓને પારણા કરાવવાનો લાભ શ્રી નિલેશભાઇ ટીમ્બડીયા પરિવારે લીધો હતો. જ્યારે તપસ્વીઓને તિલક કરવાનો લાભ શ્રી હિતેશભાઇ બાવીસી પરિવારે લીધો હતો. તપસ્વીઓનું સન્માન ભાવિકોએ કરેલ.

આ અવસરે જૂના ઉપાશ્રયના નૂતનીકરણ માટેનો મુખ્ય લાભ શ્રી પદમભાઈ કોઠારીએ 41 લાખમાં લીધો હતો, જ્યારે ફર્સ્ટ ફલોરનો લાભ શ્રી પાટડીવાળા પરિવારે 18 લાખમાં, સેકન્ડ ફલોરનો લાભ શ્રી આરાધ્યાજી ફાઉન્ડેશનએ 15 લાખમાં અને થર્ડ ફલોરનો લાભ શ્રી હસમુખભાઇ ગોસલીયા એ 11 લાખમાં, વૈયાવચ્ચ હોલનો લાભ શ્રી ગૌતમભાઈ શાહે 9 લાખમાં લીધો હતો. આ ઉપરાંત સાધુ-

પાટડીવાળા પરિવાર

સંતોના 12 રૂમ્સનો લાભ શ્રી માલવણીયા પરિવારે 3 લાખમાં, શ્રી સુરેશભાઇ શાહે 3 લાખમાં, શ્રી પ્રવિણભાઇ ખંડેરીયાએ 3 લાખમાં, શ્રી સ્વપ્નીલભાઇ મકાતિએ 3 લાખમાં, શ્રી નિરજભાઇ શાહે 3 લાખમાં લીધો હતો. કુલ એક કરોડ નવ લાખમાં ભાવિકોએ લાભ લીધેલ.

- **અનશન આરાધિકા પૂ. શ્રી શોભનાબાઇ મ.ની ગુણાનુવાદ સભા :**

વૈયાવચ્ચ કેન્દ્રમાં બિરાજમાન ખંભાત સંપ્રદાયના પૂ.શ્રી વસુબાઇ મ.ના સુશિષ્યા પૂ.શ્રી શોભનાબાઇ મ.નો સંથારો સીઝતાં, રાષ્ટ્રસંત પૂજ્ય ગુરુદેવ શ્રીના સાંનિધ્યમાં પાલડી ઉપાશ્રયમાં એમની ગુણાનુવાદ સભા રાખવામાં આવેલ,જેમાં પૂજ્ય ગુરુદેવ શ્રીએ જણાવેલ કે પૂ. શ્રી શોભનાબાઇ મ.ને શરીરની વેદના કરતા 52 વર્ષનો સંયમ દુષિત ન થાય એની વેદના વધારે હતી. દુ:ખની પીડા કરતાં પાપ લાગશે એની પીડા વધારે હોય તેનો સંયમ શ્રેષ્ઠ.

પૂ. શ્રી શોભનાબાઇ મ.ની ગુણાનુવાદ સભામાં ખંભાત સંપ્રદાયના પૂ. શ્રી વસુબાઇ મ. આદિ ઠાણા, બોટાદ સંપ્રદાયના પૂ. શ્રી સવિતાબાઇ મ., અજરામર સંપ્રદાયના

પૂ. શ્રી પદમિનીબાઈ મ., આદિ ઠાણા, ગોંડલ સંપ્રદાયના પૂ. શ્રી સવિતાબાઇ મ.ના સુશિષ્યા પૂ. શ્રી તેજલબાઇ મ. આદિ ઠાણા ઉપસ્થિત રહ્યાં હતાં અને ભાવાંજલિ અર્પણ કરી હતી. અમદાવાદના સ્થા. જૈન સંઘોના પ્રતિનિધીઓ અને મોટી સંખ્યામાં ભાવિકો ઉપસ્થિત હતાં.

વિજય તિલકના લાભાર્થી - બાવીસી પરિવાર

8 વર્ષના બાળક કુમાર વત્સલે એકાંતર ઉપવાસ, વર્ષીતપની આરાધના કરેલ.

જન્મભૂમિના વરિષ્ઠ પત્રકાર મણિલાલ ગાલાનું સન્માન

જન્મભૂમિ અખબાર જૂથના વરિષ્ઠ પત્રકાર 'જન્મભૂમિ'ની લોકપ્રિય જૈન કોલમ 'જૈન જગત'ના સંપાદક અને કવિઓ, દેરાવાસી જૈન મહાજનના કારોબારી સભ્ય શ્રી મણિલાલ ગોવિંદજી ગાલા (કોટા - રોહા)ને પત્રકારત્ત્વ ક્ષેત્રે શ્રેષ્ઠ પ્રદાન માટે મુંબઇના ગુજરાતી દૈનિક અખબારોના જૈન પત્રકારને અપાતો 'નૈનમલ વિનયચંદ્રજી સુમણા ઍવોર્ડ' એનાયત કરવામાં આવ્યો છે. શનિવારે મુંબઇમાં યોજાયેલા એક સમારોહમાં આ ઍવોર્ડ એનાયત કરાયો હતો. શ્રી મણિલાલ ગાલા, શ્રી અખિલ ભારતીય શ્વેતાંબર સ્થા. જૈન કૉન્ફરન્સ

(મુંબઇ)ના અતિ લોકપ્રિય પખવાડિક 'જૈન પ્રકાશ'નું સંપાદન કાર્ય પણ સંભાળી રહ્યાં છે.

જુનાગઢ

લુક એન લર્ન જૈન જ્ઞાનધામનો સ્ટુડન્ટ ચી. મન હિરેનભાઇ માવાણી, જે તે ડીપાર્ટમેન્ટ ઑફ પોસ્ટ ફીલાટેલી ની પરીક્ષામાં સમગ્ર રાજ્યમાં શ્રેષ્ઠ પરિણામ લાવ્યો છે. ગાંધીનગર ખાતે સચીવાલયમાં, મિનીસ્ટર શ્રી મનોજભાઇ સિંહાની અધ્યક્ષતામાં રાખેલ સન્માન સમારોહમાં તેને ચી.પો. માસ્ટર જનરલ ગુજરાત હેડના હસ્તે એવોર્ડ, પંડિત દીનદયાલ સ્પર્સ યોજના સ્કોલરશીપ અને સન્માન પત્ર અર્પણ કરવામાં આવેલ. ભારત સરકારના પોસ્ટલ ડીપાર્ટમેન્ટ તરફથી કીટ અર્પણ કરવામાં આવેલ. ચી. મન એ જુનાગઢનું, લુક એન લર્નનું તથા સમસ્ત જૈન સમાજનું ગૌરવ વધાર્યું છે.

ચી. મનના મમ્મી શ્રી શીતલદીદી પણ જુનાગઢ લુક એન લર્નમાં દીદી છે.

ગોંડલમાં દાદા ગુરુદેવ પૂજ્ય ડુંગરસિંહજી મહારાજ સાહેબની 197મી

પુણ્યસ્મૃતિ અવસર

ભક્તિભાવે ઉજવાયો

ગૌરવવંતા ગોંડલગચ્છના સંસ્થાપક આચાર્યદેવ દાદાગુરુ પૂજ્ય શ્રી ડુંગરસિંહજી મહારાજ સાહેબની 197મી પુણ્યસ્મૃતિ અવસરે ગોંડલ ગામમાં ગુજરાતરત્ન પૂજ્ય શ્રી સુશાંતમુનિ મહારાજ સાહેબ તેમજ રાષ્ટ્રસંત પૂજ્ય ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબના સાંનિધ્યે ભક્તિભાવભીની શ્રધ્ધાંજલી અર્પણ કરીને પૂજ્ય દાદાગુરુના ઉપકારોની ઋણ સ્વીકૃતિ કરવામાં આવી હતી.

પૂજ્ય શ્રી હીરાબાઇ મહાસતીજી, પૂજ્ય શ્રી ભદ્રાબાઇ મહાસતીજી, પૂજ્ય શ્રી વીરમતીબાઇ મહાસતીજી, પૂજ્ય શ્રી ધર્મિલાબાઇ મહાસતીજી, પૂજ્ય શ્રી ઉષાબાઇ મહાસતીજી, અજરામર સંપ્રદાયના પૂજ્ય શ્રી ગીતાકુમારીજી મહાસતીજી મળીને 50 થી પણ વધારે મહાસતીજીઓની ઉપસ્થિતિમાં સૌરાષ્ટ્ર-ગુજરાતના અનેક-અનેક સંઘોની સાથે મુંબઇથી પણ અનેક-અનેક ભાવિકો પૂજ્ય દાદાગુરુના ચરણમાં ઉપકાર વંદના અર્પણ કરવા અર્થે વિશેષ ભાવો સાથે ઉપસ્થિત રહ્યાં હતાં.

લાંબા સમય બાદ સૌરાષ્ટ્રની ધરા પર પદાર્પણ કરનારા રાષ્ટ્રસંત પૂજ્ય ગુરુદેવશ્રી આદિ સંતોનું ભાવભીનું સ્વાગત કરવામાં આવ્યું હતું.

રાષ્ટ્રસંત પૂજ્ય ગુરુદેવશ્રીએ પૂજ્ય શ્રી દાદાગુરુના ઉપકારોની અભિવ્યક્તિ કરતાં કહ્યું હતું કે, આકાશમાં ઉગતો સૂર્ય સાંજ પડતાં જ અસ્ત થઇ જતો હોય છે પરંતુ દાદાગુરુ નામનો આ સૂર્ય એવો છે જે કદી અસ્ત થવાનો નથી, માટે જ તો 197 વર્ષ પછી આજે પણ જે ઉજાગર થઇ રહ્યો છે. દાદાગુરુદેવ પૂજ્ય શ્રી ડુંગરસિંહજી મહારાજ સાહેબની આ પ્રગટ પ્રભાવી ગાદીનું સ્થાન એક એવી જાગતી જગ્યા છે જ્યાં સ્મરણ કરતાં જ સકલ કાર્યો સિધ્ધ થઇ જતાં હોય છે. રાષ્ટ્રસંત પૂજ્ય ગુરુદેવશ્રીએ આ અવસરે સમજાવ્યું હતું કે, જ્યાં ગુરુ ચરણમાં ભાવિકોના જોડાયેલાં હાથ અને ઝૂકેલું મસ્તક હોય એવા સંપ્રદાય હરહંમેશ ઉન્નત બનીને રહેતાં હોય છે, એવા સંપ્રદાયો હરહંમેશ વિકાસને પામતાં હોય છે.

શ્રી નવાગઢ સ્થાનકવાસી જૈન સંઘથી પૂજ્ય સંત-સતીજીઓની **ગૌરવયાત્રા** દાદા ડુંગર દરબારમાં પહોંચી હતી જ્યાં પુણ્યસ્મૃતિ સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું.

શ્રી ગોંડલ નવાગઢ સ્થાનકવાસી જૈન સંઘમાં ડુંગર દરબારનું રીનોવેશન કરીને એને ભવ્યતા અને દિવ્યતાનો ઓપ આપવાની પ્રેરણાને સકળ શ્રી સંઘે સહર્ષ વધાવી લેતાં આ કાર્યનું શીઘ્રતાથી પ્રારંભ કરવાનો ઠરાવ સર્વ સંઘ પદાધિકારીઓના સર્વાનુમતે આનંદ-ઉત્સાહથી પસાર કરવામાં આવ્યો હતો. બૃહદ મુંબઇ સ્થાનકવાસી

રાષ્ટ્રસંત પૂજ્ય ગુરુદેવશ્રીને દીક્ષા દાનેશ્વરીનું બિરૂદ અર્પણ

શ્રી રમેશભાઇ ધડુકનું સન્માન કરતા શ્રી પરાગભાઇ શાહ (મહાસંઘ), શ્રી પ્રવીણભાઇ કોઠારી, શ્રી મનિષભાઇ મહેતા, શ્રી જીજ્ઞેશભાઇ વોરા

જૈન મહાસંઘના પ્રમુખ શ્રી પરાગભાઇ શાહે વ્યક્ત કરતાં સર્વત્ર હર્ષનાદ છવાયો હતો.

આ પ્રસંગે પૂજ્ય શ્રી અજીતાબાઇ મહાસતીજી, પૂજ્ય શ્રી ધર્મિલાબાઇ મહાસતીજી, પૂજ્ય શ્રી સ્મિતાબાઇ મહાસતીજી તેમજ પૂજ્ય શ્રી ગીતાકુમારીજી મહાસતીજીએ પૂજ્ય શ્રી દાદાગુરુદેવને સ્મૃતિપટ પર લાવીને અભિવંદના અર્પણ કરતું પ્રવચન આપ્યું હતું.

શ્રી પ્રવીણભાઇ કોઠારી, શ્રી ચંદ્રકાંતભાઇ શેઠ, શ્રી પરાગભાઇ શાહ તેમજ શ્રી ઇશ્વરભાઇ દોશીએ પોતાના વક્તવ્ય દ્વારા પૂજ્ય દાદાગુરુ પ્રત્યે અહોભાવ પ્રદર્શિત કર્યો હતો.

વિશેષમાં, શ્રી પ્રવીણભાઇ કોઠારીએ રાષ્ટ્રસંત પૂજ્ય ગુરુદેવશ્રીને અનેક જીવોના તારણહાર તરીકે ઓળખાવવા સાથે પૂજ્ય ગુરુદેવશ્રીને 'દીક્ષા દાનેશ્વરી'નું બિરૂદ અર્પણ કરવાની જાહેરાત કરતાં ઉપસ્થિત સર્વ સંઘ પાદાધિકારીઓએ અત્યંત અહોભાવથી પૂજ્ય ગુરુદેવશ્રીની નવાજિશ કરી હતી ત્યારે સમગ્ર સમુદાય જયકાર પોકારી ઉઠ્યો હતો.

પૂજ્ય સંત-સતીજીઓના આગમનને વધાવવા આ અવસરે ગોંડલ લુક એન લર્નની બાળકીઓ તેમજ શ્રી નવાગઢ સ્થાનકવાસી સંઘની જૈન પાઠશાળાના બાળકો દ્વારા સુંદર નૃત્ય ગાનની પ્રસ્તુતિ કરવામાં આવી હતી. ઉપરાંતમાં આ પ્રસંગે ગોંડલના યુવાનો દ્વારા પૂજ્ય શ્રી હિરાબાઇ મહાસતીજી પ્રેરિત માર્ગદર્શિત 'ગુરુ મહિમા' નાટિકાની પણ પ્રસ્તુતિ કરવામાં આવી હતી. સંઘના કારોબારી પ્રમુખ શ્રી દિલીપભાઇ પારેખ દ્વારા સહુનું ભાવભીનું સ્વાગત કરવામાં આવ્યું હતું.

દાદાગુરુ પૂજ્ય શ્રી ડુંગરસિંહજી મહારાજ સાહેબની 197મી પુણ્યસ્મૃતિ નિમિત્તે ગોંડલ અર્હમ યુવા સેવા ગ્રુપ તરફથી રાજકોટ અને ગોંડલ વિસ્તારના 197 ગરીબ સાધર્મિક પરિવારોને જીવનઆવશ્યક વસ્તુઓની કિટ અર્પણ કરવાની જાહેરાત કરવામાં આવી હતી.

આ અવસરની અનુમોદના કરવા તેમજ પૂજ્ય સંત-સતીજીઓને વંદના અર્પણ કરવા ગોંડલ નગરના એમ.એલ.એ. શ્રી ગીતાબા જાડેજા પણ વિશેષ ભાવો સાથે ઉપસ્થિત રહીને પૂજ્ય સંત-સતીજીઓ પ્રત્યે અહોભાવની અભિવ્યક્તિ કરી હતી.

ઉપસ્થિત દરેક ભાવિકોની સાધર્મિક ભક્તિનો લાભ શ્રી રમેશભાઇ ધડુક તરફથી લેવામાં આવ્યો હતો.

શ્રી ગીતાબા જાડેજા

શ્રી પ્રવીણભાઇ કોઠારી

શ્રી ચંદ્રકાંતભાઇ શેઠ

શ્રી ઇશ્વરભાઇ દોશી

તપસ્વીરત્ના
પૂજ્ય શ્રી મીનાબાઈ મ.ને
શ્રધ્ધાંજલિ - આદરાંજલિ

ગોંડલ સંપ્રદાયના ગુરુ પ્રાણ પરિવારના
તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવ
શ્રી રતિલાલજી મહારાજ સાહેબ એવમ્
પૂજ્ય શ્રી મુક્ત-લીલમ ગુરુણીમૈયાના
સુશિષ્યા
તપસ્વી પૂજ્ય શ્રી રાજેમતીબાઇ મહાસતીજીના
સુશિષ્યા
તપસ્વીરત્ના પૂજ્ય શ્રી મીનાબાઇ મહાસતીજી

રાજકોટ નિવાસી માતા-પિતા શ્રી કાંતાબેન ધીરજલાલભાઇ મકનજી લાખાણીના સુપુત્રી તપસ્વીરત્ના પૂજ્ય શ્રી મીનાબાઇ મહાસતીજીના સંસાર પક્ષે ચારે બહેનો અને ત્રણ ભાઇઓના પરિવારમાં બે બહેનો પૂજ્ય શ્રી ભારતીબાઇ મહાસતીજી તેમજ પૂ. શ્રી વિદુબાઇ મહાસતીજી એ સંયમ પંથ સ્વીકારેલ.

બાલ્યવયથી જ અંતરની જ્ઞાનરૂચિના કારણે રાજકોટ સ્થિત ઉપાશ્રયની પાઠશાળામાં પૂજ્ય શ્રી મીનાબાઇ મહાસતીજીએ સામાયિક, પ્રતિક્રમણ સૂત્ર કંઠસ્થ કરવા સાથે પૂજ્ય શ્રી પ્રભાબાઇ મહાસતીજી તેમજ પૂજ્ય શ્રી વિમળાબાઇ મહાસતીજી પાસે સાત શ્રેણીનો અભ્યાસ કર્યો, એની સાથે, શાળામાં એસ. એસ. સી. ના અભ્યાસ સાથે જૈન પાથરડી બોર્ડમાં બે વર્ષનો અભ્યાસ કર્યો.

14 વર્ષની ઉંમરે વેકેશનના સમયે માતા શ્રી કાંતાબેન બધાં જ સંતાનોને લઇને તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવ શ્રી રતિલાલજી મ.સા. તેમજ પૂજ્ય શ્રી ભારતીબાઇ મહાસતીજીના દર્શન અર્થે આવ્યાં. એ સમયે તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવ શ્રીએ 14 વર્ષની મીનાને પ્રશ્ન કર્યો, મીના ! હવે કોલેજનો અભ્યાસ કરવોછે ? નાનકડી મીનાના મુખમાંથી **હા** નો જવાબ સાંભળીને તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવશ્રીએ મીનાને મુંબઇમાં રોકાઇને શ્રમણી વિદ્યાપીઠમાં અભ્યાસ કરવા માટે રોકાઇ જવાની આજ્ઞા કરી. મીના મુંબઇ રોકાઇ ગઇ.

મુંબઇનુંએ રોકાણ મીનાના વૈરાગ્ય પ્રાગ્ટયનું કારણ બની ગયું. ગુરુની આજ્ઞાથી વિદ્યાપીઠમાં પાંચ વર્ષ સુધી જ્ઞાનભ્યાસ દરમ્યાન તીવ્ર યાદશક્તિના કારણે એક જ વાર વાંચતાં બધું જ યાદ રહી જતું. ત્યારબાદ બે વર્ષ સુધી જ્ઞાન આરાધના કરતાં કરતાં અંતે વર્ષ 1977 ની 15 મી ડિસેમ્બરના દિવસે સાવરકુંડલા મુકામે દીક્ષા અંગિકાર કરી. એક સાથે છ બહેનોની તે દીક્ષામાં મોટા બેન વિદુબેન, મીનાબેન, તરૂબેન, પૂર્ણાબેન, બિંદુબેન અને રશ્મિબેને સંસારનો ત્યાગ કર્યો !

દીક્ષા બાદ માત્ર તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવશ્રી પાસે જ ઉભા- ઉભા પાઠ લેવાનો અડગ સંકલ્પ સાથે આગમ જ્ઞાન કંઠસ્થ કરીને પૂજ્ય ગુરુદેવશ્રીના કૃપાપાત્રી બન્યાં. નમ્ર

વાણી અને મૌલિક પ્રવચન શૈલી સાથે પૂજ્ય શ્રી મીનાબાઇ મહાસતીજીના મુખમાંથી પ્રગટતા દેવાનુપ્રિય શબ્દ ઉપસ્થિત શ્રોતા ભાવિકો માટે અત્યંત પ્રિય બની જતો.

શરીરની પ્રકૃતિના કારણે પૂજ્ય શ્રી મીનાબાઇ મહાસતીજીથી તપની આરાધના થઇ શકતી ન હતી. અંતરમાં તપશ્ચર્યા કરવાની અદમ્ય ભાવના છતાં પોરશી જેવી નાનકડી તપ સાધના પણ બહુ મુશ્કેલીથી થતી અને એક ઉપવાસ તો જાણે માસક્ષમણ તપ કર્યાની અનુભૂતિ કરાવી જતો. આવી પરિસ્થિતિમાં તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવશ્રીના ચરણમાં તપ આરાધના કરવાની ભાવના અને કૃપાની યાચના કરતાં પૂજ્ય ગુરુદેવશ્રીએ ઠંડી ઋતુમાં તપશ્ચર્યા કરવાનું માર્ગદર્શન આપ્યું. પૂજ્ય મહાસતીજીએ એકાસણાની આરાધના દ્વારા તપશ્ચર્યાનો પ્રારંભ કર્યો ત્યારે કદીક તો સૂતાં સૂતાં જ પ્રતિક્રમણ કરવું પડે એવી અશાતા રહેતી. પરંતુ જે કરવું તે પૂર્ણકરવું એવા મક્કમ ભાવ સાથે આઠ મહિના સુધી એકાસણાની આરાધના કરી.

માગશર વદી તેરસના બીજા એકાસણાના દિવસે કોઇ અશાતા ન જણાતાં સાંજે ઉપવાસના પચ્ચક્ખાણ લીધાં. **પૂજ્ય શ્રી પ્રાણલાલજી મહારાજ સાહેબની પુણ્યતિથીના એ ઠંડીઋતુના પાવન દિવસે ખાંભા ગામે પ્રારંભ કરેલી એકાંતર ઉપવાસની આરાધના બત્રીસ વર્ષના દીર્ઘકાળ સુધી અવિરત પણે ચાલતી રહી !** એ તપશ્ચર્યા દરમ્યાન પૂજ્ય તપસ્વી ગુરુદેવ શ્રીની જન્મ શતાબ્દીના અવસરે શ્રી મીનાબાઇ મહાસતીજીને અંતરમાં ભાવ જાગ્યાં કે, તપસ્વી ગુરુદેવશ્રીના જન્મના 100 વર્ષ અને સંયમની તપશ્ચર્યાના 25 વર્ષના અવસરની આજથી પોલા અઠ્ઠમ કરવાના સંકલ્પ સાથે ઉજવણી કરવી છે. પૂજ્ય મહાસતીજીએ મક્કમ સંકલ્પ સાથે સાત સાત વર્ષ સુધી અવિરતપણે પોલા અઠ્ઠમ તપની આરાધના જીવનના અંત સમય સુધી કરીને સંયમ જીવનને ધન્ય બનાવ્યું.

આ ભવમાં સમજણપૂર્વક જેટલાં કર્મ ખપાવી શકાય એટલાં કર્મક્ષયની સાથે જ્યાં સુધી શરીર સાથ આપે ત્યાં સુધી સંયમ, તપ અને જ્ઞાનની સાધના - આરાધના કરવાના ભાવ સાથે નાના નાના બાળકોને પણ જ્ઞાન આરાધના કરાવી. બાળકોને ગમે એવી સહજ અને સુંદર શૈલીમાં ખૂબ જ સ્નેહ અને ધ્યાન આપીને બાળકોને એવી રીતે ભણાવતાં કે બાળકોને એક જ વાર ભણવાથી યાદ રહી જાય, બીજીવાર ભણવાની જરૂર જ ન રહે. જ્ઞાન, ધ્યાન અને તપની આ સાધના સાથે કોઈપણ પ્રકારની પ્રશંસાની ચાહના વિના તેઓ સ્વયંની સંયમ સાધનામાં આગળ વધતાંરહ્યાં.

સંયમની સાધનાની સાથે સાથે છાને ખૂણેથી કોઈને ખબર પણ ન પડે એ રીતે ક્યારેક ગરીબ સાધર્મિક પરિવારોને મૂકદાન પ્રાપ્ત કરાવી દેતાં તો ક્યારેક કોઈની સામે હાથ લાંબો ન કરી શક્તી ગરીબ વ્યક્તિને પણ દાનની પ્રાપ્તિ કરાવીને આત્મસંતોષ પામતાં.

ખાંભા ગામના એ વર્ષીતપ પ્રારંભ બાદ જુનાગઢમાં તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવશ્રીના દર્શને ગયેલાં પૂજ્ય શ્રી મીનાબાઈ મહાસતીજીને તે દિવસે પારણું હોવાથી પૂજ્ય ગુરુદેવશ્રીએ સ્વયં ગોળના પાણીથી પારણું કરાવીને કહ્યું, 'મીનાબાઈ મહાસતીજી ! તમારા લલાટે તો શાશ્વતો ચાંદલો શોભી રહ્યો છે. આ ચાંદલાને ક્યારેય ભૂંસાવા નહીં દેતાં !' પૂજ્ય ગુરુદેવશ્રીના મુખમાંથી જે ક્ષણે આ શબ્દો સર્યા એ જ ક્ષણથી પૂજ્ય મહાસતીજીના લલાટે લાલ કલરની ટીલી દેખાવા લાગી. જેના કારણે હૈદ્રાબાદ અને બેંગ્લોરના ભાવિકોમાં પૂજ્ય મહાસતીજી ટીલીવાળા સ્વામી તરીકે ઓળખાવા લાગ્યાં હતાં.

મામા શ્રી રૈયાણી પરિવાર

ભાઇ શ્રી સુરેશભાઇ લાખાણી પરિવાર

પૂજ્ય મહાસતીજીની 42 વર્ષની સંયમ પર્યાયમાં ગુજરાત, મહારાષ્ટ્ર, આકોલા, અમરાવતી, નાગપુર, હૈદરાબાદ, બેંગ્લોર, મૈસુર, ઊટી, કોઈમ્બતુર, કોચીન અને ગોવા જેવા ક્ષેત્રોને ધર્મ પ્રભાવનાનો લાભ આપતાં આપતાં મારવાડી સમાજને પણ જ્ઞાનથી તરખોળ ર્ક્યા. જીવનના અંતિમ 12 ચાતુર્માસ મહાનગરી મુંબઈમાં અને છેવટે વસઈ ચાતુર્માસ કરીને પ્રભુ ધર્મની પ્રભાવના કરી.

વસઈના અંતિમ ચાતુર્માસમાં પૂ. શ્રી રાજેમતીબાઈ મ.ને હરપીસ નીકળ્યાં. શરીરમાં સખત બળતરા અને અશાતા થઈ રહી હતી એવા સમયે દિવસ અને રાત જોયાં વિના પૂજ્ય મીનાબાઈ મહાસતીજીએ અંતરના ભાવ અને ખંતથી એમની ખૂબ જ સેવા કરી. આમ જ્ઞાન અને તપની સાધના-આરાધના સાથે પૂર્ણપણે સમાધિ ભાવમાં રહીને સેવા કરતાં કરતાં આત્મ આરાધના કરીને જીવનને સાર્થક બનાવ્યું.

એ ગોજારો દિવસ - વર્ષ 2018 ની ચૈત્ર માસની આયંબિલની ઓળી, બોરીવલી-મુંબઈનું એ વૈયાવચ્ચધામ, જ્યાં પૂજ્ય મહાસતીજીને માથામાં અસહ્ય દુ:ખાવો ચાલુ થયો. બોરીવલી સંઘના સહયોગે તેમજ શ્રી જ્યોતિબેનની ભાવનાથી અજમેરા હોસ્પિટલમાં પૂજ્ય મહાસતીજીનું સીટી સ્કેન અને એમ.આર.આઈ કરાવ્યું. એ દરમ્યાન શ્રી સુરેશભાઈ અને શ્રી વર્ષાબેનની ભાવનાથી રાષ્ટ્રસંત પૂજ્ય ગુરુદેવશ્રી સાથે પૂજ્ય મહાસતીજીના સ્વાસ્થ્ય સંબંધી વાત કરતાં એમની આજ્ઞાથી પૂજ્ય મહાસતીજીને અજમેરા હૉસ્પિટલમાંથી લીલાવતી હોસ્પિટલમાં શીફ્ટ કરવામાં આવ્યાં. જ્યાં ટ્રસ્ટીઓના સહયોગ અને પુરુષાર્થથી પૂજ્ય મહાસતીજીની સુવ્યવસ્થિત રૂપે ટ્રીટમેંટ કરવામાં આવી.

લીલાવતી હોસ્પિટલમા સારવાર દરમ્યાન ડૉકટર્સની સલાહ મુજબ ઑપરેશન કરાવવાનું નક્કી કરવામાં આવ્યું, પરંતુ કુદરતની કરણી સામે આપણી ઈચ્છાઓ કદી કોઈ વિસાતમાં નથી હોતી. શરીરમાં સોડિયમની વૃધ્ધિ ન થવાના કારણે ઑપરેશન શક્ય ન બન્યું. આ બાજુ આયુષ્યના અણુબંધો પણ ઘટતાં ગયાં, કુદરત એની કરણી કરી રહ્યું હતું.

પૂજ્ય મહાસતીજીની પરિસ્થિતિથી વાકેફ થઈને રાષ્ટ્રસંત પૂજ્ય ગુરુદેવશ્રીએ આજ્ઞા કરતાં પૂજ્ય શ્રી મીનાબાઈ મહાસતીજીને બુધવારતા. 11.04.2018ના દિવસે પાવનધામ-કાંદિવલી ખાતે લાવવામાં આવ્યાં. અહીં પણ ડૉકટર્સ અને આસિસ્ટન્ટ સાથેની જાણે હોસ્પિટલ ઉભી થઈ ગઈ.

અંતે એ દુ:ખદ દિવસ પણ આવી ગયો... પૂજ્ય મહાસતીજી જીવનની અંતિમ ઘડીઓ ગણવા લાગ્યાં. એમના શ્વાસની ગતિ ધીમેધીમે મંદ પડવા લાગી. એ દિવસે વહેલી સવારના જ શાસ્ત્રદિવાકર પૂજ્ય શ્રી મનોહરમુનિ મહારાજ સાહેબ તથા યુવા સંત પૂજ્ય શ્રી પારસમુનિ મહારાજ સાહેબ પાવનધામ પધારી ગયાં હતાં. પૂજ્ય શ્રી મનોહરમુનિ મહારાજ સાહેબે સવારના 6:45 કલાકે પૂજ્ય મહાસતીજીને સંપૂર્ણ આલોચના સાથે સંથારાની અંતિમ આરાધના કરાવી.

બરાબર સવારના 7:45 કલાકે પૂજ્ય શ્રી મીનાબાઈ મહાસતીજીનો આત્મા નમસ્કાર મંત્રમાં લીન બનીને સંથારાના ભાવ સાથે ચાર શરણ અંગિકાર કરતાં સમાધિ ભાવને પ્રાપ્ત કરી ગયો.

માત્રને માત્ર 17 દિવસની બીમારીમાં પૂજ્ય મહાસતીજીની જીવનલીલા સંકેલાઈ ગઈ, પરંતુ એ 17

પાવનધામમાં ગુણાનુવાદ સભા

દિવસમાં માથાના અસહ્ય દુ:ખાવામાં પણ પૂર્ણ સમાતાભાવ અને જે થાય છે તે દેહને થઈ રહ્યું છે મારા આત્માને કશું જ નહીં એવા ભાવોમાં રમણ કરતાં કરતાં પૂજ્ય મહાસતીજીનો આત્મા 'જિનેશ્વરાય જિનેશ્વરાયની નિરંતર ધૂનની વચ્ચે 42 વર્ષના દીક્ષા પર્યાયનું શુધ્ધભાવથી પાલન કરીને અનંતની યાત્રાએ પ્રયાણકરીગયો.

પૂજ્ય શ્રી મનોહરમુનિ મહારાજ સાહેબ, પૂજ્ય શ્રી પારસમુનિ મહારાજ સાહેબ, પૂજ્ય શ્રી સુમતિબાઈ મહાસતીજી, પૂજ્ય શ્રી ઊમિબાઈ મહાસતીજી, પૂજ્ય શ્રી પુનિતાબાઈ મહાસતીજી આદિ, પૂજ્ય શ્રી પ્રબોધિકાબાઈ મહાસતીજી, પૂજ્ય શ્રી વિદુબાઈ મહાસતીજી, પૂજ્ય શ્રી રૂપલબાઈ મહાસતીજી તેમજ પૂજ્ય શ્રી શ્રીદત્તાબાઈ મહાસતીજી આદિ ઠાણા પણ ઉપસ્થિત રહ્યાં હતાં.

પાલખીયાત્રા અને ગુણાનુવાદ સભા પાવનધામ શ્રી સંઘનાં આંગણે વિશાળ ભાવિકોની ઉપસ્થિતિમાં સંપન્ન થયેલ. સંસારી પરિવારજનો શ્રી લાખાણી પરિવાર, શ્રી રૈયાણી પરિવાર અને શ્રી શેઠ પરિવાર અને પાવનધામ સંઘના કાર્યકર્તાઓ સેવા-વૈયાવચ્ચનો લાભ લઈ ધન્ય બનેલ.

પૂજ્ય શ્રી મીનાબાઇ મ. 63 વર્ષની ઉંમરમાં દીક્ષા લીધાં પછી 47 વર્ષ સુધી ગુરુણી પૂજ્ય શ્રી રાજેમતીબાઇ મ.નો પડછાયો બનીને રહ્યાં હતાં.

Balwant G. Parekh 98200 65056 amish.p41@gmail.com Amish B. Parekh 98200 52556

Shantinath Industries

Manufacturing : Lighting Luminaries
Labour Job : Powder Coating and Vitreous Enamelling

We are manufacturing for allleading Lighting Companies such as "Wipro Ltd., Bajaj Electricals Ltd., Crompton Greaves Ltd.,"

Unit II, B-2/2, Opp. Sanghavi Garden,Sagaon M.I.D.C Phase Manpada Road, Dombivli (E), Dist. Thane - 421 204.

JENAM ENTERPRISES PVT. LTD.

Raju Bhai 91 93201 41945 | Amit 98198 99400 | Hardik 90969 94466

IRON AND STEEL TRADERS & IMPORTERS

Email : jenamenterprisespvtltd@gmail.com

Sale Office : 50/A Baroda Street, camac Bunder, Mumabi : 400 009.
Phone : 022 - 3029 7002 / 3029 7056 Fax : 022 -3029 7038

We give IDENTITY to Product

RUSH IN TO THE WORLD OF EXCITING LABELS
SPECIALLY DESIGNED FOR YOUR PRODUCT

SCREEN LAND PRINT INDIA PVT LTD

No.51, Krishnappa Agraharam Street, (Near George Town Co-operative Bank) Kondithope, Chennai - 600 079 TN, India Phone : +91-44-2520 9874 / 2596 / 6791, Email : info@screenland.in Web : www.screenland.in

Stickers & Holograms

www.screenland.in

Rashmikant Desai - 93240 87750 E-mail : fineeyecare@gmail.com

BETTER EYE CARE BEST EYE WEAR

FINE EYE CARE
Eye Consultants & Optical Gallery

COMPUTERISED EYE TESTING, QUALIFIED OPTOMETRIST, CONTACT LENSES & LOW VISION CLINIC

Opp. Shankar Cinema , Tilak Nagar, Chembur, Mumbai - 400 089. Tel.: 2527 7444

Since-1954 FV

Hardik Desai - 93210 29293

FINE FINE FINE & ALL FINE TO YOU

FINE VISION
Ophthalmic Optical Equipment & Lenses

384 - M, Dabholkar Wadi, Kalbadevi Road, Mumbai - 2. Tel.: 2203 7444, 2205 7444, Fax : 2200 7444

Website : www.finevision.in/ E-mail : finevisn@vsnl.com

www.elitegogas.com

BLAST PROOF LPG CYLINDER NOW IN INDIA

go gas élite
Blast Proof LPG Cylinder

BLAST PROOF LPG CYLINDER

WANTED DISTRIBUTORS & DEALERS ALL OVER INDIA

APPROVED APPROVED APPROVED
by Govt. Authorities

Blast Proof

Heavy resin layer made of world class technology, assures 100% blast proof. it does not expand unlike matals, thus, save lives. A complete safety for family.

LIGHT IN WEIGHT

Being almost half the weight of conventional metal cylinders, it gives convenience to move, no trouble on spine health & no damage to floor.

VISIBLE GAS LEVEL

Translucent material slot helps to gauze the level of liquid gas inside the cylinder. ensures right weight, no theft & freedom from sudden emptiness.

RUST FREE ELEGANT DESIGN

Handles, regulator space, attractive color & elegant design gives aesthetic value & convenience with outer casing that suits for rough handling.

AFFORDABLE

The right fuel combination in this safe & convenient cylinder of world class technology that was used world over, gives value for money & saves cooking time.

RELIABILITY

With over 20 yrs experience, india's largest cylinder manufacturer having plants in 22 states. We are capable to deliver trustworthy services.

INDIA'S LEADING GREEN FUEL CRUSADER

Confidence Petroleum India Limited
4th Floor, Landmark, Above BigBazar,
Wardha Road, Nagpur-12
Ph. No.7666 5555 60

MOVING WITH Confidence GROUP

NITIN KHARA NALIN KHARA ILESH KHARA

Registered with Registrar of Newspapers under RNI NO. MAHGUJ/2008/37878
Postal Registration No. MCN/94/2017-2019 Published on 5th of every month
Licensed to post without prepayment, WPP license No. MR/Tech/WPP-157/North/2018
JAIN KRANTI - Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai-1. Posting date 5/6-05-2018

Inspired by
Rashtrasant Pujya Gurudev
Shree Namramuni Maharaj Saheb

ARHAM YUVA SEVA GROUP
PAROPKAR SE PARMATMA

Spreading
Colours of Humanity

ProbOOk

Progress with Positivity

PROJECT DONOR'S

Late Smt. Neelaben Chandrakantbhai Mehta
Late Shri Vinodbhai Narsidas Mehta
Kumar Tej Piyush Modi
Kumar Vatsal Doshi
Kumari Labdhi Doshi
Smt. Madhuben Pritamlal Modi
Smt. Sadhanaben Sattishbhai Mehta
Smt. Gunvanti Suryakant Desai Barsi
Smt. Chhayaben Bipinbhai Desai
Shri Chetanbhai Shah

Education is the Passport to **Success**

Arham Yuva Seva Group
Regd. Off: C/o. Parasdham Bldg., 1st Floor, Vallabh Baug Lane, Ghatkopar (East), Mumbai 400 077. Tel.: 022 - 25015354 • www.arham.org • Email: info@arham.org
/AYSGIndia

A4 Book : ₹ 260/dozen **Jumbo small Book : ₹ 160/dozen** **Long book : ₹ 220/dozen**